ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

Vol No.:9 - ISSUE : 12 • March 2022 • PAGES : 56 • PRICE 30/-
ગુજરાતી અંગ્રેજી વર્ષ : ૯ (કુલ વર્ષ ૯૩) અંક : ૧૨ • માર્ચ ૨૦૨૨ • પાનાં : ૫૬ • કિંમત : ૩૦/-



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈનઃ ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈનઃ ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશનઃ ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધઃ**


- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.

- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઇમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરનાં સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | આપણો તરાપો, આપણા હલેસાં ચાલો રે ભાઈ ચાલો | સેજલ શાહ | ૦૩ |
| ૨. | માંહી પડ્યા તે મહાસુખ માણે | કુમારપાળ દેસાઈ | ૦૬ |
| ૩. | મનુષ્યત્વને ઉજાળનાર મણિભાઈ સંઘવી | સેજલ શાહ | ૦૯ |
| ૪. | વાત ફાગણ મહિનાની | આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ | ૧૦ |
| ૫. | દાતાર અને કૃપણમાં ચડિયાતું કોણ? | વિજયપૂર્ણચન્દ્રસૂરિશ્વરજી મહારાજ | ૧૨ |
| ૬. | અજ્ઞાન અને દુઃખની સમસ્યા | ભાણદેવજી | ૧૪ |
| ૭. | આવો મળીએ નોખા કલાકાર ભાવનાબેન ભેદાને | માનસી વોરા | ૧૬ |
| ૮. | Bhava Chakra to Dhamma Chakra (Vipassana's way) | Lax Kenia | ૧૮ |
| ૯. | ભવભૂતિનું ઉત્તરરામચરિત | નિરંજના જોશી | ૨૨ |
| ૧૦. | જૈન ભૂગોળ-ખગોળ અને બ્રહ્માંડ | શ્રી વિજયનંદિઘોષસૂરિજી મહારાજ | ૨૭ |
| ૧૧. | અષ્ટોત્તરી તીર્થમાળા | અભય દોશી | ૩૦ |
| ૧૨. | તિરૂકકુરળ ચિંતલિકા-૫ | પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ. સા. | ૩૫ |
| ૧૩. | સુખના ચાર તબક્કા! | જાદવજી કાનજી વોરા | ૩૬ |
| ૧૪. | માતૃભાષા એક વિચારમંથન | બીના પ્રહરાજ/હેતલ મિસ્ત્રી/પ્રમોદ સંપટ | ૩૮ |
| ૧૫. | સાવ સહજ | ગુલાબ દેઢિયા | ૪૨ |
| ૧૬. | ગાંધી મનન યાત્રા | સોનલ પરીખ | ૪૩ |
| ૧૭. | જ્ઞાન સંવાદ - ૧૫ | પાર્વતીબેન ખીરાણી | ૪૫ |
| ૧૮. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન છાડવા | ૪૬ |
| ૧૯. | Bodhi-Durlabha Bhavna | Prachi Shah | ૪૮ |
| ૨૦. | ચિંતન : ઉછેર – સંસ્કારોની કેળવણી | સુનીતા ઈજ્જતકુમાર | ૫૦ |
| ૨૧. | પાડોશી | રતિલાલ બોરીસાગર | ૫૨ |
| ૨૨. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૫૩ |
| ૨૩. | ભાવ-પ્રતિભાવ | | ૫૪ |
| ૨૪. | અતીતની બારીએથી આજ | બકુલ ગાંધી | ૫૫ |
| ૨૫. | જો મારો હોય અંતિમ પત્ર તો... | મધુસૂદન વ્યાસ | ૫૬ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) : માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૮ • વીર સંવત ૨૫૪૮ • ફાગણ સુદ - ૧૩

માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

**તંત્રી સ્થાનેથી...**

## આપણો તરાપો, આપણા હલેસાં ચાલો રે ભાઈ ચાલો

**સ**તત, નિયમિત ચાલતા પ્રવાહમાં અનુકૂળ થઈને ચાલવાની કવાયત શીખવાથી બધુ જ લયબધ્ધ લાગે છે અને લયબધ્ધ રહેશે તેમ પણ લાગે છે. તાબેદાર બનીને સલામત રહેવું છે કે જરાક પોતાને જગાડીને સત્યની સાથે રહેવું છે. 'સત્ય' સંઘર્ષ કરાવે, પરીક્ષા લે પણ સંતોષ આપે છે. દક્ષિણ આફ્રિકામાં ગયેલા ગાંધીજીને જ્યારે ત્યાંના લોકો કહે છે કે, અહીં તો આમ જ ચાલે છે, ત્યારે તેઓ 'આમ જ ચાલતી' એ પરિસ્થિતિનો ભાગ બનવાને બદલે સત્યની સાથે ઊભા રહે છે. જાણું છું, માનું છું અને સમજું છું કે આપણી અતિપ્રિય વ્યસ્તતાની વચ્ચે આપણને આ બદલાવ લાવવામાં કે સત્યની સાથે ઊભા રહેવામાં રસ ન પડે, વ્યવહારિક પરિસ્થિતિનું બલિદાન આપવું પડે. મનને, બુધ્ધિને સજાગ કરી સત્યને પામવું પડે, તપાસવું પડે અને અનુસરવું પડે. પણ આમ કરવું જરૂરી છે. મનુષ્ય તરીકેની આપણી ફરજ છે. આજે તમારી સાથે ત્રણ ભિન્ન ભૂમિકાએ વાત કરવી છે. એક તરફ હજી આપણે કોરોનાની મહામારીમાંથી નિયમિતતાના વિશ્વમાં પ્રવેશી રહ્યા હતા ત્યાં રશિયા અને યુક્રેનના યુધ્ધે આપણને હતપ્રભ કરી દીધા છે. સત્તા અને અહંકાર જ્યારે માઝા મૂકે છે ત્યારે વૈશ્વિક શાંતિ હણાય છે, મનુષ્ય જીવન ડામાડોળ થઈ જાય છે. આપણને આપણા નિયમિત જીવન પર કદાચ તેની કોઈ અસર ન દેખાય પણ યાદ રાખજો કે આની અસર આર્થિક બાબતો પર પડતી હોય છે જે જીવનમાં ખલેલ પહોંચાડે છે.

**અંકના સૌજન્ય દાતા**
**પૂજ્ય પિતાશ્રી મનુભાઈ દીપચંદ ધ્રુવ**
**તથા**
**પૂજ્ય માતુશ્રી મુક્તાબેનના ચરણકમળમાં**
**મહેન્દ્ર મનુભાઈ ધ્રુવ**

બીજી તરફ સત્ય અને સંઘર્ષ, સત્તા અને તેનું ઝનૂન કેટલું જોખમી છે કે ન પૂછો વાત! હમણાં એક બહેન મળવા આવ્યા હતા. તેમના ચહેરા પરની અકળામણથી તેમના અંતરમાં ડોકિયું કરવાનો પ્રયત્ન કર્યો. એક તરફ આક્રોશ અને બીજી તરફ લાચારી. તેઓ જ્યાં કામ કરતાં હતાં ત્યાં તેમના નામે પોસ્ટ આવે તેને તેમના ઉપરી અધિકારી ખોલતા, મોકલનારને ફોન કરીને આ પોસ્ટ શા માટે મોકલવામાં આવી છે, તેવું પૂછતાં. આ બહેન પોતાના બોસની આ પ્રકારની વર્તણૂકથી હેરાન થઈ ગયા હતા. તેમને પ્રશ્ન હતો કે મારી સ્વતંત્રતાનું શું? ૮મી માર્ચે નારીદિવસ આવશે, સમગ્ર વિશ્વમાં 'નારી સ્વતંત્રતા' વિશે વાતો થશે, નારીએ પગભર થવું જોઈએ, તે અંગે વાતો થશે, નારીના ત્યાગ, સમર્પણ

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭, એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

અને બીજી ઘણીય વાતો થશે. આપણે સ્વતંત્રતાની વાતો કરીએ છીએ, શું આપણે સ્વતંત્રતા આપી શકીએ છીએ ખરા? શું કોઈ પણ વ્યક્તિ કોઈને પણ સ્વતંત્રતા આપી શકે ખરી?

ઉપરનો પ્રસંગ સાંભળી મારી આંખ ભીની થઈ ગઈ. વ્યક્તિ સ્વતંત્રતા મૂલ્ય શું? 'પેગાસસ' પર ચર્ચા કરતા, તેનો વિરોધ કરતાં આપણે નાનકડી બાબતો પ્રત્યે પણ કેમ જાગૃત ન બની શકીએ? તમારા કહેવાતા ઓફિસના બોસ તમારું પાર્સલ ખોલે, તમને મોકલનાર વ્યક્તિને ફોન કરીને કારણોની તપાસ કરે, એવા ઊભા કરેલા પીંજરાને એ બહેને પોતાની લાચારીને કારણે સહન કરી લીધું. પણ એ બહેનનો પ્રશ્ન મારો પીછો નથી છોડતું, 'મેં મારી સ્વતંત્રતા માટે નોકરી કરવાનું પસંદ કર્યું પણ નોકરીની તાબેદારી અને આ ઘટનામાં મારા અંગતવિશ્વ પર જે હુમલો થયો છે, તેને કયો કાયદો બચાવી શકશે?'

કોઈ એક ચોક્કસ દિવસની ઉજવણી કે કોઈ વ્યાખ્યાન બદલાવ નહીં લાવી શકે જ્યાં સુધી બદલાવ પાયામાંથી નહીં આવે. **આપણે સામેવાળી વ્યક્તિની સ્વતંત્રતાને આદર આપતા શીખવું પડશે.** વસ્તુ પર, મનુષ્ય પર કાબુ મેળવી લેવાની માણસની તીવ્ર ઝંખના તેને આંધળો બનાવી રહી છે.

વ્યક્તિ સ્વાતંત્ર્ય એ અત્યંત મહત્વનો મુદ્દો છે. આજે માણસ જેમ જેમ સમૃધ્ધિ તરફ જઈ રહ્યો છે, તેમ તેમ તેને પોતાનું અધિકારક્ષેત્ર વિસ્તારવું છે. તે જો સર્જનનું સમર્થન નહીં કરે અને પોતાના કાબૂને નહીં છોડે તો તે નિર્મળતાનું વિશ્વ મલિન કરી રહ્યો છે.

દરેક નવું યંત્ર મનુષ્યને વધુ નશાયુક્ત બનાવે છે. જન્મ અને મરણ સુધ્ધા પર કાબુ મેળવવા તે અધીરો થયો છે. આવા સમયે જરાક ધીમા પડવાની જરૂર છે. જે જેમ છે, તેને તેમ સ્વીકારવાને બદલે જરાક જુઓ, જો તમને લાગે કે તે અયોગ્ય છે તો તેનો વિરોધ કરો, તે પરિસ્થિતિમાંથી નીકળી જાઓ પણ 'સબ સલામત હૈ'નો ખોટો નારો ન લગાડ્યા કરો.

વ્યક્તિગત સ્વતંત્રતાનું મૂલ્ય ખૂબ મોટું છે. તેના ભોગે ક્યારે પણ કંઈ મેળવવાનો પ્રયત્ન થાય અને મળી પણ જાય તો પણ તેની પ્રાપ્તિ ક્ષણિક કે ક્ષુલ્લક રહેવાની. આજે માણસને બાહ્ય ઘોંઘાટમાં આંતરિક શાંતિની કોઈ પડી નથી કદાચ! બહારના ઘોંઘાટ સાથે તેને પોતાનો લય ભેળવી દીધો છે, હાંક્યે જવાનું છે. જ્યાં સમૂહ છે, મોટું ટોળું છે, ત્યાં ભળી જશે અથવા જ્યાં ખૂબ ઘોંઘાટ હશે ત્યાં ભળી જશે અથવા જ્યાં તેને અનુકૂળતા લાગશે ત્યાં ભળી જશે. આમ તેને પોતાના અંતરનાદને ન સાંભળવાનું નક્કી કરી લીધું છે. પોતે જ પોતાના અવાજને ન સાંભળે અને પોતે ખૂબ જ સુખી છે, તેમ ભ્રમમાં જીવતાં મનુષ્ય પર તમે વિશ્વાસ કઈ રીતે કરશો?

છેલ્લે એક વાત કોઈ માણસ કોઈના મોક્ષનું કારણ નથી બની શકતો, તે માત્ર નિમિત્ત બની શકે, કારણ નહીં! આજકાલ અનેકવાર તમને એવા લાલચુ પ્રલોભનો મળે છે કે તમારા સિધ્ધત્વના દ્વારા અમારી સાથે રહેવાથી ખુલી જશે. આ આપણી પોતાની યાત્રા છે, દ્રાક્ષ ખાટી છે કે મીઠી તે પોતે જ ચાખીને જોવું પડશે, પોતાના ચરણ દ્વારા ચાલવું પડશે, પોતાના પગ પર ફોલ્લાં પડશે, પોતે જ વેદના સહન કરવી પડશે. આ બધું જ પોતે જ કરવું રહ્યું. હું કોઈની આંગળી પકડીને ચાલુ. તે મને રસ્તો દેખાડે, પણ તે મને પોતાના ખભા પર ઉપાડીને મારો રસ્તો પાર ન કરાવે. મેં કરેલા કર્મોના ફળ પ્રમાણે જ મને મારો રસ્તો મળશે. મેં વાવેલા બીજ પ્રમાણે મને ફળ મળશે. પરીક્ષા થાય, હારી પણ જવાય, દરેક વખતે જીત શક્ય નથી. પણ હાર્યા એટલે આપણે અસત્ય સાથે હતા તેવું માની લેવાની જરૂર નથી. પણ યાદ રાખવાનું છે કે આપણે સત્યને ઓળખીને એની સાથે રહેવાનું, ત્યાં જે જે કસોટી થાય તેને પાર ઉતરવાની છે. શ્રધ્ધા અખંડ રાખવાની છે. જ્યાં સત્ય છે તે જ આકાશમાં પ્રકાશ થશે, બાકી જે થશે એ તો ક્ષણિક ઝગમગાટ હશે.

આજે અનેકવાર સત્યને દંભનું મહોરું પહેરેલું પણ જોઉં છું. પોતાના દંભથી એક ભ્રામક વિશ્વ ઊભું કરેલું છે. આજથી થોડા વર્ષો પહેલા જે વાતચીત, વ્યવહારમાં સ્પષ્ટતા હતી તેને બદલે હવે વિશેષણોનો ઉપયોગ વધ્યો છે. બાહ્ય ક્રિયાપદને બદલે તેના આભૂષણોને વધુ મહત્વ આપે છે, આ આખી પરિસ્થિતિ ચેતવનારી છે.

સત્યને કોઈ આવરણની આવશ્યકતા નથી. એ સ્વયંભૂ અને સ્પષ્ટ રીતે વ્યક્ત થાય એટલે તો મોક્ષ નક્કી. કોઈ કોઈને જ્ઞાન અપાવી શકે નહીં, મોક્ષ આપી શકે નહીં, એ તો માર્ગ દેખાડશે અને ભાવક / શ્રાવકની પોતાની જેટલી ક્ષમતા હશે એટલો તે વધુ દૈદીપ્યમાન બનીને પ્રગટી શકશે. સત્ય જ્યાં છે ત્યાં દંભ ન હોઈ શકે. દંભ મનુષ્યને છેતરે છે, સ્વપ્નો દેખાડે છે, વાસ્તવિકતાથી દૂર કરે છે. જેને એકવાર આ મહોરું મળી જાય પછી તેને પહેરીને તે આખા સમાજમાં ફર્યા કરે, અને એટલો દંભ વધે. પણ યાદ રાખજો જ્યાં ટોળાં હોય ત્યાં જ સત્ય હોય એવું માનવાથી કદી ભૂલ ન કરવી. બીજું, સત્ય કોઈ એક પક્ષ કે સંસ્થાના તાબામાં હોય એવું

નથી બનતું. એ સર્વજન માટે, સર્વજનના હિતાય માટે હોય, એને રંગ, જાતિ અને આદિ ભેદમાંથી મુક્તિ મળે છે. આપણે તેને ફરી રંગ ચડાવીને શણગારયુક્ત કરવાની જરૂર નથી અને શણગાર એ તો દંભ છે, ભ્રમ છે. આપણે એ પણ વ્યવહારિક રીતે સ્વીકારી લઈએ કે દંભ કે ભ્રમ આપણને કાયમી સુખ નહીં આપે.

જે ટાપુ પર છો તેના પર શ્રધ્ધા રાખી પોતાનો તરાપો કાઢો અને હલેસાં મારવા માંડો. તમારા તરાપામાં હલેસાં કોઈ મારે અને તેને તમારો વિજય સમજવાની ભૂલ ન કરતાં.

❑ **ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

પ્રબુદ્ધ જીવન ન મળ્યું હોય તો તુરંત સંપર્ક કરો : કાર્યાલયની ઓફિસ અથવા મેલ કરો,

(૧) sejalshah702@gmail.com

મેલમાં તમારો ગ્રાહક નંબર અને સરનામું જરૂર લખશો.

પ્રબુદ્ધ જીવન સામયિક માટેનો સમગ્ર પત્રવ્યવહાર, લેખ તંત્રીના સરનામે મોકલવા.

**સરનામું :**
૧૦/બી, ૭૦૨, અલીકા નગર,
લોખંડવાલા કોમ્પલેક્ષ, આકુલી રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.

# વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોની તા. ૪-૧૨-૨૦૨૧ના રોજ યોજાયેલી વાર્ષિક સામાન્ય સભા, જે મુલતવી રાખવામાં આવી હતી તે **સોમવાર તા. ૨૫-૩-૨૦૨૨ના રોજ સાંજે ૪.૦૦ વાગે સમ્રાટ હોટલના ઉમંગ હોલમાં, ચર્ચગેટ ખાતે મળશે.** જેમાં નીચે પ્રમાણે બાકી રહેલા કામકાજને હાથ ધરવામાં આવશે.

(૧) સન ૨૦૨૨-૨૦૨૩નાં વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવી.

(૨) સન ૨૦૨૨થી ૨૦૨૩નાં બે વર્ષ માટે પદાધિકારી અને કાર્યવાહક સમિતિના સભ્યોની સંઘના બંધારણ મુજબ નિમણૂક કરવી. ચૂંટણી માટેનું ફોર્મ ઓફિસમાં ઉપલબ્ધ રહેશે. જેમને પણ આ ચૂંટણીમાં ભાગ લેવાની ઇચ્છા હોય, તેઓ પોતાની અરજી ૨૨ માર્ચ સુધીમાં ઑફિસ પર પહોંચાડી દે.

(૩) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજૂઆત.

---

સાથે જણાવવામાં આવે છે કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોની અસાધારણ સામાન્ય સભા **સોમવાર, ૨૫-૦૩-૨૦૨૨ના રોજ સાંજે ૫.૦૦ વાગે સમ્રાટ હોટલના ઉમંગ હોલમાં, ચર્ચગેટ ખાતે મળશે.** આ મિટીંગ સાંજે ૫.૦૦ કલાકે નીચે મુજબના કામકાજ માટે યોજાશે.

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે વ્યવસ્થાપન અને વહીવટની ડ્રાફ્ટ સ્કીમ પર વિચારણા, ચર્ચા અને મંજૂર કરવા બાબત.

સચિવ, મેનેજમેન્ટ અને એડમિનિસ્ટ્રેશનની ડ્રાફ્ટ સ્કીમ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો દ્વારા અવલોકન માટે તારીખ ૧૯થી ૨૨ માર્ચ ૨૦૨૨ના રોજ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ વાગ્યા સુધી સંઘની ઓફિસમાં ઉપલબ્ધ રહેશે.

**નીરૂબેન એસ. શાહ**
**ડૉ. સેજલબેન શાહ**
**મંત્રીઓ**

**કાર્યાલયનું કામચલાઉ સરનામું:**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,**
૧૦૫, રૂપરાજ બિલ્ડીંગ, પહેલો માળ, ૪૯૭,
એસ.વી.પી. રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯

# મારો અસબાબ –૧૧

# માંહી પડ્યા તે મહાસુખ માણે


પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ


ચિત્તમાં સંગ્રહાયેલી ગુરુની મધુર સ્મૃતિઓનું પુનઃસ્મરણ કેવો આનંદવિહાર કરાવે છે! કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે અતીતની યાદગાર સ્મૃતિ ચિત્તમાં જાગે, ત્યારે એ આનંદભર્યું દૃશ્ય મનઃચક્ષુ સમક્ષ પ્રત્યક્ષ થઈ જાય છે. આશ્ચર્ય લાગે, પણ જીવનની એક મધુર સ્મૃતિ તાળીઓ સાથે સંકળાયેલી છે. વાત તો એવી હતી કે અમદાવાદની એચ. કે. આર્ટ્સ કૉલેજના શેઠ ચીમનલાલ સભાગૃહમાં કૉલેજનો વાર્ષિક પારિતોષિક વિતરણનો સમારંભ હતો. એ સમયે યુ.જી.સી. આયોજિત નિબંધસ્પર્ધામાં રવીન્દ્ર મેડલ કે પછી ફાધર ડિસોઝાનો સમાજશાસ્ત્રવિષયક ચંદ્રક એવા ચારેક ચંદ્રકો મને પ્રાપ્ત થયા. વખતોવખત નામ જાહેર થયું અને ચારેક વાર મંચ પર જવું પડ્યું. એ સમયે સભાગૃહની આગળની બેઠક પર મારા ગુજરાતી વિષયના અધ્યાપક નગીનદાસ પારેખ બેઠા હતા. આ ચારેય વખત હું ઊભો થઈને મંચ તરફ ગયો, ત્યારે એમને સતત તાળીઓ પાડતા જોયા હતા. મારે મન ચંદ્રકો કરતાં ગુરુના આ આનંદની અભિવ્યક્તિનું વિશેષ મહત્ત્વ હતું. એનું કારણ એ હતું કે મારા અધ્યાપક નગીનદાસ પારેખ એક આગવી પ્રતિભા ધરાવતા અધ્યાપક અને વિદ્વાન હતા.

એચ. કે. કૉલેજમાં અભ્યાસ કરતો, ત્યારે એમના વર્ગમાં ગણ્યાં-ગાંઠ્યા વિદ્યાર્થીઓ હોય. એ સમયે પહેલી બેન્ચ પર બરાબર અધ્યાપક શ્રી નગીનદાસ પારેખની સામે બેસવાનો લ્હાવો ક્યારેય ચૂકતો નહીં. એ દિવસોનું સ્મરણ આજેય તાજું છે કે વહેલી સવારે ખાદીનાં સાદાં સફેદ કપડાં, એકવડું શરીર, હાથમાં ખાદીની થેલી અને કોઈ પણ ઋતુ હોય તો પણ માથે છત્રી ધારણ કરી એકધારી મક્કમ ઝડપે શ્રી નગીનદાસ પારેખ એચ. કે. આર્ટ્સ કૉલેજના પ્રાંગણમાં પ્રવેશતા હોય.

સવારે સાડા પાંચ વાગે ઊઠે. રોજ એકધારી નિયમિતતાથી કૉલેજ આવે. એ પછી બપોરે થોડો આરામ લઈ વળી પાછા કામ પર બેસી જાય. ઘરમાં કે કૉલેજમાં બેસવાનું ટટ્ટાર. ખુરશી પણ હાથા વિનાની હોય.

એ સમયે કૉલેજનો કૉમનરૂમ રિસેસના સમયમાં ઘોંઘાટનો દરિયો બની જતો. એક વિશાળ ખંડમાં પચાસ જેટલા અધ્યાપકો હોય. વિદ્યાર્થીઓ પણ રિસેસમાં અધ્યાપકોને મળવા ખંડમાં ધસી આવ્યા હોય. ખૂણામાં સ્ટવ પર ચા બનાવાતી હોય અને એનો ધમધમતો અવાજ ખંડના વાતાવરણમાં એક ઉષ્મા ફેલાવતો હોય. પટાવાળાઓ ફરતા હોય, વચ્ચે વચ્ચે પ્યાલા અને રકાબીઓનો ખડખડાટ કાનને અથડાતો હોય.

આવા કોલાહલ વચ્ચે નગીનભાઈ પોતાના ટેબલ પાસે બેઠાં બેઠાં કામ કરતા હોય. કશુંક વાંચતા હોય, ક્યારેક કોઈ નોંધ કરતા હોય. આજુબાજુ આટલો બધો ઘોંઘાટ છતાં એનાથી લેશમાત્ર ચલિત થયા વિના જાણે કોઈ સ્થિતપ્રજ્ઞ બેઠા હોય તેમ તેઓ એમનું કામ કરે જતા. ક્યારેક સ્ટાફરૂમમાં અવાજ વધી જતો, તો 'શાંત રહેશો' એવા નગીનભાઈના બે શબ્દોથી સર્વત્ર શાંતિ છવાઈ જતી.

આમ જોઈએ તો એમની મોટી આંખો, અણિયાળું નાક, માથે ગાંધી ટોપી અને પાતળો દેહ એ એમની દૃઢતાનાં સૂચક હતાં. પહેલી વાર મળીએ, ત્યારે શુષ્ક અને કડક લાગે અને એમનો શાંત અને સ્વસ્થ ચહેરો જોઈને એવું પણ થાય કે સાહેબ, કેટલા બધા અતડા છે, પરંતુ એ વિદ્યાર્થી હોય, અધ્યાપક હોય, આચાર્ય હોય, કોઈનીય સામે કશા ઠાલા-ઉપચાર કરતા નહીં. એમના હૃદયમાં ઉમળકો હોય તોપણ એ ઊભરાને પ્રગટ કરતા નહીં, પણ સહેજ નજીક જાવ એટલે એ તમને પોતાના કરી લે.

એમણે મને અભ્યાસાભિમુખ તો કર્યો, પણ જેમ જેમ પરિચય વધતો ગયો તેમ તેમ જીવનાભિમુખ પણ કર્યો. જેમ તેમની નજીક જાવ, તેમ તેમ તેમની સાત્ત્વિક લાગણીઓ સુઘડ વ્યવહાર અને ચીવટભરી નિષ્ઠા વશ કરી લેતી. એમની પાસે અભ્યાસ કરીએ, ત્યારે વર્ગમાં કે એમના નિવાસસ્થાને સાદાઈ, દૃઢતા અને વિદ્વત્તા – એ ત્રણેયનું એવું સાન્નિધ્ય અનુભવાતું કે આપણી જીવનદૃષ્ટિમાં આપોઆપ ઉમેરણ થતું રહેતું.

એમને ઘેર પણ જાવ, ત્યારે એ તમને એ વિષય પર નિરાંતે શીખવે, પરંતુ એ અભ્યાસક્રમમાં જેટલું શીખવતા એનાથી વધારે એમની જીવનપદ્ધતિમાંથી શીખવા મળતું. શરૂઆતમાં તો એમ થતું કે સાહેબને કઈ રીતે મળી શકાય? વાત કઈ રીતે કરવી? એ જાકારો આપશે તો? પરંતુ એક વાર એમને મળ્યા પછી 'માંહી પડ્યા તે મહાસુખ માણે' એવો અનુભવ થતો.

એમની અધ્યાપનશૈલી પણ પ્રભાવિત કરતી રહી. અધ્યાપક તરીકે તેઓ પહેલાં પોતે જે વિષય શીખવવાનો હોય તેને બરાબર સમજી લે. જરૂર લાગે તો જુનિયર હોય એવા અન્ય વિષયના અધ્યાપકને

પણ સામે ચાલીને પૂછવા જાય. મમ્મટનું 'કાવ્યપ્રકાશ' શીખવે. પાસે નોંધ રાખે અને વિદ્યાર્થીઓને સરળતાથી શીખવતા જાય. અઘરા ખંડો એવી સહેલાઈથી સમજાવે કે વિદ્યાર્થીને માટે એ વિષય સુગમ બની જતો. જરૂર પડે દૃષ્ટાંત આપે. એમણે આ બધું શીખવતાં – શીખવતાં જ સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ગ્રંથોનો અનુવાદ કર્યો. મમ્મટથી માંડીને અભિનવગુપ્ત સુધીના મીમાંસકોનો પહેલાં પોતે અભ્યાસ કર્યો પછી વિદ્યાર્થીઓને એનો અભ્યાસ કરાવ્યો. એમાંથી તો ગુજરાતને 'અભિનવનો રસવિચાર' જેવો તાત્ત્વિક સમીક્ષાનો ગ્રંથ મળ્યો. એ ઉપરાંત પણ એમણે 'ધ્વન્યાલોક', 'કાવ્યપ્રકાશ'ના અનુવાદો અને એનું વિવરણ આપ્યાં.

આટલી ગહન વિદ્વત્તા હોવા છતાં નમ્રતા પણ ભારોભાર ક્યારેક એમ કહેતા પણ સાંભળવા મળે 'સંસ્કૃત મને આવડતું નથી.' આમ પ્રભાવ પાડવા માટે એમણે ક્યારેય પોતાની વિદ્વત્તાનો ઉપયોગ કર્યો નહીં.

એમના જીવનમાં ગાંધીયુગના શિક્ષણની ભાવનાઓ મૂર્તિમંત થઈ હતી. નગીનભાઈની સાદાઈ એમની જીવનસાધનામાંથી ઊગી આવી હતી. જીવનના આરંભે ક્યારેક સાત રૂપિયામાં મહિનો પસાર કરવો પડે, છતાં ચહેરા પર કોઈ ચિંતા કે અભાવની રેખા જોવા ન મળે. ટેબલ પર એકેએક વસ્તુ વ્યવસ્થિત પડી હોય. ટાંકણી એની જગ્યાએ, શાહીનું ટપકું લૂછવાનો ગાભો કે શાહીચૂસ પણ એના સ્થાને. કોઈને પણ પુસ્તક આપે કે તરત જ નોંધ કરી લે. ઘરમાં પ્રવેશે તે પહેલાં બૂટ બરાબર લૂછે. બહારની ધૂળ ઘરમાં ન પેસે એની ચીવટ. પુસ્તકો, લખાણ પણ એટલાં જ વ્યવસ્થિત રાખે.

જીવનની આવી ચીવટ એમના અનુવાદકાર્યમાં પણ જોવા મળે. ટેબલ પર ચાલીસેક શબ્દકોશ પડ્યા હોય. એકે શબ્દ તેમની નજર ચૂકવીને અનુવાદમાં દાખલ થઈ શકે નહીં.

સાહેબને ગુજરાતી ભાષા માટે અગાધ પ્રેમ. પોતાના વિચારોને અંગ્રેજીમાં કહેવાનું પસંદ ન કરે અને સૌથી વધુ તો એ ખોટી જોડણી સહેજે ચલાવી લે નહીં. આજે તો આપણાં અખબાર, સામયિકો કે ટી.વી.માં પણ જોડણીની કોઈ દરકાર કરવામાં આવતી નથી અને ક્યાંક તો એવી દલીલ કરવામાં આવે છે કે હ્રસ્વ લખીએ કે દીર્ઘ લખીએ તેથી શો ફેર પડે છે? આ દુઃખદ પરિસ્થિતિ અને આવે સમયે શ્રી નગીનદાસ પારેખની ચીવટના એક-બે પ્રસંગ કહું.

અમદાવાદમાં ભદ્ર વિસ્તાર પાસે આવેલા વીજળીઘરના વિશાળ મકાન પર મોટા અક્ષરે પહેલાં 'વિજળીઘર' એમ લખેલું હતું. નગીનદાસભાઈ સતત આ સંસ્થાને ટકોર કરતા રહે. કહે છે કે એમના પત્રોથી કંટાળીને કંપનીએ આ સુધારો કર્યો!

કોઈ એમને પુસ્તક આપે અને તેઓ જો એ પુસ્તક વાંચે, તો પુસ્તકમાં રહેલા દોષો નોંધતા જાય. પછી લેખકને બોલાવે, એને એમણે શોધેલી ભૂલો બતાવે. એમણે સુધારેલું પુસ્તક એને આપી દે અને તેની પાસેથી નવું પુસ્તક લઈને પોતાની પાસે રાખે.

એક પાઠ્યપુસ્તક મંડળે પ્રસિદ્ધ કરેલા ચોથા ધોરણના ઇતિહાસના પુસ્તકમાંથી એમણે ઢગલાબંધ ભૂલો બતાવી. સરકારને સ્પષ્ટપણે કહ્યું કે ચોથા ધોરણનાં બાળકોને આવું ભૂલભરેલું પુસ્તક ભણવા માટે આપી શકાય નહીં. હકીકતનો સ્વીકાર કરવાને બદલે આ જ પુસ્તક ચાલુ રાખવાની પાઠ્યપુસ્તક મંડળે હઠ પકડી. પરિણામે એકસો હકીકત અને જોડણીના દોષોનું શુદ્ધિપત્રક ઇતિહાસના પુસ્તક સાથે જોડીને 'નવો ઇતિહાસ' રચ્યો! શ્રી નગીનભાઈ કહેતા કે ચોથા ધોરણનાં બાળકો માટેના પાઠ્યપુસ્તકમાં એકસો હકીકત-દોષોનું શુદ્ધિપત્રક જોડવું પડ્યું એથી વધુ એ પુસ્તકની અપાત્રતા માટે બીજો પુરાવો શો હોય!

ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ લેખક શ્રી જયંતી દલાલ પોતાનું નામ હ્રસ્વ ઇથી લખવાનો આગ્રહ સેવતા. એમના પ્રેસમાં શ્રી નગીનદાસ પારેખે અનુવાદ કરેલો 'રવીન્દ્ર નિબંધમાલા'નો પ્રથમ ખંડ છપાયો. પુસ્તક પૂરું થયા બાદ મુદ્રકના નામ તરીકે 'જયન્તિ દલાલ' નામ કંપોઝ થઈને આવ્યું. નગીનભાઈ જોડણીની આવી ભૂલ કઈ રીતે ચલાવે? એમણે તરત જ વાંધો લીધો. જયંતી દલાલ પોતાની વાતમાં મક્કમ રહ્યા. નગીનભાઈની દૃઢતા તો એથીય વિશેષ. એમણે તો સ્પષ્ટપણે કહ્યું કે મારા પુસ્તકમાં ખોટી જોડણી હું ચાલવા દઈશ નહીં. સામે જયંતી દલાલે કહ્યું કે તેઓ આગળનાં પાનાં તો છાપશે જ. જો એમ ન થાય તો આખા પુસ્તકનું છપાઈ – બિલ અકાદમી ચૂકવે નહીં. નગીનભાઈએ કહ્યું હું તો સાચી જોડણીવાળું પુસ્તક જ ઇચ્છું છું. એમાં કશો ફેરફાર નહીં. આખરે જયંતી દલાલે જયંતી જોડણી સ્વીકારી અને એ રીતે પુસ્તક પ્રગટ થયું.

આવા ગુરુ પાસેથી જીવનદૃષ્ટિ મળી અને વિરલ સાહિત્યસૃષ્ટિ પ્રાપ્ત થઈ. એક અર્થમાં કહીએ તો જેમ પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીના જીવનમાં સત્યની આરાધના જોવા મળી, તો નગીનદાસ પારેખના જીવન અને વ્યવહારમાં સત્યની પ્રતિષ્ઠા જોવા મળી. સત્ય અને તે પણ પૂર્ણ સત્ય. પોતાને જે લાગ્યું તે સ્પષ્ટપણે કહેવું. પછી તે જાણીતા લેખકની કૃતિ હોય, પોતાની પડોશમાં રહેતા નિકટના સ્વજન ઉમાશંકર જોશીની રચના હોય કે અન્ય કોઈની. એમના સત્યની પાછળ ક્યારેય કોઈ રાગ-દ્વેષ જોવા મળતો નહીં. એમનું સત્ય એ આકાશ જેવું વિશાળ હતું. એમાં પૂર્વગ્રહ કે પ્રાપ્તિની ઝંખનાનું નાનુંસરખું વાદળ પણ જોવા ન મળે.

સાહેબે કેટલાંયે વર્ષો સ્વતંત્રતાની ચળવળ વખતે જુદી જુદી

જેલમાં ગાળ્યાં હતાં, છતાં સ્વાતંત્ર્યસેનાનીનું પેન્શન લીધું નહીં. એમણે જીવનની એકેએક પળનો હિસાબ આપ્યો. ડાયરી એવી રીતે લખતા કે જાણે રોજના સમયનો હિસાબ આપવાનો ન હોય! એક બાજુ ગુજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ લીધું અને બીજી બાજુ શાંતિ નિકેતનમાં અભ્યાસ કર્યો. એક બાજુ કડક સત્યોપાસના અને બીજી બાજુ હૃદયનો રસતરબોળ કરે તેવો ભીતરનો ભાવ.

ગુજરાતને એમની પાસેથી ઘણું મળ્યું. ગુજરાતને રવીન્દ્રનાથ ટાગોરનો પરિચય નગીનભાઈએ કરાવ્યો. ગુરુદેવ રવીન્દ્રનાથને પ્રત્યક્ષ જોવા-સાંભળવાની એમને તક મળી. એમાંય ક્ષિતિમોહન સેન જેવા કવિવર ટાગોરના અંતરંગ સાથી પાસે રવીન્દ્રસાહિત્યનો અભ્યાસ કર્યો, સાથોસાથ બંગાળી સાહિત્ય પણ પુષ્કળ વાંચ્યું. ગુજરાતને રવીન્દ્રનાથ ટાગોર અને શરદબાબુની કૃતિઓથી એમણે ન્યાલ કરી દીધું. કવિવર રવીન્દ્રનાથ ટાગોરનાં કાવ્યો, વાર્તાઓ, નવલકથાઓ અને નાટકોના તો અનુવાદ કર્યા, પણ એથીય વિશેષ રવીન્દ્રનાથના નિબંધોના અનુવાદ કર્યા પરિણામે ગુજરાતને રવીન્દ્રપ્રતિભાનો પૂરો ખ્યાલ આપ્યો.

રવીન્દ્રનાથના વ્યાકરણ, રાજકારણ, અર્થકારણ, સમાજ અને ધર્મ વિશેના વિચારો દર્શાવતા નિબંધો પણ આપ્યા. બંગાળી લેખક ચારુચંદ્ર ચક્રવર્તી કે જેમણે 'જરાસંઘ' નામે લખેલી વિખ્યાત નવલકથા 'લોહકપાટ'નો 'ઊજળા પડછાયા, કાળી ભોંય' નામે અનુવાદ કર્યો.

અંગ્રેજી વિવેચનના ગ્રંથોનો શાસ્ત્રીય અનુવાદ આપ્યો, તો બીજી બાજુ એમણે 'ન હન્યતે' જેવી નવલકથાનો રસપૂર્ણ અનુવાદ આપ્યો. પંદર વર્ષની અનુવાદ સાધના પછી એમની પાસેથી ગુજરાતને બાઈબલનો સંપૂર્ણ અનુવાદ મળ્યો.

નગીનદાસ પારેખે ગુજરાતને દોઢસો જેટલાં પુસ્તકો આપ્યાં, છતાં તેઓ કહેતા કે 'હું તો મુખ્યતયા શિક્ષક છું અને માટે જ સદાનો વિદ્યાર્થી છું.' અને આવા શિક્ષક પાસેથી મળેલી જીવનદષ્ટિનો વિચાર કરીએ, ત્યારે એમ લાગે કે હજી આટલે વર્ષે પણ એમના વિદ્યાર્થી તરીકેની યોગ્યતા સાબિત કરી શક્યા નથી. જીવનમાં જે મૂલ્યોની જાળવણી માટે સાહેબે જે રીતે જીવન પસાર કર્યું, તે મૂલ્યો હજી આજે પણ દૂરની દીવાદાંડી બની રહ્યાં છે.

એચ. કે. આર્ટ્સ કૉલેજમાં યશવંત શુક્લ અને મધુસૂદન પારેખ જેવા અધ્યાપકો મળ્યાં. ચિત્તમાં એમના અનેક સ્મરણો છે. ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્યભવનમાં અનુસ્નાતક અભ્યાસ કરતો હતો, ત્યારે કવિશ્રી ઉમાશંકર જોશી પાસે અભ્યાસ કરવાની તક મળી. એ પછી તેઓ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ હોવા છતાં ભાષાસાહિત્યભવનમાં વર્ગો લેવા આવતા હતા. વર્ગ એ સ્વર્ગ છે એવી એમની ઉક્તિનો અનુભવ એમના વર્ગોમાં થતો હતો. હજી પણ મને સ્મરણ છે કે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રમાં જવાના હતા અને એમણે જાણ થઈ કે 'જયભિખ્ખુ'નું અવસાન થયું છે, ત્યારે તરત ઘેર દોડી આવ્યા. આશ્વાસન આપતાં કહ્યું કે, 'કુમાર, હવે કુમારપાળ થજે.' એક વાર ઉમાશંકર જોશી સાથે સાણોસરાથી અમદાવાદ ટ્રેનમાં પાછો આવતો હતો. એલિસબ્રિજ સ્ટેશને અમારે ઊતરવાની હતું, ત્યારે એમની શાલ લઈને હું વાળવા લાગ્યો. એમને હસતાં હસતાં મારા હાથમાંથી શાલ લેતાં કહ્યું, 'તને વાળવા નહીં દઉં, તું લઈ જાય તો ?'

ડૉ. પ્રબોધ પંડિત અનુસ્નાતક કક્ષાએ ભાષાશાસ્ત્ર શીખવતા હતા. એક વાર એમને એક પ્રશ્ન પૂછ્યો. તરત ઊભા થઈને કબાટમાંથી એક પુસ્તક કાઢીને એનું એક પ્રકરણ વાંચી જવાનું કહ્યું. દિલ્હીમાં પરિસંવાદમાં પ્રમુખ તરીકે સહુનો આદર પામતા એમને નિહાળેલા. ગુજરાત યુનિવર્સિટીમાંથી દિલ્હી યુનિવર્સિટીમાં ડીન તરીકે ગયા, ત્યારે એમની સાથે પત્રવ્યવહાર ચાલુ હતો. એક વાર એમણે મને એમની સાથે મોટરમાં દિલ્હીમાં ફેરવ્યો હતો અને ગુજરાતી થાળીનું ભોજન કરાવ્યું હતું. બહારથી ગંભીર લાગતા પ્રબોધભાઈ અત્યંત પ્રેમાળ હતા.

શિક્ષક તરીકે ચિત્તમાં સૌથી ચિરંજીવી છાપ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીની છે. મહાયોગી આનંદઘનજી વિશે મહાનિબંધ લખતી વખતે એમને કશુંક પૂછવા જાઉં, તો તરત જ એમની પ્રજ્ઞામાંથી જ્ઞાનધારા વહેવા માંડે. તેઓ સમજાવે કે શ્રીમદ્ ભગવદ્ગીતાના અમુક અધ્યાયના અમુક શ્લોકમાં આ વાત કહી છે. તરત જ કહે કે આચાર્ય ઉમાસ્વાતિજી રચિત 'તત્ત્વાર્થસૂત્ર'માં આનું આ પ્રમાણે નિરૂપણ મળે છે. મને પારાવાર આશ્ચર્ય થાય. એમની પ્રજ્ઞામાં આ બધાં પુસ્તકો અધ્યાય અને પંક્તિ સહિત કેવાં જળવાયેલાં છે! વળી એને વિશેનું એમનું ચિંતન સાંભળું, ત્યારે તો કોઈ નવીન વિચારસૃષ્ટિનો અનુભવ થાય. સત્યના ગજથી દરેક વસ્તુને માપીને એનું વિવરણ કરતા અને પોતાને જે સાચું લાગતું, તેને નિર્ભયતાથી અભિવ્યક્ત કરતા. જ્ઞાન સાથે સત્ય કેટલું પ્રગાઢ રીતે જોડાયેલું છે અને તેના પ્રગટીકરણ માટે કેવો અભય જોઈએ, તે પંડિત સુખલાલજી, પંડિત બેચરદાસ દોશી અને પં. દલસુખભાઈ માલવણિયાના જીવનમાંથી જોવા મળ્યું. પોતાના વિચારોમાં કોઈ સમાધાન નહીં. ક્યારેક જીવલેણ હુમલાનો ભય હોય, તોય એની પરવા કર્યા વિના નિર્ભયતાથી પોતાનો અભિપ્રાય કે પોતાનું ચિંતન પ્રગટ કરતા. વિદ્યાની વ્યાપકતા સાથે વીરતાની આવશ્યકતા હોય છે. (ક્રમશઃ)


✦ ✦ ✦

સંપર્ક : ૦૭૯૨૬૭ ૬૨૦૮૨, અમદાવાદ

# મનુષ્યને ઉજાળનાર મણિભાઈ સંઘવીની શતાબ્દી વંદનાના પ્રસંગે તેમની વધુ નિકટ લઈ જતું પુસ્તક

**સેજલ શાહ**

ચરિત્રને ઉજાગર કરતા પુસ્તકો જીવનમાં પંથદર્શી બનતા હોય છે. આ વ્યક્તિ ચરિત્રોને કારણે જ વિષમ સમયમાં પણ મૂલ્યો પરની શ્રધ્ધા અડગ અને અતૂટ રહેતી હોય છે. શ્રી મણિભાઈ સંઘવી માનવતાનું મહેકતું પુષ્પ! જેમને પોતાના સેવા-કાર્યની સુવાસથી અનેકના જીવનમાં પ્રકાશ પાથર્યો. આ પ્રકાશના પાથરનાર મણિભાઈ સંઘવીની જન્મ શતાબ્દીનું વર્ષ હતું ૨૦૨૧. જન્મ શતાબ્દીના વર્ષને આવનારા સમયમાં પણ જાળવી લેવાના આ અવસરે મણિભાઈના સમગ્રકાર્યનો પરિચય મળી રહે અને તેમની વ્યક્તિમત્તામાંથી પ્રેરણા લઈએ શકાય માટે શતાબ્દી ગ્રંથનું પ્રકાશન કરવામાં આવ્યું છે. 'ગ્રામસ્વરાજના સમર્પિત યાત્રી શતાબ્દી વંદના : સ્વ. મણિભાઈ સંઘવી' આ પુસ્તકની વિશેષતા એ છે કે અહી ગ્રામસ્વરાજના આરાધક સર્વોદયના અગ્રણી શ્રી મણિભાઈ સંઘવીના જીવન કાર્યો વિશેની માહિતી ઉપરાંત તેમને લખેલા પત્રો અને તેમના પર આવેલા પત્રો પણ આ ગ્રંથમાં આવરી લેવાયા છે. અનેકોનેક જાણીતી વ્યક્તિઓના વિચારોથી પરિચિત થવાય છે. આ પુસ્તકનું સંપાદન રમેશ સંઘવી, મુકતા ભાવસાર અને કમલ ખીમાણીએ કર્યું છે. ૪૦૦ પાનામાં આ વ્યક્તિવિશેષના જીવનના કેટલાં બધાં આયામો ઉઘડે છે!




ગાંધીજી અને વિનોબાને તેમના સાચા અનુયાયીઓએ તેમના કાર્યો દ્વારા જીવંત રાખ્યા છે. કચ્છના વાગડ પ્રદેશમાં પોતાનું સમસ્ત જીવન રચનાત્મક કાર્યને સમર્પિત કરનાર મણિભાઈ સંઘવી વિષે આજે આપણે સહુ જાણીએ તે જરૂરી છે. આજે જ્યારે ગાંધીના વિચારો પ્રત્યે શંકાથી જોનાર એકવાર આ સમર્પિત અનુયાયીઓના કાર્યને જોશે, સમજશે તો તેમને ખ્યાલ આવશે કે ગાંધી અને વિનોબા વ્યક્તિ માત્ર નહીં, વિચાર હતા. જેમને સમાજને એક નવો વિચાર-સૂર્ય દર્શાવ્યો છે, જેમના અજવાળામાં માનવતા, અહિંસા, કરુણા, શિક્ષણને ખરા અર્થમાં પ્રત્યક્ષીકરણ કરી શકાયું છે. ભારતભરમાં એવા કેટલાયે ગાંધી-વિનોબાના વિચારને લઈને અમલીકરણ કરાવનારાઓ છે, તેઓ જ્યાં પહોંચ્યા છે તે વિસ્તારની રોનક બદલાઈ છે. આ અનુયાયીઓએ ભારતના તળ વિસ્તારને સમૃદ્ધ કર્યું છે. ત્યાં કોઈ સોશિયલ મીડિયાની રોશની નથી, ત્યાં કોઈ મોટા મકાનના વિકાસના ઇતિહાસ નથી, ત્યાં સામાન્ય જીવનમાં જરૂરિયાત પૂર્ણ થાય, તેમની કળા / ક્ષમતા દ્વારા તેઓ આત્મ-નિર્ભર બને, તેમની કેળવણી એવી રીતે કરવામાં આવે કે તેઓ સ્વયંસિદ્ધ બને અને એ રીતે ભારતનો એ તળ વિસ્તાર સમૃદ્ધ બન્યો છે. ખાદીને તેમના જીવન સાથે વણી સમાજને આત્મ-નિર્ભર બનાવવાનો પ્રયત્ન કરાયો છે. ગ્રામસ્વરાજ સંઘની સ્થાપના કરી તેમને કેળવણીથી લઈ સેવા, જાગૃતિથી લઈ સામાજિક ઉધ્ધારના કાર્યો આજીવન કર્યા. દેશને રાજનૈતિક સ્વતંત્રતા તો મળી પણ સાચી સ્વતંત્રતા તો આ ગાંધી અનુયાયીઓએ પોતાના કાર્યો દ્વારા દેશના ખૂણે ખૂણે પહોંચાડી છે.

કચ્છના વાગડ વિસ્તારને પોતાના સેવા કાર્યથી અજવાળનાર આ મૂક સેવકની સઘન કથાઓ, તેમના સંઘર્ષો, તેમની વિકાસ-સફળ યાત્રાઓ વિષે અહીં ભરપૂર જાણવા મળે છે. રસ પડે તેવા ઇતિહાસના બદલાતાં પાનાં સાથે પ્રશ્નો પણ કેવા બદલાતા ગયા. મણિભાઈ સંઘવી ૧૯૨૧માં જન્મ અને યુવાવયમાં સત્યાગ્રહમાં ભાગ લઈ ખાદી પ્રત્યેના આકર્ષણને કારણે નોકરી અને વેપારને બદલે ખાદીકામ તરફ વળે છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન અનાજની અછત દૂર કરવાના કાર્યથી લઈ શિક્ષણ સંસ્થા, ખાદી, સામ્પ્રદાયિક એકતા, અસ્પૃશ્યો સાથે થતા અન્યાયને દૂર કરી સર્વ સમાનતા સ્થાપવાનો સતત પ્રયાસ, કુદરતી આફત વખતે રાહતકામ, ગ્રામવિકાસ, ગૌશાળા, સ્ત્રી શિક્ષણ, ખેતી જેવા અનેકોનેક કાર્ય સાથે મણિભાઈ સંઘવી જોડાયા અને પાર પાડ્યા. એક જીવન દરમ્યાન અનેકોનેકને

જીવન આપનાર આ વ્યક્તિવિશેષના કાર્યની નોંધ સાથે અનેક લેખો દ્વારા એ સમયના સામાજિક, સાંસ્કૃતિક વાતાવરણ અંગે પણ જાણકારી મળે છે.

વ્યક્તિના જીવનની સાચી સફળતા તેના મૃત્યુ પછી પણ તેને કેટલા લોકો યાદ કરે છે તેના પર હોય છે. અહી લેખો, પત્રો, સંદેશાઓ જોતા ખ્યાલ આવે છે કે આ સેવાભાવી વ્યક્તિએ કોઈ પણ ઘોંઘાટ વગર પોતાના જીવનને કેવું સફળ કર્યું છે! અનેકના હૃદયમાં બિરાજનાર મણિભાઈ સંઘવીના જીવ સાથે જોડાયેલ નીડરતાના પ્રસંગો, જ્યારે કેટલાક લોકોએ સામ્પ્રદાયિક તણાવ ઉભા કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમને લીધેલા સમજદારીપૂર્વકના પગલાં વિષે અનેક ઐતિહાસિક માહિતી અને તેમના અસ્તિત્વને ઉજાળતા પ્રસંગોના સાક્ષી બનવાનું આ પુસ્તક વાંચતા અનુભવાય છે. ત્રણેય સંપાદકોએ ખૂબ જહેમતથી વિભાગીકરણ કરીને ચરિત્રને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. સાથે મૂકેલા ફોટાને કારણે પુસ્તક વધુ ઐતિહાસિક બન્યું છે. પત્રોમાં વ્યક્તિની વૈચારિક ક્ષમતાનો પડઘો પડતો હોય છે. આ પુસ્તકના પત્રો અનેક વિષયો પરના મણિભાઈ સંઘવીના અને તેમને પત્ર લખનાર ચિંતકોના વિશ્વનો રસકીય અનુભવ કરાવે છે. સરળતા અને સહજતા સાથે વૈચારિક ઊંડાણને સ્પર્શતું આ પુસ્તક આપણને સમૃદ્ધ કરે છે. જેમની જન્મ શતાબ્દીના પ્રસંગને ભારતનું ટપાલખાતું વિશેષ ટપાલ ટીકીટ બહાર પાડી ઉજવે છે તેને આપણે ગુજરાતીઓ તેમના પુસ્તક વાંચન જરૂર ઉજવી શકીએ જ!

**આ પુસ્તક મેળવવા માટે સંપર્ક કરો :**

નકુળ ભાવસાર

વ્યવસ્થાપક, ગ્રામસ્વરાજ સંઘ

સોનટેકરી, નીલપર, તા. રાપર (કચ્છ) ૩૭૦૧૬૫

મોબાઈલ : ૯૮૨૫૦ ૧૪૦૭૪

✦ ✦ ✦

# વાત ફાગણ મહિનાની

**આચાર્ય વિજય શીલચન્દ્રસૂરિશ્વજી મહારાજ**

મહાશુદિ ૧, ૨૦૭૮

**આ**જકાલ આપણે ત્યાં, સંઘમાં, શાસનમાં, સંઘાડામાં, બધે જ પુણ્યની જબરી બોલબાલા અને ડિમાન્ડ છે. પુણ્યનો મહિમા સર્વત્ર વ્યાપ્યો છે. જૈન શાસનના ઇતિહાસમાં પુણ્યનો આવો મહિમા, કદાચ આ યુગમાં જ અને પ્રથમવાર જ ગવાયો હશે. એક દઢ વિશ્વાસ પ્રવર્તે છે કે સારાં કામ અને ધાર્યા કામ પુણ્ય થકી જ થાય; પુણ્યનો પ્રકર્ષ જેટલો અધિક, એટલી કાર્યસિદ્ધિ અધિક અને ત્વરિત. આ ઉપરથી બીજી એક ધારણા બંધાઈ કે ચારિત્ર અથવા ધર્મારાધના ગમે એટલી ઊંચી હોય પરંતુ જો પુણ્ય ન હોય કે અલ્પ હોય તો તેનાં કાર્ય થતાં નથી, અને તેના હાથે પણ કાર્યો થશે નહીં.

પરિણામે પુણ્ય વધારવા માટેના ઉપાયો તરફ વિશેષ ધ્યાન આપાવા માંડ્યું છે. તપસ્યા થાય, જાપ થાય, મંત્રાદિ-સાધના થાય અથવા બીજું કાંઈ થાય, તેનું લક્ષ્ય ધર્મવૃદ્ધિ કરતાં વધારે પુણ્યવૃદ્ધિ હોય. એક સ્થિતિ એવી હતી કે ધર્મ કરો, પુણ્ય આપોઆપ વધશે; પુણ્યના લક્ષ્યથી ધર્મ ન કરવો. અત્યારે જરા જુદી સ્થિતિ છે : પુણ્ય વધારવા ધર્મ કરવાનો. પુણ્ય વધવું જ જોઈએ, તો ધાર્યા કાર્યો સિદ્ધ થાય. મતલબ એક જ કે ધર્મ પુણ્ય માટે કરવાનો; ધર્મ કરીએ તો પુણ્ય વધે ને તો ધાર્યું થાય.

ધર્મ કરવાથી પુણ્ય થાય / વધે એ વાત બિલકુલ ખરી છે; પરંતુ પુણ્યના લક્ષ્યથી ધર્મ કરવો એ વાત બરાબર નથી ગણાઈ. ધર્મ આત્મોન્નતિ માટે કરાય; આત્મોન્નતિ માટે કર્મો ઓછાં કરવા પડે તેથી ધર્મ તે કર્મનિર્જરા માટે થાય એમ સ્થાપિત થશે. પુણ્ય એ તો ધર્મકરણીની આડપેદાશ છે, અને તે અનિચ્છનીય નથી જ; પરંતુ જ્યારે પુણ્ય જ મુખ્ય લક્ષ્ય બને છે ત્યારે જરાક થોભી જવું પડે.

**ધર્મ સત્યની વૃદ્ધિનું કારણ છે. સત્ય એટલે સંયમ. સંયમ એટલે સંવર. સંવર એટલે ઇચ્છાઓની અલ્પતા અથવા ઇચ્છાઓનો નિરોધ.** પુણ્ય હોય તો બધી ઇચ્છા પૂરી થાય. ધર્મ હોય તો ઇચ્છા થાય જ નહીં, અથવા ઇચ્છા ઉદ્ભવે તે સાથે જ તેનો નિરોધ કે સંવર થવા લાગે.

પુણ્ય ઇચ્છા કરાવે; ઇચ્છા પૂરી કરાવે. ઇચ્છા પૂરી કરવા જતાં સ્વચિત્ અવરોધ કે વિઘ્ન પણ આવે. તેને દૂર કરવા માટે ઘણીવાર અસત્યનો અથવા છળકપટનો અથવા માયામૃષાનો સહારો લેવો પડે. પુણ્ય પ્રબળ હોય ત્યારે એ અસત્ય કાં તો સત્ય લાગે અને કાં તો તે ઢંકાઈ જાય; કોઈને સમજાય નહીં.

પુણ્ય મોટા ભાગે પાપ કરાવે છે. પુણ્ય પાપને છાવરે છે. પાપ કરીએ અને કોઈને તેની જાણ ન થાય તે પુણ્યનો પ્રભાવ. પુણ્યના આવા પ્રભાવને બરાબર સમજી ગયેલા લોકો, ધાર્મિક પ્રયોજનો સિદ્ધ કરવા માટે, અશુદ્ધ કે અયોગ્ય સાધનોનો ભરપેટ ઉપયોગ,

પુણ્યની આડ લઈને કરતાં હવે તો વ્યાપકપણે જોવા મળે છે. આમ કરવાથી તેમનાં ઇચ્છિત કાર્યો સફળ પણ થાય છે અને તેમને ભરપૂર યશકીર્તિ વગેરે ભૌતિક લાભો પણ અચૂક મળે છે. આ જોઈને 'ધર્મથી આત્મોન્નતિ'ની માન્યતા ધરાવનારાઓ ક્ષણભર માટે ડગી જાય છે. તેમના મનમાં સવાલ ઊઠે છે કે શું સાચું? ધર્મ દ્વારા આત્મગુણોના લાભની મહેનત સાચી કે ધર્મથી પ્રાપ્ત પુણ્યને વટાવીને મળતી કાર્યસિદ્ધિ અને પ્રસિદ્ધિ સાચી?

આપણે ત્યાં જેને 'શ્રદ્ધા' ગણાવી છે, તે શ્રદ્ધાની અહીં જ કસોટી છે. આપણી શ્રદ્ધા ધર્મ પર હશે તો મન વિચલિત નહીં થાય અને પોતાની આત્મસિદ્ધિના ધ્યેયમાં દૃઢ રહેશે. અને શ્રદ્ધા પુણ્ય પર હશે તો ધર્મ આઘોપાછો થશે, અને અનુચિત પ્રવૃત્તિઓને ધર્મ લેખે ખતવીને પોતાનો સ્થૂલ સ્વાર્થ સધાશે. આપણી સમજણની તથા આપણા સૂક્ષ્મ વિવેકની અહીં કડક પરીક્ષા છે.

* * *

આપણા શાસનસમ્રાટ ગુરુદાદા પોતાના સમયના સૌથી અધિક પુણ્યવંત આચાર્ય હતા. તેમના પુણ્યનું એક આભામંડળ રચાતું, જેની અસર એવી પડતી કે શ્રીસંઘનાં અનેક અતિવિકટ કાર્યો પણ રૂડી પેટે પાર પડતાં.

પોતાના પુણ્યનો ઉપયોગ પોતાની નામના, પોતાની તકતીઓ, પોતાની વાહવાહી અને પ્રસિદ્ધિ, પોતાના વિવિધ ભૌતિક સ્વાર્થ – આ બધાં માટે તેમણે ન તો કર્યો કે ન થવા દીધો. પોતે જીવનભર ખાખી સાધુ જેવું જીવ્યા. પણ પોતાના પુણ્યનો વિનિયોગ તેમણે સંઘના, શાસનના તેમ જ ગચ્છના કુશળક્ષેત્ર માટે કર્યો અને થવા દીધો. અનેક પુરાતન તીર્થોના ઉદ્ધાર તેમણે કરાવ્યા, તે તેમના પુણ્યનો સંઘના હિતમાં વિનિયોગ ગણાય. અનેક સંઘો, સમાજો, જ્ઞાતિઓ વગેરેમાં કુસંપ હતા, વિવાદો હતા, તે બધાને સમાવી, બધા પક્ષોને એક કરીને સંપ-સમાધાન પ્રવર્તાવ્યાં, તેમાં તેમના પુણ્યનો યથાર્થ વિનિયોગ હતો. તેમનાં પગલાં પડે, તેમની દૃષ્ટિ પડે, અને માનવનાં કે તિર્યંચનાં દુઃખ-દર્દ મટે, જીવ મરતાં ઉગરી જાય; આ તેમના પુણ્યનો ઉચિત વિનિયોગ ગણાશે.

એક એવી સૂક્તિ સાંભળી છે કે ગચ્છપતિનું પુણ્ય સંઘમાં અને સંઘાડામાં શાંતિ, સમાધિ અને પ્રસન્નતા પાથરે છે, અને કુશળક્ષેમ કરે છે. નેમિસૂરિદાદા આ પ્રકારના ગચ્છપતિ હતા, અને તેમનું પુણ્ય આ પ્રકારનું, શ્રીસંઘના યોગ-ક્ષેમ કરનારું હતું. એમનું આવું પુણ્ય અને તે વડે રચાયેલું આભામંડળ, તેઓના સ્વર્ગગમન પછી પણ આજ સુધી, ૭૦ લગભગ વર્ષો સુધી ઓછાવધતા અંશે કાર્યરત રહ્યું હોય એમ અનુભવાયા કર્યું છે. અલબત્ત, વર્ષો વીતે તેમ તે આભામંડળ ઝાંખું પડતું જાય તે પણ સમજવું જ પડે. હા, ત્યાર પછી થનારા ગચ્છધુરીણો તથા મુનિસમુદાય તે આભામંડળમાં પોતાનું સત્પુણ્ય અંશે અંશે ઉમેરતાં જાય તો તે ઝાંખું ન પડે. બલ્કે વધુ ઝળહળે.

પરંતુ પુણ્યનો ઉપયોગ સ્વાર્થસિદ્ધિ માટે પહેલો થાય, વધુ થાય; પોતાના પુણ્યને વટાવીને તેનો પોતાના યશકીર્તિ વગેરે માટે લાભ લેવાય; સમગ્ર સંઘાડાના હિતને – સંઘાડાને કેન્દ્રસ્થ ન રાખતાં પોતાને માફક આવે તેટલા પૂરતો જ પોતાના પુણ્યનો વહીવટ થાય; ત્યારે સૂરિદાદાના ડગુમગુ થતા દીવડામાં તેલ પૂરાવાને બદલે તેલ ઢોળાતું હોવાનો અનુભવ થાય.

પુણ્ય ઢોળતાં ઘણાને આવડે; પુણ્ય વધારવાનું કોઈક પુણ્યશાળીને જ ફાવે.

* * *

અમદાવાદના મુખ્ય અગ્રણી ગણાતા શ્રાવક-પરિવારોમાં એક શેઠ હઠીસિંહ કેસરીસિંહનો પરિવાર ગણાય છે. આ પરિવાર, પરંપરાથી શાસનસમ્રાટથી અને તેમના સમુદાય સાથે જોડાયેલો છે. શાસનસમ્રાટના પોતાના ઉપરના ઉપકારોને આ પરિવાર આજ સુધી ભૂલ્યો નથી, ભૂલતો નથી.

આ પરિવારની કોઈક વિપત્તિની વસમી વેળાએ શાસનસમ્રાટે અંગત રસ લઈને આ પરિવાર ઉપર મહાઉપકાર થાય તેવી યોજના તથા વ્યવસ્થા કરી આપી હતી. તેના પરિણામે તે પરિવારના બધા જ કુટુંબો આજે ખૂબ સ્વસ્થ-સુખી છે, અને તેમના હસ્તકનાં સઘળાં ધર્મસ્થાનો પણ ખૂબ વ્યવસ્થિત રૂપે સચવાયાં છે અને તેની જહોજલાલી વધી છે.

આ ઉપકારો એવા હતા કે તે કરીને જેટલો લેવો હોય તેટલો લાભ લઈ શકાય. પણ ગુરુદાદાએ ક્યારેય પુણ્યનો કે સત્કર્મનો બદલો લીધો નથી, ઇચ્છ્યો નથી. ક્યાંય તેઓના નામનો શિલાલેખ નહીં જડે. ક્યાંય તેઓનો માલિકીભાવ જોવા નહીં મળે. તેઓએ ધાર્યું હોત તો આ પરિવાર ઉપાશ્રયાદિમાં પોતાના શિલાલેખ લખાવી શકત, તેમ જ પોતાના અધિકાર-કબજામાં તેવાં સ્થાનોને લઈને ત્યાં પોતાના જ્ઞાનભંડારો વગેરે બનાવી શક્યા હોત. પણ તેઓએ તેમ ન કર્યું; તેમ કરવાનો વિકલ્પ પણ તેમને ન ઊગ્યો. તેમણે ગૃહસ્થોને ઉપદેશ આપીને અલગ જ્ઞાનભંડાર નિર્માવ્યા, પણ કોઈ પર કરેલા ઉપકારનો લાભ ન ઉઠાવ્યો.

આવા ગચ્છપતિ બીજે ક્યાં મળે? આવું સંવર અને સંયમથી છલકાતું પુણ્ય અન્યત્ર ક્યાં મળે? આવા પુણ્યપુરુષને અને તેમના પુણ્યને વંદન!

શ્રી.

◆ ◆ ◆

# દાતાર અને કૃપણમાં ચડિયાતું કોણ?

પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

**દા**નવીર તરીકે દુનિયામાં પ્રખ્યાત કર્ણરાજાનું દાન વધી જાય કે કૃપણના કાકા તરીકે કલંકિત મમ્મણ શેઠનું દાન વધી જાય? આ સવાલ અંગે સહુનો સમસ્વરી જવાબ એ જ રહેવાનો કે, આ સરખામણી જ કેટલી બધી બેહૂદી અને ઢંગ-ધડા વિનાની છે? કૃપણનો કાકો કંજૂસ કશું જ / કાણી કોડીય આપતો હોતો નથી. માટે આવી સરખામણી અને આવા સવાલને જ ક્યાં અવકાશ રહે છે અને એથી જ કર્ણરાજાનો દાનવીર તરીકોનો બિનહરીફ કીર્તિધ્વજ આજેય લહેરાઈ જ રહ્યો છે.

સૌનો જવાબ આવો હોવા છતાં એક સંસ્કૃત સુભાષિતનો સૂર સાવ જુદો જ ફંટાય છે. સંસ્કૃત-ભાષાનું એક સુભાષિત નવી અને નવાઈની વાત કરતાં કહે છે કે, હજારો-લાખો-કરોડોના દાતાર કરતાં ચામડી તૂટે તોય જેના હાથમાંની દમડી ન છૂટે, એવો કૃપણનો કાકો જ 'દાતા' તરીકે ચડી જાય, કારણ કે ઉદારદાતા તો માત્ર ધન જ આપતો હોય છે, જ્યારે કૃપણનો આવો કાકો તો પહેલા પ્રાણ અને પછી બધું જ ધન આના પાઈ સાથે આપીને પોતાની દાનવીરતા સાબિત કરી જતો હોય છે. દાતા તો માંગીએ, ત્યારે માત્ર ધનનું જ દાન કરતો હોય છે, જ્યારે આવો કૃપણ તો માંગણીની અપેક્ષા રાખ્યા વિના પહેલા પ્રાણત્યાગ અને પછી સંપૂર્ણ ધનત્યાગ કરી જતો હોય છે. આવી ઉદારતા બીજે વળી ક્યાં જોવા મળે! આ સંદર્ભમાં ખરો દાતાર તો કૃપણ જ ગણાય, જે પોતાના સ્વાર્થ માટે ઓછામાં ઓછું ખરચીને એકઠી કરેલી તમામ મૂડી દુનિયા માટે જ મૂકી જતો હોય, એને સાચા દાનવીર તરીકે વધાવી લેવો ન જોઈએ શું?

એક એવી લોકોક્તિ પ્રચલિત છે કે, કંજૂસના ઘરની લક્ષ્મી ત્યારે જ વધુ પ્રસન્નતા અનુભવતી હોય છે કે, જ્યારે કંજૂસનું મૃત્યુ થતા એને દાટવા માટે ખાડો ખોદવામાં આવે! કારણ કે કંજૂસના જીવનકાળ દરમિયાન જમીનમાં દટાઈને ગૂંગળાતી રહેલી લક્ષ્મીને આ રીતે કંજૂસના મૃત્યુ બાદ જ જમીનમાંથી બહાર નીકળવા મળતું હોય છે.

ચમડી તૂટે, પણ દમડી ન છૂટે, આ કહેવત પણ એવી જ કરમ કહાણી કહી જાય છે કે, કંજૂસના ઘરે પ્રવેશતાની સાથે જ લક્ષ્મીને ધરતીની કેદમાં પૂરાઈ જવું પડતું હોય છે. જ્યાં સુધી કંજૂસ જીવતો રહેતો હોય છે, ત્યાં સુધી લક્ષ્મી કેદમુક્ત થઈ શકતી નથી. આવી કૃપણતાનું કલંક ધોવા જ જાણે કંજૂસ પ્રાણત્યાગ અને સાથે સાથે સંપૂર્ણ સંપત્તિત્યાગ કરવાપૂર્વક વિશ્વમાંથી વિદાય લેતો હોય છે.

કંજૂસાઈને વરેલી વૃત્તિ-પ્રવૃત્તિનું બરાબર કલ્પના-દર્શન કરી શકાય, એવા એક પાત્ર તરીકે જૈનશાસ્ત્રોમાં મમ્મણ શેઠનાં નામ-કામ ઠીકઠીક વગોવાયેલા છે. લક્ષ્મીનો વપરાશ એ ખૂબ ખૂબ કરકસરપૂર્વક કરતો હતો અને લક્ષ્મીને મેળવવાનો તીવ્રતમ લોભ એની પાસે સંપત્તિની પ્રાપ્તિ ખાતર દિનરાત કાળીમજૂરી કરાવતો રહેતો હતો, એની વિગતો વાંચીએ, ત્યારે એમ થઈ આવે કે, આવા માણસો કાળી-મજૂરી કરીને કોને માટે કમાતા હશે? સંસાર ચલાવવા માટે હજી કમાવા માટે જ જીવન મળ્યું છે, આવી ભ્રમણાનો ભોગ બનીને મરતા સુધી ધંધાપાણી તેમ જ દુકાન-ફેક્ટરીની પાછળ જ ફના થઈ જતા હોય છે. આવાની રહેણી-કરણી તથા વૃત્તિ પ્રવૃત્તિ જોતા એમ જ થઈ આવે કે, ગણવા સિવાય પૈસાનો બીજો કોઈ જ ઉપયોગ ન કરવાનો હોય, તો આવા કંજૂસ ગણવા માટે રૂપિયા-હીરા-મોતી મળે કે ગોળમટોળ પથરા મળે, એમાં કયો મોટો ફરક પડી જવાનો હતો? ગણીને ગણીને જે, સંતોષ રૂપિયાના માધ્યમે લઈ શકાય, એ પથરાના માધ્યમે ન લઈ શકાય શું? માત્ર ગણી-ગણીને જ ખુશ થવું હોય, તો પૈસા મેળવવા માટે મહેનત-મજૂરી કરવી, એના કરતા તો પથરા ભેગા કરીને જ ગણવાનો સંતોષ લેવો શો ખોટો?

સુભાષિતે આ રીતે કંજૂસને મોટો દાનવીર ગણાવવા દ્વારા ચમડી તૂટે, પણ દમડી ન છૂટે, એ જાતની એની કારમી કંજૂસાઈ અંગે જ કટાક્ષ કર્યો છે. નવા જમાનાના બહાને નિંદા કરવાની એક કાવ્યશૈલી સાહિત્ય-જગતમાં પ્રચલિત છે, એનો નમૂનો પૂરો પાડતા સુભાષિતે આવી શબ્દશૈલીમાં દાનવીરને નવાજ્યો છે અને કંજૂસની નિંદા કરી છે.

હવે એ વિચારીએ કે, દાનનો અવસર ઉપસ્થિત થાય, ત્યારે

દાનવીર શું વિચારતો હોય છે અને કંજૂસને ત્યારે કયો વિચાર આવતો હોય છે? આજ પછીની 'આવતીકાલ' ત્યારે બંનેની આંખ આગળ ખડી થઈ જતા દાનવીરનો હાથ મુક્તમને ધનવર્ષા કરતો હોય છે અને કંજૂસ થોડો પણ લંબાયેલો હાથ સંકોચી લઈને મુઠ્ઠીને એ રીતે સજ્જડ બંધ કરી દેતો હોય છે કે, એને કોઈ ખોલાવી પણ ન શકે અને એ મુઠ્ઠીમાંથી કાણી કોડી પણ ચસકી ન શકે. 'આવતીકાલ'નો વિચાર દાનીને વધુ દાતા બનવા પ્રેરતો હોય છે, અને કંજૂસને વધુ કંજૂસાઈ તરફ ધકેલતો હોય છે. આ કઈ રીતે શક્ય બને? એય વિચરી લઈએ.

દાનીવરની 'આવતીકાલ'ની અવધિમાં આ લોક ઉપરાંત મુખ્યત્વે પરલોક સમાતો હોવાથી એ જાતનો વિચાર દાતાને આવતો હોય છે કે, ગતભવમાં મેં આપ્યું છે, તો આ ભવમાં મળ્યું છે, એથી આજે ઠેરઠેર ભીખ માંગવામાં જ મારો સમય વેડફાતો નથી અને હું દાનપુણ્ય કરી શકું છું. આ દાનપુણ્ય આવતા ભવે પણ તો જ ચાલુ રહી શકે કે, અત્યારે આ ભવમાં જો ભવિષ્યમાં પણ મેળવવાની લોભ-લાલચથી મુક્ત બનીને હું દાન કરતો જ રહું! આમ, આવતીકાલનો વિચાર દાતાને વધુ દાની બનવા પ્રેરે છે. એથી આજની અગવડના વિચારને ગૌણ કરીને સારામાં સારું બિયારણ વાવતાં ડાહ્યા ખેડૂતની જેમ એ દાની વાવેતરના સ્વરૂપમાં દાનની ગંગોત્રી વહાવતો રહેતો હોય છે.

કંજૂસની આવતીકાલની કલ્પના એકદમ છીછરી હોય છે. વાવેતરમાં વેરવામાં આવતું ધાન્ય એને વેડફાઈ જતું ભાસે છે. એટલે થોડું પણ (ધન ઓછું થાય, એ એને પાલવતું નથી હોતું. માટે આવતીકાલનો વિચાર આવતા જ એના હાથ સંકોચાઈ જાય છે. અને એની વૃત્તિ-પ્રવૃત્તિમાં કંજૂસાઈ છલકાવા માંડે છે. આવતીકાલની સંભવિત ગરીબીથી બચવા જતા એની 'આજ'ને ગરીબી ઘેરી વળતા એ છતે ધને 'નિર્ધન' જેવો જણાતો હોય છે, અને ધનનો દાનમાં વિનિયોગ ન કરવાના કારણે એને આવતીકાલને આવતા ભવમાં ગરીબીની જ ગરબીઓ સાંભળવા મળે, તો એમાં શી નવાઈ?

દાન કરવાના અવસરને 'વાવણીનો વેળા' સમજીને આવકારવામાં આવે, તો જ સાચા અર્થમાં વધતા ઉલ્લાસ સાથે 'દાનધર્મ'ની આરાધના થઈ શકે. શાણો ખેડૂત વાપરવામાં કરકસર કરીનેય વાવવામાં ઉદારતા દાખવતો હોય છે. કારણ કે એ સમજતો હોય છે કે, આવતીકાલને જો આબાદ બનાવવી હોય, તો આજે થોડું વેઠી લઈનેય સારામાં સારાં ધાન્યનો વાવેતરમાં વિનિયોગ કરવો જોઈએ. આવી સમજણ જેમ ખેડૂત પાસે સારું વાવેતર કરાવે, એમ દાતા પાસે સારો દાનધર્મ કરાવે.

એક દાનવીર સાથેની પ્રશ્નોત્તરી બોધપ્રદ છે. મુક્તહાથે દાન કરતા એને કોઈએ સલાહ આપી કે, આજે ભલે સંપત્તિનો સાગર વાંભવાંભ ઉછળતો હોય, પણ આવતીકાલે આ સાગર સૂકાઈ જાય, ને વિપત્તિનું વેરાન રણ પણ સર્જાઈ શકે. માટે આવી સંભાવનાને નજર સામે તરવરતી રાખીને જ દાન કરવું જોઈએ.

દાનવીરે હસતાં હસતાં જવાબ આપ્યો : જે આ રીતે પુણ્યોપાર્જન કરતો રહેતો હોય, એને ત્યાં વળી વિપત્તિ આવે ખરી?

સામાએ સંભાવના દર્શાવતા સવાલ કર્યો કે, ભાગ્યચક્ર અવળું ફરતું થઈ જાય તો, વિપત્તિ સંભવિત ખરી કે નહીં?

દાનવીરે આ સવાલથી જરાય મૂંઝાઈ ગયા વિના રોકડો જવાબ પરખાવ્યો કે, તો તો સાચવી-સાચવીને સુરક્ષિત રાખેલી સંપત્તિ પણ દુર્ભાગ્યની એ જ્વાળામાં બળીને રાખખાક નહીં થઈ જાય, એની શી ખાતરી? આવી સંભાવના અસંભવિત ન ગણાય, એથી તો દાન-પુણ્ય જેટલું વધુ થાય, એટલું કરી જ લેવું જોઈએ. 'આજ'ની ઘડીને સુકૃતોના સરવાળા દ્વારા રળિયામણી બનાવવા, 'કાલ'ના વિચારને દેશવટો દેવામાં જ ડહાપણ નથી શું?

ધરતીમાં ધાન વાવવું, પૈસા વ્યાજે મૂકવા, બેંકમાં ધન રોકવું : આ બધું રોકાણ દુન્યવી દૃષ્ટિએ જેમ લાભના લાખે લેખા સ્વરૂપ ગણાતું હોય છે, એ જ રીતે સુપાત્ર દાન અનંતગણું બનીને પ્રતિફલિત થતું હોય છે, દાનનું આવું સ્વાભાવિક સ્વરૂપ બરાબર સમજાઈ જાય, તો પછી કોણ કૃપણનો કાકો બનવા રાજી હોય? અને દાનવીર કર્ણરાજની કક્ષામાં પ્રવેશવાની કોની ભાવના ન હોય? સુભાષિતનો સંદેશ સરવા કાને સાંભળીએ અને ધનનો અભાવ હોય કે સદ્ભાવ હોય, તો ય ભાવનાત્મક રીતે દાનવીર બનવાની ભાવના કેળવીએ, તો કૃપણના કાકા તરીકે આપણને કોઈ જ કલંક્તિ કરવા સમર્થ નહીં નીવડે.

✦ ✦ ✦

# અજ્ઞાન અને દુ:ખની સમસ્યા

ભાણદેવજી

*(ગતાંકથી ચાલુ...)*

**૪. અજ્ઞાન અને દુઃખ :**

**ભા**રતીય મનોવિજ્ઞાને દુઃખનાં ઉંડાણમાં ડૂબકી મારીને શોધી કાઢ્યું છે કે દુઃખનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનમાંથી દુઃખ જન્મે છે. અજ્ઞાનરૂપી બીજમાંથી જે વૃક્ષ બન્યું તેને દુઃખનાં ફળ બેઠાં છે. અજ્ઞાનમાંથી દુઃખ કેવી રીતે ઉત્પન્ન થાય છે, તે પ્રક્રિયા સમજી લેવી જોઈએ. અજ્ઞાનમાંથી દુઃખ પેદા થાય છે, તેટલું સ્વીકારી લેવું પૂરતું નથી. અજ્ઞાનરૂપી બીજમાંથી દુઃખરૂપી ફળ બને તે પહેલાં તે વચ્ચે અનેક અવસ્થાઓમાંથી પસાર થાય છે આ વચ્ચે આવતા તબક્કાઓને સમજીએ તો જ આપણે અજ્ઞાન અને દુઃખના સંબંધને યથાર્થ સ્વરૂપે સમજી શકીએ અને તો જ આપણી પાસે દુઃખમુક્તિ માટેના ઉપાયરૂપી ચાવી આવી શકે તેમ છે.

અજ્ઞાન એટલે સ્વરૂપનું અજ્ઞાન. સ્વરૂપતઃ આત્મા પૂર્ણ છે, પરિપૂર્ણ છે, સંપરિપૂર્ણ છે. જે સ્વરૂપતઃ પૂર્ણ છે તે અજ્ઞાનવશ પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. જે પૂર્ણ છે તે પોતાના પૂર્ણત્વને, પૂર્ણસ્વરૂપને ભૂલી જાય છે. અને આ વિસ્મૃતિને કારણે પૂર્ણ પોતાને અપૂર્ણ માને છે. પૂર્ણ પોતાને અપૂર્ણ માની લે છે, તેમાંથી એક અધૂરપની લાગણી Sense of incomleteness નો જન્મ થાય છે. શાસ્ત્રીય ભાષામાં આ ભાવને અભાવગ્રંથિ (inner vantity) કહેવામાં આવે છે. અભાવગ્રંથિ મૂલતઃ સાવ કાલ્પનિક છે, કારણ કે આત્મા સ્વરૂપતઃ પરિપૂર્ણ છે. આમ છતાં સ્વરૂપ વિસ્મરણને કારણે પૂર્ણ પોતાને અપૂર્ણ માનીને અભાવગ્રંથિ પીડાય છે. અભાવગ્રંથિ એટલે ખાલીપાની લાગણી, અધૂરપની લાગણી. અભાવગ્રંથિ એટલે અપૂર્ણ હોવાનો ભાવ. અભાવગ્રંથિ એટલે જીવનમાં કાંઈક ખૂટે છે તેવી લાગણી. આ અભાવગ્રંથિ વાસ્તવિક નથી, કાલ્પનિક છે, પરંતુ પ્રત્યેક માનવનાં ચિત્તમાં એટલી દઢતાપૂર્વક બેસી ગઈ છે કે જાણે તે તેના અસ્તિત્વનો ભાગ બની ગઈ છે. આમ અજ્ઞાનને કારણે અભાવ જન્મે છે.

અભાવ છે, અધૂરપની લાગણી છે, તેથી સ્વાભાવિક રીતે જ તે અભાવને ભરવા માટેના પ્રયત્નો પણ થાય જ છે. અભાવગ્રંથિને ભરવા માટેના જે મનોમય પ્રયત્નો થાય છે, જે મનોમય પ્રેરણાઓ જન્મે છે, તેમને જ ઇચ્છાઓ કહેવામાં આવે છે. આમ ઇચ્છા એટલે આંતરિક અભાવને ભરવા માટે મનનો પ્રયત્ન. ઇચ્છાઓ અનેક હોવા છતાં મૂલતઃ તો તે આંતરિક અભાવને ભરવા માટેના જ પ્રયત્નો છે. આમ અભાવમાંથી ઇચ્છાઓ જન્મે છે. ઇચ્છાઓનું સ્વરૂપ જ એવું છે કે તેમને કદી પૂરી કરી શકતી નથી કારણ કે ઇચ્છાઓ કાલ્પનિક છે તેને કેવી રીતે ભરી શકાય? ઇચ્છાના પાયામાં જે અજ્ઞાન છે ઇચ્છાના ભોગથી ઇચ્છા પૂરી થતી નથી કારણ કે ઇચ્છાના ભોગ પછી પણ તેના પાયામાં અજ્ઞાન છે. તે અજ્ઞાન અને તજજન્ય અભાવગ્રંથિ તો યથાવત્ રહે છે, તેથી તેમના પરિણામ સ્વરૂપ ઇચ્છા પણ તુરત ઊભી થાય જ છે. આમ હોવાથી ઇચ્છાનો યથેચ્છ ભોગ પ્રાપ્ત થાય તો પણ ભોગને અંતે પણ નિરાશા જ હાથ લાગે છે. ઇચ્છાના ભોગ દ્વારા માનવ અભાવગ્રંથિમાંથી મુક્ત થવા ઇચ્છે છે, પરંતુ ઇચ્છાના ભોગ દ્વારા અભાવગ્રંથિમાંથી મુક્ત થઈ શકાતું નથી, તેથી ભોગ આખરે તો નિરાશામાં જ પરિણમે છે. પ્રત્યેક ઇચ્છાના પ્રત્યેક ભોગને અંતે માનવ એવી લાગણી અનુભવે છે કે પોતે ભોગ દ્વારા જે પામવા ઇચ્છે છે તે આ નથી. ભારતીય મનસ્વિદો આ સત્યને સમજ્યા હતા. તેથી જ તેમણે કહ્યું છે –

यत्पृथिव्यां व्रीहि यवं हिरण्यं पशवः स्त्रियः ।
न दुह्यन्ति मनः प्रीतिं पुंसः कामहतस्य ते ।।

श्रीमद् भागवत; ९-१९-१३

‘‘પૃથ્વીમાં જેટલું ધાન્ય છે, સુવર્ણ છે, પશુઓ છે, સ્ત્રીઓ છે (તે બધું મળે તોપણ) કામપીડિત (વાસનાબદ્ધ) લોકોને તે તૃપ્તિ આપી શકે નહીં.’’

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवत्त्वर्मेव भूय एवाभिवर्धते ।।

श्रीमद् भागवत; ९-१९-१४

‘‘કામ (ઇચ્છા)ના ઉપભોગથી કામ કદી શાંત થતો નથી. અગ્નિમાં આહુતિ આપવાથી અગ્નિ વધુ પ્રજ્વલિત થાય છે.’’

આમ સ્વરૂપના અજ્ઞાનમાંથી અભાવ ઉત્પન્ન થાય છે, અને અભાવમાંથી ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે.

ઇચ્છામાંથી દુઃખ જન્મે છે,
ભગવાન બુદ્ધે પ્રથમ આર્ય સત્ય આપ્યું છે
‘‘દુઃખ છે’’
અને તેમણે દ્વિતીય આર્ય સત્ય આપ્યું છે
‘‘દુઃખનું કારણ ઇચ્છા છે’’

ઇચ્છામાંથી દુઃખ જન્મે છે. શા માટે અને કેવી રીતે? ઇચ્છાઓ

અમર્યાદ છે અને તેમની પૂર્તિનાં સાધનો મર્યાદિત છે, તેથી બધી ઇચ્છાઓ પૂરી થઈ શકે નહીં. ઇચ્છા અધૂરી રહે એટલે તેમાંથી દુઃખ ઉત્પન્ન થાય છે. દુઃખ એટલે ઇચ્છા અધૂરી રહેવાને કારણે ચિત્તમાં ઉત્પન્ન થતો અસંતોષ. આમ અધૂરી ઇચ્છા દુઃખનું કારણ છે. જે ઇચ્છા પૂરી થાય છે, તેમાંથી ક્ષણિક સુખ ઉત્પન્ન થાય છે પરંતુ આપણે જોઈ ગયા તે પ્રમાણે તો જે ઇચ્છાનો યથેચ્છ ભોગવટો મળે છે, તે ઇચ્છામાંથી પણ આખરે તો અસંતોષ અને તેથી દુઃખ જ મળે છે. ઇચ્છાના ભોગ દ્વારા પણ ઇચ્છા તૃપ્ત થતી નથી, તેથી ઇચ્છાના ભોગની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ, બંને દ્વારા આખરે તો દુઃખ જ ઉત્પન્ન થાય છે તેથી ભારતીય મનોવિજ્ઞાન જાહેર કરે છે કે ઇચ્છામાંથી દુઃખ જન્મે છે.

આમ અજ્ઞાન અને દુઃખની કારણકાર્ય પરંપરા આ પ્રમાણે છે – સ્વરૂપનું અજ્ઞાન – અભાવગ્રંથિ – ઇચ્છાઓ – દુઃખ.

આ પ્રમાણે અજ્ઞાનરૂપી બીજમાંથી જે વૃક્ષ વિકસે છે, તેને દુઃખનાં ફળ બેસે છે.

### ૫. દુઃખ એટલે શું?

સુખદુઃખ યુગ્મસ્વરૂપ છે. દુઃખને સમજવા માટે સુખદુઃખને સાથે સમજવા જોઈએ.

સુખ અને દુઃખ, બંને લાગણી છે. અનુકૂળ સંવેદના પ્રત્યે આપણા ચિત્તમાં જે વિધાયક લાગણી અનુભવાય તે સુખ છે અને પ્રતિકૂળ સંવેદના પ્રત્યે આપણા ચિત્તમાં જે નિષેધક લાગણી અનુભવાય તે દુઃખ છે. આમ સુખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો સ્વીકારાત્મક પ્રતિભાવ અને દુઃખ એટલે પરિસ્થિતિ પ્રત્યેનો ઇન્કારાત્મક પ્રતિભાવ.

ભારતીય મનોવિજ્ઞાનની સુખદુઃખની એક વિશિષ્ટ સમજ છે. ભારતીય મનોવિજ્ઞાન સ્પષ્ટ રીતે કહે છે કે આનંદ આત્માનું સ્વરૂપ છે. આનંદ એટલે આત્માનો સ્વરૂપગત આનંદ. આ સ્વરૂપગત વિશુદ્ધ આનંદ કોઈ વિષય દ્વારા મળતો નથી. જે કોઈ નિમિત્ત દ્વારા નિષ્પન્ન થતો નથી પરંતુ આત્માના સ્વરૂપગત ધર્મસ્વરૂપે સદાસર્વદા છે જ. તે આનંદ છે.

હવે પ્રશ્ન એ છે કે આનંદ આપણું સ્વરૂપ છે, સ્વરૂપગત તત્ત્વ છે તો તે સતત અનુભાવતો કેમ નથી? તો જીવનમાં સુખદુઃખ કેમ છે? આપણે જોઈ ગયા છીએ કે આપણાં સુખદુઃખનું કારણ છે – અવિદ્યા અને તજ્જન્ય આત્મવિસ્મૃતિ.

સુખ એટલે આત્માનંદનો આભાસ. જ્યારે કોઈ વિષયની સંવેદના અંતઃકરણને અનુકૂળ લાગે, ત્યારે તે વિષય સાથે આપણું ચિત્ત તલ્લીનતા અનુભવે છે. આ તલ્લીનતાને કારણે અન્ય વૃત્તિવ્યાપાર બંધ પડે છે. તે વખતે થોડી ક્ષણો માટે અંતઃકરણ વૃત્તિમુક્ત બની જાય છે. અંતઃકરણ વૃત્તિમુક્ત બનતાં જ તેમાં આત્માનંદનું પ્રતિબિંબ પડે છે. આત્માનંદનું અંતઃકરણમાં આ પ્રતિબિંબ તે જ સુખ છે. આ રીતે સુખ આત્માનંદનો આભાસ છે.

### દુઃખ શું છે?

દુઃખ આત્માનંદનો અભાવ છે. જ્યારે અંતઃકરણ સમક્ષ પ્રતિકૂળ વિષય ઉપસ્થિત થાય ત્યારે આપણે તેનો પ્રતિકાર કરીએ છીએ, તેની સાથે તલ્લીન થતા નથી, તેથી પ્રતિકૂળ સંવેદના દરમિયાન અંતઃકરણમાં આત્માનંદનું પ્રતિબિંબ પડતું નથી. આમ બનવાને લીધે તે વખતે અંતઃકરણમાં આત્માનંદનો અભાવ જણાય છે. આ આત્માનંદના અભાવના અનુભવ તે જ દુઃખ છે.

આપણે જોઈ ગયા તે પ્રમાણે દુઃખ પ્રતિકૂળ સંવેદના પ્રત્યેની નિષેધક લાગણી છે, પરંતુ આ લાગણીને વધુ ગહન દૃષ્ટિથી તપાસીએ તો જોઈ શકાય છે કે દુઃખ એટલે આત્માના આનંદનો અભાવ. આમ આનંદ આત્માનંદ છે. સુખ આત્માનંદનું પ્રતિબિંબ છે અને દુઃખ આત્માનંદનો અભાવ છે. (ક્રમશઃ)

✦ ✦ ✦


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ 1 વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ 3 વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ 5 વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ 10 વર્ષના લવાજમ | $ 250 |

વાર્ષિક લવાજમ આપશ્રી **$** (ડોલર)માં મોકલાવો તો **$** પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

## ૮મી માર્ચ નારીદિન વિશેષ :

# આવો મળીએ રંગોળીના નોખા કલાકાર ભાવનાબેન ભેદાને

માનસી વોરા




રંગોળીને ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને લોકકલામાંની એક કલા માનવામાં આવે છે. રંગોળીના સુંદર રંગો ઘરમાં આનંદ અને સુખ- સમૃધ્ધિ લાવે છે. દેશના જુદા જુદા પ્રાંતોમાં રંગોળીને અલગ અલગ નામોથી ઓળખવામાં આવે છે. જેમકે – કર્ણાટકમાં રંગોળી, રાજસ્થાનમાં માંડના, પશ્ચિમ બંગાળમાં અલ્પના, તામિલનાડુમાં કોલમ, ઉત્તરપ્રદેશમાં ચોક-પૂજન, મહારાષ્ટ્રમાં રંગોળી તેમજ ગુજરાતમાં સાથિયાના નામથી ઓળખવામાં આવે છે. તેલંગાના (આંધ્રપ્રદેશ) હૈદરાબાદમાં મુગ્ગુ નામથી ઓળખવામાં આવે છે. કોઈક ક્ષેત્રોમાં રંગોળીને રંગાવલી પણ કહેવામાં આવે છે. ભારતીય તહેવાર રંગો વગર અધૂરા લાગે છે. કહેવાય છે કે રંગ આપણને આનંદ આપે છે અને તહેવારોમાં પ્રાણ પૂરે છે.

વિશ્વમાં અલગ અલગ કળાઓમાં રંગોળી એક એવી કળા છે જે મનને શાંતિ અને આનંદ આપે છે. રંગોળી કરવી એ એક કળા છે અને જે કલાપ્રિય છે તેઓ શોખથી રંગોળી બનાવે છે. રંગોળી બનાવવાનો ફાયદો એ છે કે તેને બનાવતી વખતે સકારાત્મક ઉર્જાનો અનુભવ થાય છે.

રંગોળી પ્રેમી એવા કચ્છી વિશા ઓશવાળ જૈન સમાજના ભાવનાબહેન હરેશ ભેદા જેઓ ૧૯૯૯થી સળંગ ૨૩ વર્ષથી રંગોળી કરી રહ્યા છે. તેમણે રંગોળી કરવાના એક શોખને પોતાના જીવનમાં એવો ઉતારી દીધો છે જેના દ્વારા તેઓ આજે એક ઉચ્ચ મુકામ પર પહોંચી ગયા છે. પહેલા ફક્ત ઘરના આંગણામાં બનનારી રંગોળી એક કલાના સ્વરૂપે આજે આખી દુનિયામાં સ્થાપિત થઈ ગઈ છે. સતત ૨૩ વર્ષથી રંગોળી કરનાર ભાવનાબેન વિશે રસપ્રદ વાતો જાણવામાં તમને સહુને રસ પડશે.

હૈદરાબાદમાં જન્મેલા ભાવનાબેને કોઈ દિવસ કલરવાળી રંગોળી જોઈ નહોતી. ત્યાં બારેમાસ ઘરઆંગણે સફેદ મારબલ પાવડર અથવા ચોખાના લોટની રંગોળી કરવામાં આવે છે. તેમના લગ્ન મુંબઈમાં હરેશ ભેદા સાથે થયા. એકવાર હરેશભાઈ તેમને એક મંદિરમાં લઈ ગયા. મંદિરમાં તેમણે રંગબેરંગી રંગોળી જોઈ. તે જોઈને ભાવનાબેન આશ્ચર્ય પામ્યા. અને તેમને ઘણો આનંદ પણ થયો. તેલગુ લોકો રંગોળીને શુકન માને. મરણ થાય એ દિવસે ન કરે. એકવાર હરેશભાઈ તેમને બેન્કની પૂજામાં લઈ ગયા ત્યાં પણ કલરવાળી રંગોળી જોઈ. તે જોયા પછી ભાવનાબેનને બહુરંગી રંગોળી કરવાની પ્રેરણા મળી. અને તેમણે રંગબેરંગી રંગોળી બનાવવાની શરૂઆત કરી.

દર વર્ષે રંગોળીની ડિઝાઈનમાં વિશેષતા લાવતા હોય છે. મુખ્યત્વે જૈન ધર્મની ફિલોસોફીના વિષય પર દર વર્ષે વિશાળ કદની રંગોળી બનાવનાર કલાકાર ભાવનાબેન ક્યારેક જૈન તત્વ વિચાર પર તો ક્યારેક હિંદુ વિચારણા આધારિત તો ક્યારેક સર્વધર્મ આવરીને રંગોળી બનાવતા હોય છે. જે રંગોળી ૧૫ દિવસ માટે દર્શનાર્થે ખુલ્લી રહે છે. વિષયોની સાથે દર વખતે અલગ અલગ ટેકનીક સાથે પણ રંગોળીમાં વિશેષતા લાવતા હોત છે. જેમકે – 3D, 4D, 5D, 6D, 7D, 8D (એનાગ્લાફીક ગ્લાસીસ) આવી જુદી જુદી ટેકનીક સાથે, લાઈટ અને સાઉન્ડ શો સાથે રંગોળી બનાવે છે.

રંગોળી રચેયતા ભાવના ભેદા દર વર્ષે અલગ-અલગ વિષયો સાથે પણ રંગોળી કરે છે. દર વર્ષે દિવાળી અને દેવદિવાળીના તહેવારોમાં રંગોળી કરતા ભાવનાબેને આ વખતે લોકડાઉન દરમ્યાન પણ રંગોળી કરી હતી. તેમણે એવા વિષયો લઈને રંગોળી કરી છે કે જોનારની આંખો ચાર થઈ જાય. સામાન્ય માનવીના કલ્પનાની બહાર એવા વિષયોથી રંગોળી કરતા હોય છે.

જેમકે – કલ્પવૃક્ષ, કુળદેવી સચ્ચામાતાનું મંદિર, પાવાપુરી

જલમંદિર, મહાવીર સ્વામીની અંતિમ દેશના, સહસ્ત્રફણા પાર્શ્વનાથ પર મેઘમાળી ઉપસર્ગ, અષ્ટાપદ તીર્થ, શંખેશ્વર તીર્થ (એની સ્થાપના અને આખી વાર્તા), મહાવીર સ્વામી અને સંગમદેવ ૨૦ ઉપસર્ગ, પદ્માવતી માતા, શત્રુંજય તીર્થ, સમવસરણ, નેમરાજુલનો વરઘોડો, ગિરનાર તીર્થ, 3D જૈન આર્ટ ગેલેરી, પંચ મહાવિદેહક્ષેત્ર, મહિમા ઉવસગ્ગહરં તીર્થનો, એક અછેરું (૧૯માં તીર્થંકર મલ્લિનાથ દાદા) વગેરે. આ તો ફક્ત જૈન ધર્મના વિષયો છે. હિંદુઈઝમ પર પણ તેમણે ઘણા વિષયો પર રંગોળી બનાવી છે. જેમકે – લાલબાગના રાજા, ગ્વાલીયરની ગુફાઓમાં અને ભૂગર્ભમાંથી જે મૂર્તિઓ અને મંદિર નીકળ્યા છે તેની ઉપર રંગોળી, તિરુપતી બાલાજી, શંકર અને શ્રીનાથજી, દુર્ગા મા અને મહાકાલી માતા વગેરે.

ભાવનાબહેનની રંગોળીમાં જૈન તીર્થંકરોની પ્રાચીન પ્રતિમાઓનાં દર્શન દર્શાવવામાં આવે છે. આ સિવાય તેમણે અમિતાભ બચ્ચન, નરેન્દ્ર મોદી, લતા મંગેશકર, સચિન તેન્ડુલકર અને અબ્દુલ કલામ જેવા મહાનુભાવોની 3D રંગોળી પણ બનાવી છે. રંગોળીના વિવિધ રંગો મિક્સ કરીને અલગ અલગ ડાઈમેન્શનની રંગોળી તેમની ખૂબી છે. તેમની આ કલા જોવા સ્પેશ્યલ ગ્લાસ પહેરવા પડે છે. આ રંગોળીને ખુલી આંખથી એટલે કે નોર્મલી, સ્પેશ્યલ ગ્લાસ પહેરીને, લાઈટ બંધ કરીને અંધારામાં તેમજ સ્પેશ્યલ લાઈટ ઈફેક્ટ્સમાં, આમ ચાર અલગ અલગ રીતે તેમની રંગોળી જોઈ શકાય છે. કોઈ પણ નાતજાતના અને ધર્મના ભેદભાવ વગર આ રંગોળીનું પ્રદર્શન લોકો માટે નિઃશુલ્ક રાખવામાં આવે છે. તેઓ માને છે કે તેમની આ કળાએ ધર્મ અને લોકોને સાથે જોડી રાખ્યાં છે.

રંગોળી સ્પર્ધાનું ખૂબ જ મોટું આયોજન ભાવનાબેને મહાજન સાથે મળીને કર્યું હતું. આ ઉપરાંત ભાતબજાર (મસ્જિદ બંદર)માં આદિનાથ સ્વામીનાં દેરાસરમાં ૧૫૦મી વર્ષગાંઠ નિમિતે રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ભાવનાબેને ૨૦૦ સ્ક્વેર ફીટ મુવીંગ ઈફેક્ટવાળી રંગોળી બનાવી હતી. ફર્સ્ટ કચ્છી ઈન્ટરનેશનલ ટ્રેડ ફેર BKCમાં ૬૦૫ સ્ક્વેર ફીટની મહાવીર સ્વામી અને સંગમદેવના ૨૦ ઉપસર્ગની રંગોળી બનાવી હતી. નેહરું સેન્ટર વરલીમાં સ્વ. નિખિલ ઘોષના સ્મરણાર્થે ઉત્સાદ ઝાકીર હુસૈનના પ્રોગ્રામમાં 3FT X 40FTની રંગોળી બનાવી. સંગીત મહાભારતી જુહુમાં ૨ વર્ષ સુધી વસંતપંચમી વિશે રંગોળી બનાવી હતી. ત્યાં આવેલા ઈન્ટરનેશનલ કલાકારોએ તેમની કલાને ખૂબ બિરદાવી હતી. ઈન્ડો જર્મન ફેસ્ટીવલ ક્રોસ મેદાનમાં પણ રંગોળી બનાવી હતી. IIT મુંબઈ – એશિયાના સૌથી મોટા ફેસ્ટિવલ પવઈ – ''મુડ ઈન્ડિગો'' ફેસ્ટિવલમાં 4D રંગોળી બનાવી હતી.

આવી રીતે બીજી ઘણી બધી જગ્યાએ તેમણે અલગ-અલગ વિષયો પર જુદી જુદી ટેકનીકો, ઈફેક્ટો સાથે રંગોળી બનાવી પોતાની અલગ જ પ્રતિભા ઉભી કરી.

હાલમાં જે કોરોનાની મહામારી ચાલે છે એવી જ મહામારી ૨૪૦૦ વર્ષ પહેલા આવી હતી. જેમાંથી પ્રજાને ઉગારવા માટે આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ શ્રી ઉવસગ્ગહરમ સ્તોત્રની રચના કરી હતી. આ સ્તોત્રનો જાપ મહામારીમાંથી મુક્તિ અપાવે છે. કલાકાર ભાવનાબેને ૨ વર્ષ પહેલા પોતાના ફ્લેટમાં શ્રી ઉવસગ્ગહરમ સ્તોત્ર વિષય પર રંગોળી બનાવી હતી. ૯ ફૂટ x ૧૨ ફૂટ કદની રંગોળીમાં ૧૫૦૦ શેડ છે. અને નરી આંખે પણ જોઈ શકાય. તેમજ થ્રીડી રેડ ઍન્ડ બ્લુ ગ્લાસથી જોઈ શકાય છે. સ્તોત્રની રચનાને સંપૂર્ણ વાર્તા સીક્સ-ડી રંગોળીમાં વર્ણવવામાં આવી હતી. તેમાં ૧૦થી ૧૨ કિલો રંગોળી પાવડર વપરાયો હતો.

સૌ પ્રથમ ૨૦૦૫માં થ્રીડી ગ્લાસથી જોઈ શકાય તેવી રંગોળી બનાવી. જેને લિમ્કાબુકમાં સ્થાન મળ્યું. ત્રણ-ત્રણ વાર લિમ્કા બુકમાં નામ નોંધાવનારાં રંગોળી આર્ટિસ્ટ ભાવના ભેદા આખા વિશ્વમાં એકમાત્ર એવા આર્ટિસ્ટ છે જે 3D GLASSથી જોઈ શકાય એવી રંગોળીઓ કરે છે. સાથે 3D, 4D, 5D, 6D, 7D રંગોળી (શુધ્ધ રંગોળી પાવડર) બનાવે છે. માઉથ-ટુ-માઉથ પબ્લિસિટી દ્વારા તેમણે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. ભાવનાબેનની ખાસ વિશિશતા રહી છે કે તેઓ અલગ અલગ Dimensionની Effect માટે કોઈપણ જાતનાં Artificial વસ્તુ નથી વાપરતા. જેમકે, કાંચ, પ્લાસ્ટિક, મોતી, ડાયમંડ, ઝરી, કાપડું, લાકડું મેટલ વગેરે અને કોઈપણ જાતના Instrument વગર (જેમકે ગરણી, છલની, પેન, સ્કેલ વગર) તેઓ શુધ્ધ રંગોળી પાવડર વડે જ બનાવે છે. દર દિવાળી વખતે સાંતાક્રુઝમાં તેઓ પોતાના ખર્ચે પંદર દિવસનું રંગોળી એક્ઝિબિશન રાખે છે. બધી જ રંગોળીમાં કોઈ ને કોઈ વાર્તા અને મેસેજ છુપાયેલાં હોય છે એ તેમની બીજી વિશેષતા છે. સ્પેશ્યલ લાઈટ- ઈફેક્ટ્સ, મ્યુઝિક અને સ્ટોરી – કોમેન્ટરી સાથેની તેમની રંગોળીના દર્શન કરવા હજારોની સંખ્યામાં ધર્મપ્રેમી અને કલાપ્રેમીઓ આવે છે. તેમજ બહારગામથી ખૂબજ મોટી સંખ્યામાં રંગોળીના દર્શન કરવા આવે છે.

રંગોળી આર્ટિસ્ટ ભાવના ભેદાને રંગોળી માટે ઘણા એવોર્ડ પણ મળી ચૂક્યા છે. કચ્છશક્તિ એવોર્ડ (૨૦૦૪), ખંતીલી નારી (૨૦૦૫), લીમકા બુક ઑફ રેકોર્ડ (૨૦૦૮, ૨૦૧૬, ૨૦૧૭) અમેઝિંગ વર્લ્ડ રેકોર્ડમાં પણ તેમનું નામ આવ્યું છે. વિમેન્સ અચિવમેન્ટ એવોર્ડ બાય ICWA રોટરી ક્લબ (૨૦૧૪), ૨૦૧૫માં સાહિત્ય

કલા પુરસ્કાર પણ મળ્યો છે. ૨૦૧૫માં યુનિક વર્લ્ડ રેકોર્ડ તથા એશિયન બુક ઑફ રેકોર્ડમાં પોતાનું સ્થાન મેળવ્યું છે. ૨૦૧૬માં વિમેન્સ અચિવમેન્ટ એવોર્ડ, ૨૦૧૮માં કચ્છ-કલા ગૌરવ એવોર્ડ, ૨૦૨૦માં મીરેકલ વર્લ્ડ રેકોર્ડ આમ દર વર્ષે અલગ-અલગ એવોર્ડથી તેઓ સન્માનિત થયા છે. જે આપણે સૌએ ગર્વ લેવા જેવી વાત છે.

ફક્ત પોટ્રેઈટ રંગોળી જ નહીં પણ થીમ અને સ્ટોરી ઉપર પણ રંગોળી બનાવે છે. UV લાઈટ, બ્લેક આઉટ વીથ સાઉન્ડ અને લાઈટ શો. આ બધુ તેમના રંગોળીની ખાસ વિશેષતા છે.

ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, DNA, ઈન્ડિયન એક્સપ્રેસ, હિંદુસ્તાન ટાઈમ્સ, એશિયન એજ, મિડ-ડે (અંગ્રેજી, ગુજરાતી), ગુજરાત સમાચાર, મુંબઈ સમાચાર, જન્મભૂમિ, દિવ્યભાસ્કર, કચ્છ મિત્ર, કચ્છ વૈભવ, મુંબઈ મિત્ર, લોકમત, સામના, નવશક્તિ, નવભારત ટાઈમ્સ, દૈનિક ભાસ્કર, મુંબઈ પંજાબ કેસરી વગેરે આવા કેટલાય ન્યુઝપેપરમાં તેમની કલાની ખાસ નોંધ લેવામાં આવી છે. સ્ટાર માઝા, ઝી ન્યુઝ, IBN લોકમત, સ્ટાર ન્યુઝ, આજતક, આસ્થા, TV ગુજરાતી, જય હો અને રેડિયા 92.5 FM આ બધામાં પણ તેમનું કવરેજ થયેલું છે.

આ ઉપરાંત જજ તરીકે પણ તેઓ ઘણી જગ્યાએ હાજરી આપી ચૂક્યા છે. તેમની રંગોળી માટેની સૂક્ષ્મ સમજને કારણે લોકો તેમને આમંત્રણ આપે છે. જજ તરીકે પણ છેલ્લા પાંચ વર્ષથી પ્રેમપૂરી આશ્રમ, લીલાવતીબાઈ પોદાર ISC સ્કુલમાં, લાઈનેસ ડિસ્ટ્રીક્ટ ઈન્ટરનેશનલમાં, ૨૦૧૪માં K V O M કલા ઉત્સવમાં, ષણમુખાનંદમાં લેડીસ વીંગમાં, બ્રહ્માકુમારીસમાં પણ હાજર રહ્યા છે.

આમ મેગેઝીન, ન્યુઝપેપર, ટી.વી., સોશિયલ મિડિયા દરેકમાં તેમની તથા તેમની કલાને બિરદાવવામાં આવી છે. આ બધા અચિવમેન્ટ માટે તેઓ પોતાનો શોખ અને પોતાનું કલા પ્રત્યેનું સમર્પણને જવાબદાર માને છે. તથા ખાસ પોતાના માતા-પિતા, પતિ હરેશ ભેદા, દીકરી પલક ભેદા, ખાસ મિત્ર શિલ્પા રાજન શાહ અને અનીલ ચૌરસીયાને પોતાની સફળતા માટેના સાથીદાર ગણે છે. તેમનો પ્રથમ શોખ તો સંગીત છે અને પોતે સંગીત શીખવાડે પણ છે, પરંતુ તેમને લોકોના હૃદય સુધી પહોંચાડનાર રંગોળીની કળા છે. ફક્ત રંગોળી જ નહીં પણ ફેશન ડિઝાઈનિંગ, અરોમાથેરેપી, મહેંદી, ડ્રોઇંગ, સ્કેચિંગ, કેલિગ્રાફી, બ્યુટી પાર્લર બધાનો પણ તેઓ શોખ ધરાવે છે.

કચ્છનું ગૌરવ એવા ભાવનાબહેન ભેદા પોતાની આગવી કળાને એક એવા મુકામ પર લઈ ગયા છે, જેનાથી હજારો લોકો પ્રેરિત થયા છે. રંગોળી પ્રત્યે પોતાનું સમર્પણ, પોતાની ખુશી, આવડત એ આપણને તેમને મળેલા અચિવમેન્ટથી ખબર પડે છે. રંગોળી કરતી વખતે તેમના મનના ભાવોની પણ ઝલક જોવા મળે છે. તેઓ માને છે કે 'Never give up. - जो भी करो दिल से करो, खुशी से करो.'

✦ ✦ ✦

# Bhava Chakra to Dhamma Chakra (Vipassana's way)

**Lax Kenia**

Vipassana is a technique to understand Laws of Nature with Direct experience on your own body. Dhamma is nothing but Laws of Nature, the more you understand, more you mould yourself and accordingly more you come out of misery and thus come out from round and round of Bhava Chakra.

About 2600 years ago Prince Siddhartha became Buddha i.e. A man who self-discovered

the truth of Nature or he got the supreme prize of Omniscience. He enjoyed his becoming Buddha for several days in Bodhgaya jungles and later shared his discovery with his five friends who had started with him for the Self-discovery journey as part of Gratitude, which comes naturally for such realized people.

The following 4 sighting made Prince Siddhartha decide to leave home in search for self-realisation or truth.

1) An old man who was unhappy because of old age limitations… DUKHI

2)A man who was extremely Sick and DUKHI

3) Man, who had died and was being carried for burial with crying family and unhappiness DUKHI

4) Ascetic leaving home to search for truth was DUKHI.

He decided to solve the reason for all of the

above and left home to start his journey of discovery. Five friends later joined him until the last phase when prince Siddharth left his ascetic ways and started eating food and a new way of meditating. At that point Siddharth worked and rediscovered the laws of nature, reason for the Dukkha and solution to come out of Dukkha and path that will lead to come out of Dukkha.

KALAM was the guru who knew all the Techniques up to 8th Gyan, the highest learnt at that time. SIDDHARTH after mastering 8th Gyan asks Kalam, Master I have learnt from your 8th Gyan, I practice well, but I still have some small Sankhara (karma) left inside my mind which can give me rebirth. Tell me how I can remove them.

Kalam was pleased with the question and honestly said, this is as much as I know. I agree with you, there are some ANUSAYA SANKHARA STILL LEFT IN MY MIND TOO. I DO NOT KNOW HOW to remove them.

AFTER HEARING THAT, Siddharth thanked him for teaching and left him to continue his search.

He then remembered his own experience as a child, when he meditated on his own using BREATH meditation (ANAPANA)he had worked as a child once. HE started working with Breath. With practice and more searching, he discovered the use of VEDNA to shake up and remove ANUSAYA Sanskara. He removed all anusaya sankhara from his mind and experienced Nirvanic state and became BUDDHA.

**His techniques uses two things**

1) watching natural flow of Breath to concentrate the mind and training mind to remain Equanimous for sustained period of time.

2) Use the trained mind to experience vedna in the body and watch vednas Rise and fall, without reacting and remaining equanimous. He continued his practice till he became successful in removing all the hidden samskaras from his body and mind and achieved Nirvana.

(Vedna means any experience of reaction on the body from five senses and mind. The concentrated mind can pick up such vedna and its rise, decay and fall. Vipassana course guruji has named Vedna to Samvedna word for better understanding))

These two aspects of watching Breath (ANAPANA MEDITATION) to develop concentration and using concentrated mind on the body to experience Vedna (Also known as Samvedana), it's rise and fall, its continuous change is being taught in vipassana meditation. Since vedna on the body is changing, watching it with sthitaprajna mind, i.e., Without Rag (Clinging) or Dwesh (Aversion) helps remove all the past sanskara leading to Nirvana or Maux.

**Buddha rediscovered four fundamental TRUTHS.**

1. Dukkha is there
2. Dukkha's reason is there
3. Solution to come out of Dukkha is there and
4. Path to come out of Dukkha is there

He first shared his rediscovered knowledge with his five friends and later with first group of 60 people and taught them. All came out from their Dukkha and became 'ARIHANT '. The technique was called Vipassana meaning a special way of looking.

Buddha sent them in all directions East, west, south, North to share this knowledge and simultaneously started teaching to others who wanted to learn and shared his knowledge for next 45 years giving 84,000 lectures that are documented in Three Tripitaka. Recently, Guruji has started a project translating and republishing in many languages including ENGLISH and HINDI and are available to read and learn to all.

Buddha's special message was Do not believe because I say so. Do not believe if somebody else (Other Pandit or Guru) Says so, but learn and get your own DIRECT EXPERIENCE and then BELIEVE.

As such these Gyan is available to learn as a form of. Vipassana technique and being taught in 10 days meditation courses. Buddha never taught the RELIGION, he taught law of nature that are applicable to one and all regardless of caste or creed, poor or Rich, Old or young, male or Female, Black or white etc. vipassana courses are Free of Charge including living accommodation and food from those days till today.

There are more than 250 centres all around the

world.

### B) What did Buddha achieve and what did he limit his teaching too?

By becoming Buddha, he now knew whatever there is to know in this world i.e., Bhautik and chetsik i.e., Matter and mind. However, he limited his teaching in Mental field and how Avidya and karma lead to Dukkha, reason for the Dukkha, the way out of Dukkha by eliminating all karma one can achieve Nirvana in his 84,000 lectures over 45 years after Buddhahood.

His teaching is because of karma you are here and by living Eightfold path of SIL, Samadhi and Pragya and practicing vipassana you can stop generating new karma and eliminate all past karma leading to Nirvana. All mental and physical phenomena which arise at our five sense doors and mind are Dukkha. Beings are ever changing processes, there is no final product that's why they are Dukkha. Clinging to five aggregate and mind subjects make one unhappy. Wisdom arose in Buddha not from any teacher but by direct personal experience that's what vipassana offers.

### (C) what is Sil/Samadhi and Panna?

Sil Means Moral values.Samadhi means Dhyan and Panna means wisdom.

The entire Path is made of eightfold divided into three groups

1. Sila... Samma Vachha, Samma kamanta, samma Aajivika.
2. Samadhi... Samma vayama, Sammasati, Samma samadhi
3. Panna... Samma ditthi, Samma Sankalpa

SIL is Moral following of five precepts which are

1. Not to harm any being with mind, vachan (speech)and kaya (Body)
2. Not to kill
3. Achori:Not to take/use that does not belong to you
4. No intoxication
5. Brahma Charya.

### (D) Few things Buddha Realised:

1) Everything that happens in this world has a cause and effect relationship.

2) Every particle small or large vibrates continuously and is nothing but wavelets

(Frequency).

3) Every particle small or large arises, decay and falls and rises again.

4) These changes are constant phenomena.

5) There is no final product.

6) Same way DUKHA also changes. Its law of Impermanence

7) Same way SUKHA also changes. Its law of impermanence.

8) Impermanence has to be experienced on your own body to appreciate DIRECT

experience i.e., your own knowledge.

9) Impermanence has to be continuously realised for a longer period of time and at the subtlest level. That requires a higher degree of concentration.

10) To understand cause and effect on your body you need a higher degree of concentrated mind.

11) To achieve a higher degree of concentration you need support. Natural Breath is the best support as it's there always till your last breath.

12) That's where he started utilising breath as a tool to achieve concentration.

13) Watching Breath means watching the start of breath in and continuously till it stops

coming in with awareness.

14) Watching Breath out means watching the outgoing breath i.e., starting of the outgoing and continuing till it stops outgoing with awareness.

15) Watching incoming and outgoing breaths continually.

16) Once you start observing you will also notice the temperature of incoming and outgoing breaths. You will notice the difference in temperature. Thus you will get direct experience of the law of nature.

17) Breath has a habit of touching your body.

18) When breath touches something, Something in the body changes.

19) This change is also called as savendana.

20) Savendana also changes. Arise, stays and decays.

1. As much as possible your mind should stay on

your body watching samvedna without Rag-Dwesh, realising changing nature law

2. When you concentrate on breathing, cleansing of mind starts. When u watch your breath, there is no Rag-No Dwesh as such No karma Bandhan. When there is no karma Bandhan, there is a karma, Nirjara.ie your stored karma comes to surface and gets dissipated.

3. Rag sanskars are more responsible for Re birth then Dwesh sanakars. Even though Dwesh sanskars are painful when Nirjara happens.

**E) What did Buddha taught to first five friends?**

He told them 'Dhamma chakra Pravartan Sutta.Starting with the truth of suffering, The truth of origin of suffering, cessation of suffering he led in to path leading to cessation of suffering.

While explaining Truth of suffering, he said

1. Jati... New Becoming (Rebirth) is Dukh
2. Jara... Getting old (Old age is Dukh)
3. Byadhi... Disease or ailment is Dukh
4. Marnam... Death is Dukh
5. Appyehi Sampayo Go... Association with hateful (Unloved) ones is Dukh
6. Piyegi vippayoga... separation from loved one is Dukh
7. Yampiccham na labhini...not getting what u want is Dukh
8. Samkhittena pancupadanakkhandha Dukkha. Five group of grasping is Dukkha i.e., Grasping at Eyes,Nose, Ear, Twacha and jiva are Dukkha

**What is Sankara or karma?**

Sankhara indeed means our actions and reactions in daily life both good and bad. what is generally known as karma comes under this group. it's a volition (Chetna) that I called Dhamma. Having willed one acts thru body, speech and mind.

Volition is mental construction, or mental activity. its function is to direct mind in sphere of good, bad or neutral. Thats why it's called karmic formation. when our six sense faculties and their corresponding six sense objects in the external world comes in contact, sense awareness arises. Then respective sensation and perception arise. These are followed by our actions and reactions.

**How Bhava chakra starts and how it ends (Nirodha) ie Dhamma Chakra by Cause-and-Effect relationship**

| BHAVA CHAKRA | DHAMMA CHKRA |
|---|---|
| (1) Avidya is Ignorance | (1) Avidhya Nirodha (Eliminated Experiencing Anitya) |
| (2) Avidya (Ignorance) pachya Sankara (Formation) | (2) Sankhara or Formation Nirodha |
| (3) Sankhara pachya Vigyan (Consciousness) | (3) Vigyan or consciousness Nirodha |
| (4) Vigyan pachya Nama Rupa (Mentality/Materiality | (4) Nama Rup or Mental and Materiality Nirodha |
| (5) Nama rup pachya Ayatana (Six sense Bases | (5) Ayatana or six sense basis Nirodha |
| (6) Ayatana pachya fus (Contact-Sparsha) | (6) Fus or contact-sparsh Nirodha |
| (7) Fus Pachya vedna (Feeling) | (7) Fus or Vedna Nirodha |
| (8) Vedna pachya tanha (Craving) Trishna | (8) Tanha or Craving Nirodha |
| (9) Tanha pachya Upasana (Clinging | (9) Upasana or Clinging Nirodha |
| (10) Upasana pachya Bhava (Becoming) | (10) Bhava or Becoming Nirodha |
| (11) Bhava pachya jati -Birth | (11) Bhava or Birth Nirodha |
| (12) Jati pachya jara-Marananana (Aging-Death-Pain, Dukh) | (12) Jara, Marnam, Death Nirodha |

**(F) Missing Link:** Analysis of what happens when the subject comes in at the contact door and how Avidhya ends.

1. Vigyan Arises
2. Sanghya recognises and values

3. Vedna(samvedna) on the body

4. Sanskar-Karma is registered

Sanghaya recognises based on past experience and Vedna arises. Since sanghya's input is based on **past experience** it gives wrong values of Like or dislike, Rag or Dwesh. So, Mind reacts with RAG OR DWESH. Rag and Dwesh sanskar are Registered. As such Sanskar of Rag or Dwesh gets registered and Life perpetuates. BUDDHA observed and said this is how Bhava Chakra continues.

Buddha discovered that when Venda arises, sanghya gives valuation and the mind reacts. If we can change this valuation to 'ANITYA' which is what the TRUTH OR REALITY Of the moment is. Then Mind will stop reacting because changing is not mind desires, mind wants unchanging things i.e., NITYA things.

So, while meditating when Vedna arises, the meditator watches its change and experience as a change or ANITYA (impermanence). These ANITYA Observation, acknowledgement and experience stops the mind from making new Sankar. And when new sanskar are not generated, old ones start to raise their head and being ANITYA, their Nirjara (Elimination) begins.

Buddha called these as DHAMMA CHAKRA.

DHAMMA CHAKRA stops making new Bhava (New Birth) and Bhava Chakra weakens with continued practice.

When meditating, meditators continue to observe these Vedna's with ANITYA knowledge or as Buddha called Anitya Bodh.... ANITYA Bodh... and with the base of Anitya Bodh Awareness, Samta or tranquillity increases. With every correct observation of Vednaa sanskar are reduced and when you continue doing that's eventually no sanskar are left and NIRVANA

OR NO SANSKAR experience is assured.

This way Vipassana meditation leads to increased tranquility leading to eventual Nirvana. It's a long path but it's a true Dhamma path, true logical, scientific path which can be experienced by any one regardless of their religious beliefs or Colour or creed, male or female. It's universal.

Dhamma is universal, it's Laws of Nature. It was, it is and it will be. This is the param Arth.

Mangal Ho

Feb. 4, 2022

✦ ✦ ✦

# ભવભૂતિનું ઉત્તરરામચરિત

**ડૉ. નિરંજના જોશી**

વિદ્યા અને કલાના ક્ષેત્રે અદ્વિતીય સ્થાન ધરાવતા એવા ભારતવર્ષમાં સ્વયશની સૌરભથી દસે દિશાઓમાં ઉત્કૃષ્ટ પ્રતિભાસંપન્ન કવીશ્વરોમાં ભાસ, કાલિદાસ, ભવભૂતિ આદિએ પોતાના સર્જનરૂપી અલંકારોથી શારદાને વિભૂષિત કરી છે. તેમાં યે ભવભૂતિએ નાટકકાર તરીકે ચક્રવર્તી સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમ સર્વ પ્રજ્ઞાવાન પંડિતોનું માનવું છે. તેમણે મહાવીર ચરિત, માલતીમાધવ અને ઉત્તરરામચરિત નામક ત્રણ નાટકોનુ સર્જન કર્યું છે.

भवभूतेः संबंधाद् भूधरभूरेव भारती भाति,

अेतत् कृत कारुण्ये किमन्यथा रोदिति ग्रावा ।।

પર્વતમાંથી ઉદ્‌ભવેલાં પાર્વતી, ભવ એટલે કે શંકરની ભૂતિ–ઐશ્વર્યને કારણે શોભે છે. કારણ જો એમ ન હોય, તો ભવભૂતિએ રચેલ કરુણ રસપ્રધાન ઉત્તરરામચરિત નાટકમાં પાષાણ કેમ રુદ્દન કરે? ગ્રાવા એટલે પાષાણ. ભવભૂતિરચિત ઉત્તરરામચરિતમાં પત્થર પણ પીગળી જાય એવો કરુણરસ ઝરે છે.

ભવભૂતિ મા સરસ્વતીની શોભા મનાય છે. જેમ શિવને આલિંગન આપતાં પાર્વતીને લાગેલી ભસ્મ (ભૂતિ) તેમની શોભા બને છે. આવા ભવભૂતિના પિતા નીલકંઠ, દાદા ભટ્ટ ગોપાલ, માતા જતુકર્ણી અને ગુરુ જ્ઞાનનિધિ હતા. સર્જકના સર્જન પાછળ કેટલી પાર્શ્વભૂમિ ઉપાદાન રૂપ હોય છે, તે પણ જાણવું જરૂરી હોય છે. કવિ મહાવીરચરિતમાં વીરરસ, માલતીમાધવમાં શૃંગારરસ અને ઉત્તરરામચરિતમાં કરુણરસને પ્રાધાન્ય આપ્યું છે.

રામાયણમાં વર્ણિત રામના ઇતિહાસથી સંબંધિત સાત અંકોમાં રચાયેલ નાટક એટલે ભવભૂતિની પ્રથમ દશ્ય કાવ્યરચના! સંસ્કૃત ભાષામાં કાવ્ય, દશ્ય અને શ્રાવ્ય એમ બે પ્રકારમાં વહેંચાયેલું છે. જે જોઈ, દેખાડી શકાય, તે દશ્ય અને ગાઈ સાંભળી શકાય, તે શ્રાવ્ય! તેથી નાટક એ દશ્ય કાવ્ય કહી શકાય. જે સંસ્કૃતમાં રૂપક નામથી પણ ઓળખાય છે. આ રૂપકમાં કથાવસ્તુ, નાયક અને રસ – આ ત્રણ અત્યંત અનિવાર્ય પ્રાણાધાર તત્વો મનાય છે.

ભારતીય નાટ્ય સાહિત્ય વિશે આટલી પૂર્વ ભૂમિકાથી અવગત થયા બાદ આપણે વિશેષતઃ ભવભૂતિની નાટ્યકૃતિઓ વિષે જોઈએ. ભવભૂતિની નાટ્યકૃતિઓ બદલ ''તિલકમંજરી''માં ધનપાલ કહે છે; **स्पष्ट भावरसा चित्रैः पदन्यासैः प्रवर्तिता, नाटकेषु नटस्त्रीव भारती भवभूतिना ।।** ભાવ અને રસ તથા અદ્‌ભૂત સાહિત્યિક અભિવ્યક્તિને કારણે ભવભૂતિના નાટકો ગણનાપાત્ર મનાયા છે.

પાશ્ચાત્ય વિવેચકોને પણ ભવભૂતિની કલમે મુગ્ધ કરવામાંથી વંચિત નથી રાખ્યા. પ્રા. વિલ્સન કહે છેઃ He is a master supreme and without rival, in the art of portraying pathos. તેમના ''ઉત્તરરામચરિત'' નાટકમાં જે શબ્દો સીતા માટે તેમણે વાપર્યા છે, તે તેમની સ્વયં કાવ્યપ્રતિભા માટે આપણે વાપરીએ, તો જરા પણ અસ્થાને નથી. સીતા માટે તેમણે કહ્યું છે : **करुणस्य मूर्तिरथ वा शरीरिणी।** સંસ્કૃત સાહિત્યના નભોમંડળમાં વિહરતા ભાસ, કાલિદાસ, બાણ ઇત્યાદિ સિતારાઓ તો છે જ; પણ ભવભૂતિએ એક અનોખું સ્થાન પ્રાપ્ત કરી ધ્રુવતારકત્વ સિદ્ધ કરી દેખાડ્યું છે.

તેમનું ભાષા લાલિત્ય તેમના શ્લોકોના ધ્વનિગામી સર્જનમાં દેખાઈ આવે છે. અર્થચ્છાયા પ્રગટ કરતા તેમના લોકો જોઈએ.

किमपि किमपि मन्दं मन्दमासत्तियोगात्
अविरलत कपोलं जल्पतोरक्रमेण
अशिथिल परिरम्भ व्यापृतैकैकदोष्णोः
अविदित गतयामा रात्रिरेव व्यरंसीत्।।

આ શ્લોકનો આસ્વાદ ત્યારે જ માણી શકાય, જ્યારે આપણે તત્કાલીન પરિસ્થિતિથી અવગત થઈએ. રામાયણની મૂળ કથામાં યત્કિંચિત ફેરફારો સાથે રજૂ થતા આ ઉત્તરરામચરિતનો ઉઘાડ થાય છે. રામના રાજ્યાભિષેકના સમારંભની સમાપ્તિથી! સૌ ઋષિગણ, અતિથિ, મુનિવર્ય વગેરે વિદાય થયા. વત્સલ પિતાની વિદાયને હૃદયમાં ભારેખમ હૈયે ધારણ કરતી સગર્ભા સીતાને રામ આશ્વાસન આપે છે. ત્યાં ઋષ્યશૃંગ – દશરથના જમાઈ – તરફથી યજ્ઞ માટે નિમંત્રણ આવે છે. અને ભગવાન વસિષ્ઠએ કહેવડાવેલ આશીર્વચન સુણાવે છે.

विश्वंभरा भगवती भवतीमसूत
राजा प्रजापतिसमो जनकः पिता ते।
तेषां वधू स्त्वमसि नन्दिनि
पार्थिवानां याषां कुलेषु सविता च गुरुवर्यं च।।

ભગવતી વિશ્વંભરાએ તમને જન્મ આપ્યો છે. સાક્ષાત્ પ્રજાપતિસમાન રાજા જનક તમારા પિતા છે. તમે જે સર્વશ્રેષ્ઠ રાજવંશના રાણી છો, તે વંશનો સૂર્ય સ્વયં આદિ પુરુષ છે. અને અમે તમારા માટે બીજું શું ઇચ્છી શકીએ? હવે મારી એક જ ઇચ્છા છે કે તમે વીરજનની વીરપુત્રની માતા થાઓ. **–केवलं वीरप्रसवा भूयाः।**

આ સાંભળી જગવિખ્યાત ઉક્તિ રામના મુખેથી સરી પડે છે.

लौकिकानां हि साधूनामर्थं वागनुवर्तते;
ऋषीणां पुनराद्यानां वाचमर्थोऽनुधावति

ત્યારબાદ રામે પોતાના અંગે સંદેશો જાણવા ઉત્સુકતા બતાવી, ત્યારે વસિષ્ઠનો જે સંદેશો રામને અષ્ટાવક્ર સંભળાવે છે, તે આજના કાળમાં પ્રત્યેક શાસનકર્તા એ મંત્રી પદની શપથવિધિ બાદ શાસકજીવનના મુદ્રાલેખસમો આચરણીય છે.

**युक्तः प्रजानामनुरञ्जने स्याः तस्माद्यशो परमं धनं वः**-પ્રજાના પ્રેમથી પ્રાપ્ત થયેલી કીર્તિ એ જ રઘુવંશનું પરમ ધન છે.

રામને ચંદ્રનું બિરુદ લોકહૃદયસમ્રાટને નાતે જ મળ્યું હોવું જોઈએ. ''રામચંદ્ર'' ત્યારે રામે આપેલો પ્રત્યુત્તર પણ ઘણો વિચારપ્રદ છે.

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकीमपि;
आराधनाय लोकस्य मुञ्चतो नास्ति मे व्यथा.

પ્રજાને સર્વ પ્રકારે સંતુષ્ટ રાખવા માટે મારે મારાં અંગત સ્નેહ, દયા, સુખભોગનો ત્યાગ કરવો પડે અથવા પ્રાણપ્રિયા જાનકીનો ત્યાગ કરવો પડે; તો પણ મને વ્યથા થશે નહીં – આ છે રાજાની પ્રજા સમક્ષ હૃદયપૂર્વકની શપથવિધિ! જીવનમાં શાસનની ભૂમિકા અગ્રિમસ્થાને, પરિવાર ગૌણ! લક્ષ્મણ રામ-સીતાને ચિત્રપ્રદર્શન જોવા લઈ જાય છે; જેમાં ભૂતકાળ પુર્નજીવિત થતો બતાવાય છે. અતીતના સંસ્મરણો સહૃદયને આનંદપ્રદ અને શોકપ્રદ – બંને પ્રકારની અનુભૂતિ કરાવે છે.

जीवत्सु तातपादेषु नूतने दारसंग्रहे
मातृभिश्चिन्त्यमानानां ते हि नो दिवसा गताः।

મિથિલામાં વિવાહ બાદ અયોધ્યા પ્રવેશનું ચિત્ર જોતાં ગદ્‌ગદ્ કંઠે રામ ઉપરોક્ત ઉક્તિ બોલી ઉઠે છે. આમ એક પછી એક ચિત્રાવલિ દૃષ્ટિ સમક્ષ આવતાં અતીતનાં સંસ્મરણો તાદૃશ કરતાં રામસીતાને ચીતરવામાં ભવભૂતિની અર્થચ્છાયાપૂર્ણ શબ્દાવલિનું દર્શન થાય છે.

ગુપ્તચર દુર્મુખ નગરચર્યા કર્યા બા લોકમુખે થતી ચર્ચાનો સૂર રામ સુધી પહોંચાડવા આવે છે, ત્યારે ઊંઘમાં ભૂતકાળની

વિરહાવસ્થાને સ્મરી દુઃખી થતી સીતા પ્રત્યે પ્રેમજન્યરોમાંચ અનુભવતાં જે ઉદ્ગાર રામના મુખેથી સરી પડે છે, તે સમાજના પ્રત્યેક ગૃહસ્થાશ્રમી માટે સુવર્ણાક્ષરે અંકિત કરી રાખવા જેવા છે.

अद्वैतं सुखदु:खयोरनुगुणं सर्वास्ववस्थासु यत्,
विश्रामो हृदयस्य यत्र जरसा यस्मिन्नहार्यो रस:
कालेनावरणात्ययात्परिणते यत्स्नेहसारे स्थितं,
भद्रं तस्य सुमानुषस्य कथमप्येकं हि तत्प्राप्यते।

સાચો પ્રેમ સુખમાં કે દુઃખમાં, સંપત્તિમાં કે વિપત્તિમાં, યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં એકસરખો, અવિચલ રહે છે. એવા પ્રેમસુખના અધિકારી થવું એ કંઈ ઓછા સૌભાગ્યની વાત નથી. આવો પ્રેમ જગતમાં વિરલ અને દુર્લભ હોય છે. જો એમ ન હોત, તો સંસારમાં સુખની કંઈ હદ જ ન રહેત. સમાજમાં સીતાની થતી રહેલી ચર્ચાનો કારમો ઘા રામના મનમાં શાસક અને ભર્તા વચ્ચે સંઘર્ષ જન્માવે છે. શાસક રામ પ્રજાવાત્સલ્ય દૃષ્ટિ સમક્ષ રાખી અંગત જીવનને ગૌણ માને છે, લક્ષ્મણને સીતાને વનમાં મૂકી આવવાના કઠોર કર્તવ્યની ફરજ પડે છે.

બીજા અંકમાં બાર વર્ષ બાદનો સમયગાળો બતાવાયો છે. સીતા લવ અને કુશની માતા, વાલ્મીકિને અસ્ત્ર શસ્ત્રવિદ્યાના ગુરુપદે જોઈ ધન્યતા અનુભવે છે. રામ અશ્વમેઘ યજ્ઞ યોજે છે, જેના અશ્વને પકડવાને લીધે લવ અને કુશના અપૂર્વ પરાક્રમનો પરચો લક્ષ્મણપુત્ર ચંદ્રકેતુને થાય છે; જેમાં ભવભૂતિ વીરરસ ચીતરવામાં કમાલની નિપુણતા દાખવી ગયા છે.

ત્રીજો અંક સીતા અને રામની વિરહાવસ્થાના શોકનું વર્ણન ચીતરે છે :

आश्चयोतनं नु हरिचन्दनपल्लवानां,
निष्पीडितेन्दुकर कन्दलजो नु सेक:
आतप्तजीवित पुन: परितर्पणोऽयं,
संजीवनौषधिरसो नु हृदि प्रसिक्त:।।

રામ સીતાને દેખાતા હતા, પણ ભાગીરથીના વરદાનથી રામને સીતા દેખાતા નહોતાં. તેમ છતાં કોઈ પ્રિય વસ્તુનો સ્પર્શ થવાથી પોતે શુદ્ધિમાં આવ્યા છે એમ તેમને જણાયું. આથી તેઓ વિચારે છે : "શું આ મારા ઉપર ચંદનનો રસ છંટાઈ રહ્યો છે કે ચંદ્રનાં કિરણોને નિચોવી તેના અમૃતરસનો અભિષેક થઈ રહ્યો છે? દુઃખના અગ્નિમાં બળી ગયેલા મારા આ જીવનવૃક્ષને ફરી સંજીવન કરનાર રસ મારે હૈયે કોણે છાંટ્યો?"

આ અંકમાં શોકની ઉત્કટ અવસ્થા કવિએ ચીતરી છે. સાથે સાથે ઉત્તમોત્તમ ચિરસ્મરણીય ઉક્તિઓ દ્વારા ભવભૂતિ સાહિત્યની અમર સ્મૃતિ બની ગયા છે.

अन्त:करणतत्वस्य दम्पत्यो: स्नेहसंश्रयात्,
आनन्दग्रन्थिरेकोऽयं अपत्यमिति कथ्यते।।

સંતતિ એ સ્નેહની ચરમસીમા છે. માતાપિતાને, અંતઃકરણને એકબીજાની સાથે જોડનારી ગાંઠ છે. એકએકથી ઉત્તરોત્તર ચડે તેવાં કરુણરસને સાકાર કરે તેવા સંવાદો, ઉક્તિઓ, શબ્દાવલિઓ આ અંકને કરુણરસની ટોચ પર પહોંચાડી દે છે. આ જ અંકમાં છેલ્લે રામ અને સીતાનો ગાઢ પ્રેમ જોઈ તમસા નદીથી કહેવાઈ ગયું:

अेको रस: करुण अेव निमित्तभेदात् भिन्न: पृथवपृथगिवाश्रयते विवर्तान् आवर्तबुद्बन्तरंगमयान्विकारान् अम्भो यथा समग्रम् ।। सलिलमेव तु तत्

જેમ એક જ પાણી ઘૂમરીઓ, પરપોટા, તરંગો વગેરે જુદાં જુદાં સ્વરૂપોમાં દેખાય છે, તેમ આ કરુણરસ એક જ હોવા છતાં સ્થળ, કાળ અને વ્યકિતનાં જુદાં જુદાં નિમિત્તોના કારણોના યોગથી હર્ષ, શોક વગેરે અનેક સ્વરૂપો ધારણ કરે છે.

ચોથા અંકમાં ઋષ્યશૃંગના યજ્ઞમાં ગયેલાં વસિષ્ઠ, અરૂંધતી, કૌશલ્યા વગેરે સીતાવિયોગથી દુઃખી થઈ પાછા અયોધ્યા ન ફરતાં વાલ્મીકિ ઋષિના આશ્રમમાં ગયાં. બીજે જ દિવસે રાજાજનક પણ ત્યાં જ આવી પહોંચ્યા. પુત્રી વિરહથી વ્યથિત વત્સલ પિતૃહૃદય સ્વગત બોલે છે : "ઘડપણથી, સંતાપથી, તપ, વ્રત વગેરેથી લોહી માંસ સુકાઈ જઈને માત્ર હાડચામનું આ ખોખું (કાયા) પડતું નથી. હવે મારે દેહત્યાગ સિવાય કોઈ ઉપાય નથી પણ તરત જ કહે છે :

अन्धतमिस्त्रा हि असूर्या नाम ते लोकास्तेभ्य:,
प्रतिविधीयन्ते य आत्मघातिन इत्येवमृष्यो मन्यन्ते ।

ઋષિઓ કહે છે કે આત્મહત્યા કરનારને અજ્ઞાન અને અંધકારથી યુક્ત "અસૂર્ય" નામના લોકમાં વાસ મળે છે.

જે કાળે દિન પ્રતિદિન સહનશીલતાના અભાવે અને અનંત અરમાનોની પૂર્તિના અભાવે જ્યારે દેહત્યાગના કિસ્સા વધતા જ જાય છે, તે કાળે આટલા નાના અમથા વાક્યની યોગ્ય સમજણ પણ કેટલી ઉપયોગી નીવડી શકે! પણ ક્યારે? જ્યારે આ પરિણામ જાણ્યું હોય ત્યારે! પણ હવેના કાળમાં સંસ્કૃત, ગુજરાતી જેવી ભાષાઓ જાણીને નોકરી, ધંધામાં ધનવૃદ્ધિ થવાની છે? એ પ્રશ્ન થવાથી ફાયદાવાદી કાળમાં આ અને આવી અનેક કૃતિઓના કેટલાય અમર વિધાનોના અભ્યાસથી ભાવિ પેઢી વંચિત રહે છે

અને કેટકેટલાયે અહિત સમાજમાં સર્જાયા જ કરે છે.

પિતા બાળકીનું શૈશવ સ્મરે છે! અહીં નાટકકારની કલમની કમાલ જોવા મળે છે! વિદેહી જનક પણ પિતૃવાત્સલ્યનો ઊભરો આવે તો કેવું કેવું બોલી શકે એની સુમધુર કલ્પના કરી છે!

अनियत रुदित स्मितं विराजत्,
कतिपय कोमल दन्त कुड्मलाग्रम्
वदनकमलकं शिशोः स्मरामि,
स्खलदसमञ्जसमञ्जु जल्पितं ते ।।

અરેરે! હજુ તો મને ઘડીમાં હસતું અને ઘડીમાં રડતું નાની નાની કોમળ દંતકળીઓવાળું, કાલાકાલા શબ્દો બોલતું એ તારૂં બાલ્યકાળનું મુખકમળ યાદ આવે છે!

અહીં સંવેદના માનવી માત્ર માટે કેટલી સહજ છે! એ વાંચીએ, ત્યારે વિચારસાહચર્યના નિયમ મુજબ કવિકુલગુરુ કાલિદાસની શકુંતલાની કન્યાવિદાયનો પ્રસંગ યાદ આવ્યા વગર ન જ રહે. કણ્વઋષિ વૃક્ષ વનસ્પતિને શકુંતલાને આશિષ આપવા કહે છે.

ત્યારબાદ અરૂંધતી કૌશલ્યાને લઈ જનક પાસે આવે છે. કૌશલ્યાના શોકસંતપ્ત હ્રદયની જાણ કરાવે છે. અને પોતે પણ સીતા માટે જે શબ્દો કહે છે; તે ખરેખર ખૂબ જ હૃદયંગમ છે! પ્રમાણપત્ર પણ કોણ આપે છે એ મહત્વનું છે. દાંપત્યજીવનના આરંભમાં જ **वसिष्ठऽप्यारुंधती**-નો આશીર્વાદ પ્રત્યેક નવદંપતી લગ્ન બાદ મેળવે છે, તે સ્વયં દંપતીના આદર્શ અરૂંધતી, સીતા માટે કહે છે :

शिशुर्वा शिष्या वा यदसि मम तत्तिष्ठतु तथा,
विशुद्धेरुत्कर्षस्त्वयि तु मम भक्तिं द्रढयति।
शिशुत्वं स्त्रैणं वा भवतु ननु वन्द्यासि जगतां गुणाः
पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः।

તું મારી પુત્રી હો કે શિષ્યા! તારામાં રહેલી વિશુદ્ધિ (પવિત્રતા) જ તારામાં મારી દઢ ભક્તિ (અનુરક્તિ) ઉત્પન્ન કરે છે. તું બાલા હોય કે કિશોરી કે પુખ્ત નારી; એથી તું આખા જગતને માટે વંદનીય જ છે; એમાં સંદેહ નથી. ગુણવાનોમાં તેમની પૂજનીયતાનું કારણ તેમનાં વય, જાતિ, પહેરવેશ કે ચિહ્ન વગેરે નથી; પણ તેમના ગુણો જ છે.

આમ સનાતન સત્ય અરૂંધતીના મુખે મૂકી નાટકકાર લોકહૃદયમાં સદાકાળ સ્થાન મેળવી જાય છે. સાસુના મોઢેથી પુત્રવધૂના વિરહની વ્યથા સાંભળવા ભવભૂતિ પાસે જ જવું પડે. ''ઓ વત્સે જાનકી! આ વખતે તું ક્યાં છે? નવવિવાહની શોભા માત્રથી જ સોહામણું લાગતું, ઉજ્જવળ નિર્મળ હાસ્ય સ્ફૂરી રહેલું તારૂં મુગ્ધ મુખકમળ મને સાંભરે છે. બેટી આવ, અને પૂર્ણ ચંદ્રની ચાંદની જેવાં તારાં સુંદર અંગોથી ફરી મારી ગો ઉજળી કરી દે!''

નાટકકારની વર્ણનશક્તિ તો અદ્ભૂત છે! અંગવર્ણન વાંચતાં વ્યક્તિ આબેહૂબ તાદશ થઈ જાય. કૌશલ્યા અને જનક વાલ્મીકિના આશ્રમમાં ઉછરતા લવને પોતાના ખોળામાં બેસાડી સ્પર્શસુખ માણે છે.

અજાણપણે દાદી પૌત્રને ખોળામાં બેસાડે તેને ખબર નથી કે આ તેનો જ હૃદયાધાર રામપુત્ર લવ છે. પણ લોહીનો સંબંધ ઇન્દ્રિયોને પણ કેવી સંવેદ્ય બનાવી દે છે, તેનું ચિત્રણ નાટકકારે બખૂબી કર્યું છે. અહો! જરીક ઊઘડેલા નીલકમલ જેવા શ્યામ ઉજ્જવલ દેહબંધ વડે – **देहबंधेन, कवलितारविन्द केसरकषायकण्ठकलहंस घोषघर्घर निनाददीर्घेण च स्वरेण**-અને પદ્મકેસર ખાઈને જેનો કંઠ મધુર ઊઘડ્યો છે એવા કલહંસના નાદ સમા દીર્ઘ ગાજતા સ્વરથી પણ એ રામભદ્રને મળતો આવે છે **(रामभद्रम् अनुसरति)** વળી પ્રફુલ્લ કમળના ગર્ભભાગ જેવો એના શરીરનો સ્પર્શ પણ તેવો જ કોમળ છે.

લવ અને કુશ આશ્રમને આંગણે આવી ઊભેલ અશ્વમેઘ યજ્ઞના અશ્વ વિષે જ્યારે સૈનિકો પાસેથી સાંભળે છે કે આ ઘોડો ધજા અને વીરોની ગર્જનાઓ – આ બધું સાતે લોકના અદ્વિતીય વીર અને રાવણકુળના ઉચ્છેદ કરનાર મહારાજા રામચંદ્રનું છે – ત્યારે લવનું ક્ષાત્ર લોહી ઊકળી ઊઠ્યું. તે સૈનિકોને કહેવા લાગ્યો, **भो भोः तत्किमक्षत्रिया पृथिवी यदेवमुद्घोष्यते?** આમ ક્ષાત્ર તેજનો પરચો લવે બતાવી દીધો. પાંચમો અંક બંને કુમારોનું પરાક્રમ લઈને આવે છે જે વીરરસની લ્હાણ પીરસે છે.

તપોવનમાં માત્ર વિદ્યાસ્નાતક જ ન થતાં વ્રતસ્નાતક પણ થયેલા લવ-કુશ કેવા આદર્શ કિશોરો હતા, તેનો પરિચય અહીં નાટકકાર ભવભૂતિ કરાવે છે. **वीराणां समयो हि दारुणरसः स्नेहक्रमं बाधते ।**

ખરેખર! વીરોનો ધર્મ એ દારુણરસ છે. તેની આગળ સ્નેહસંબંધ ટકી શકતો નથી. સાક્ષાત વીરરસ સમા લવ-કુશ ચંદ્રકેતુ તરફ તારા મૈત્રક રચી અહેતુક નિષ્કારણ પ્રેમતંતુથી આકર્ષાય છે; પણ બંને ક્ષાત્રધર્મને સ્વીકારી કર્તવ્યાભિમુખ બને છે.

ऋषयो राक्षसीमाहुर्वाचमुन्मत्तद्रप्तयोः,
सा योनिः सर्ववैराणां सा हि लोकस्य निऋतिः

ઉન્મત્ત અને ગર્વિષ્ઠ વાણીને ઋષિઓ રાક્ષસી વાણી કહે છે.

એ વાણી જ સર્વ પ્રકારનાં વૈરોનું મૂળ છે. એથી વાણી સર્વલોકોનો ઉચ્છે કરનારી છે.

ઋષિઓ એવી વાણીની નિંદા કરીને એથી ઊલટા પ્રકારની વાણીની પ્રશંસા કરતાં કહે છે :

कामं दुग्धे विप्रकर्षत्यलक्ष्मीं,
कीर्तिं सूते दुष्कृतं या हिनस्ति ।
तां चाप्येतां मातरं मङगलानां,
धेनुं धीराः सूनृतां वाचमाहुः ।।

નિર્મળ શુદ્ધ વાણી કામધેનુની પેઠે સર્વ અભિલાષાઓને પૂર્ણ કરે છે, અલક્ષ્મીને દૂર કરે છે, કીર્તિ ઉત્પન્ન કરે છે, શત્રુઓનો નાશ કરે છે. એવી શુદ્ધ વાણી સર્વમંગલોની જનની છે.

લવ ઉપરોક્ત ચિંતનગર્ભ વિધાનો ઉચ્ચારે છે, ત્યારે બાર વર્ષનો છે. કેટલી સંસ્કારી વિચારોની ઉદાત્તતા! એકએકથી ચડે એવા લવના વાગ્બાણ ભલભલાને આંજીને જકડી રાખે તેવા હતા. અંક છઠ્ઠામાં બંને ભાઈઓ – ચંદ્રકેતુ અને લવ – સામસામા ક્ષાત્રત્વ સિદ્ધ કરવા મેદાને ચડે છે. તેટલામાં દંડકારણ્યથી પાછા ફરતા રામ અને લવકુશ પરાક્રમથી પરસ્પર પરિચય પામે છે સાતમા અંકમાં!

રામ પ્રથમવાર લવને જોઈને તેને દેહધારી ધનુર્વેદ અથવા મૂર્તિમંત ક્ષાત્રધર્મ, સાકાર ગુણરાશિ માને છે. જગતના પુણ્યોનો રાશિ આવિર્ભાવ પામીને મારી આગળ ઊભો ન રહ્યો હોય એવો આ કુમાર લાગે છે.

व्यतिषजति पदार्थानान्तरः कोऽपि हेतुर्न
खलु बहिरूपाधीन् प्रीतयः संश्रयन्ते
विकसति हि पतङगस्योदये पुण्डरिकं
द्रवति च हिमरश्मावुद्गते चन्द्रकान्तः ।।

સ્નેહ બહારનાં કારણો ઉપર આધાર રાખતો નથી. કોઈ આંતરિક હેતુ જ પદાર્થોને એકબીજા સાથે જોડે છે. સૂર્ય ઊગે ત્યારે કમળ ખીલે છે અને ચંદ્ર ઊગતાં ચંદ્રકાંત મણિ દ્રવીભૂત થાય છે, તે શું કાંઈ બાહ્ય કારણને લીધે થાય છે?

લવનાં ક્ષાત્રતેજનું વર્ણન સાંભળી રામ ગદ્ગદ્ થઈ જાય છે. છેલ્લે સીતા પુનઃ રામને મળે છે, રાજધાની અયોધ્યામાં સર્વ જાય છે. રાજ્યમાં રામચંદ્રનો જયજયકાર થાય છે. સર્વ રઘુવંશી કુમારો પ્રસન્નતાપૂર્વક અનેક પ્રકારે પ્રજાનું રંજન કરવા લાગે છે.

નાટકનો સુખાન્ત યોજવાની શાસ્ત્રપરંપરાને સ્વીકારીને નાટ્યકાર ભવભૂતિએ ભલે રામસીતાનું અંતે મિલન કરાવ્યું હોય; છતાં નાટકનો મુખ્ય રસ તો કરુણ જ છે; તેથી જ બીજા અંકમાં સીતાના ત્યાગ પછી ભવભૂતિ સીતાનો વિલય નિરૂપે છે. માતા પૃથ્વી પુત્રી સીતાને રસાતલમાં લઈ જાય છે. અને ત્યાં તે બાર વર્ષ રહે છે. આમ ઉત્તરરામચરિતમાં સીતાને નિત્ય વિલુપ્તા બતાવી એ સંજોગોમાં રામની હૃદયસ્થિતિ શું છે તે નિરૂપવાનો ભવભૂતિનો ઉપક્રમ સ્પષ્ટ દેખાય છે. અર્થાત્ શોક જેનો સ્થાયીભાવ છે એવા કરુણરસનું ઉત્તરરામચરિતમાં ભવભૂતિની કલમે આલેખન થયું છે.

યુરોપીય વિવેચકોએ ઉત્તરરામચરિત પાછળ ભારતના બહુપત્નીત્વના પ્રચલિત રિવાજ સામે એકપત્નીત્વનો આદર્શ રજૂ કરવાનો ભવભૂતિનો આશય જોયો છે, પણ ત્યાંના લોકોને એ આદર્શ આશય લાગે તે સહજ છે; પરંતુ ભવભૂતિ માત્ર એના માટે નાટક રચે એ બુદ્ધિગમ્ય વાત લાગતી નથી. પતિ અને પત્ની બંને એકમેક માટે શું છે તેનું દર્શન ઉ.રા.ચ.નાં રામ અને સીતામાં આપણને થાય છે. બંનેનાં સંબંધનું વર્નન કરવામાં ભવભૂતિ ખીલ્યા છે!

आविवाहसमयाद् गृहे वने शैशवे तदनु यौवने ।
पुनःस्वापहेतुरनुपाश्रितोऽन्यथा रामबाहुरुपधानमेष ते ।

પ્રિયે! અહીં પથારી નથી માટે મારા હાથનું ઓશિકું કરી સૂઓ. આપણા લગ્ન થયાં ત્યારથી ઘરમાં ને વનમાં, દિવસે ને રાત્રે, દરેક સ્થળે આ મારો બાહુ જ તને આશ્રય આપવાના કામમાં આવ્યો છે. તેથી આજ પણ તેના ઉપર જ વિશ્રામ લો! વિશ્રાંત સીતાને જોઈ

इयं गेहे लक्ष्मीः इयममृतवर्ति नयनयो रसावस्थाः
स्पर्शो वपुषि बहुलश्चन्दनरसः ।
अयं कण्ठे बाहुः शिशिरमसृणो मौक्तिकसरः
किमस्या न प्रेयो यदि परम सह्यस्तु विरहः।

ઉત્તરોત્તર ચક્ષુરિન્દ્રિય, સ્પર્શેન્દ્રિય, શ્રવણેન્દ્રિયની પરિતૃપ્તિ અનુભવતા રામ પોતાના મન સાથેનું દાંપત્ય સ્નેહનું સ્તોત્ર ઉપરોક્ત શબ્દોમાં ઉચ્ચારે છે. પત્ની પ્રત્યેની પતિની દૃષ્ટિમાં એને પ્રેયોમૂર્તિ તરીકે જોવાનું પણ સમાયેલું છે જ. એ અંશ જતાં પણ પરસ્પરને માટે વધુ ઉદાત્ત વ્યક્તિત્વ શેષ રહે છે. ઇન્દ્રિયાકર્ષણથી પર માનસિક અદ્વૈતનું, હૃદયના વિસામાનું, વૃદ્ધત્વથી પણ શુષ્ક ન બનનાર રસનું, સ્થિર થયેલા સ્નેહસારનું એવું કોઈ સદ્ભાગીને જ સાંપડતા વિરલ દામ્પત્ય મંગલનું દર્શન આપણને થાય છે. દુર્મુખ દ્વારા સાંભળેલી કિંવદંતી સાંભળીને તરત તો રામ મૂર્છા પામે છે, તેમ છતાં તેમના હૃદયમાં અતૂટ વિશ્વાસ છે કે સીતાનો ત્યાગ કરીને પણ અજોડ દાંપત્ય અક્ષુણ્ણ જ રહેવાનું છે.

પ્રિયજન મૃત્યુ પામતું નથી, અમૃત રહે છે – એ અનુભૂતિને કવિ ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં સાકાર કરી છે એનો નિર્દેશ નાટકના પ્રથમ લોકમાં, નાન્દીમાં જ વિરલ સૂત્રાત્મક વાણીમાં – મંત્રરૂપે – થયો છે.

इदं कविभ्यः पूर्वेभ्यो नमोवाकं प्रशास्महे।
वन्देम देवतां वाचममृतात्मनः कलाम्।।

સીતા રામનો અમૃત અંશ છે. ઉત્તરરામચરિતમાં મૂર્ત થતું કવિનું વિશિષ્ટ દર્શન પ્રેમ એ આત્માનો અમૃત અંશ છે એ – ''અમૃતા આત્માની કલા'' નાન્દીમાં આવેલ શબ્દોમાં જ સૂચવાયું છે. આવો અમૃતતત્વયુક્ત પ્રેમ સમષ્ટિને ઉવેખી શકતો નથી. સીતાના પરિત્યાગ દ્વારા રાજધર્મ અને રાજસૂયજ્ઞમાં સીતાની સુવર્ણપ્રતિમા મૂકીને પ્રેમધર્મ બંને અક્ષુણ્ણ રાખ્યા છે.

પ્રકૃતિ જેની પ્રેરણા જનની હોય એવા સંસ્કૃત સાહિત્યકારોની સૃષ્ટિમાં ભવભૂતિએ પણ પ્રકૃતિના કવિ તરીકે માત્ર સાહિત્યમાં જ નહીં પણ વિશ્વસાહિત્યમાં ઘણું ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

ઉત્તરરામચરિતના કરુણરસના આલેખનમાં પ્રકૃતિકવિતાનો સૂર પણ તાલ મિલાવે છે. સંસ્કૃતસાહિત્યના સુવર્ણયુગના અંતની આ કૃતિ હોવા છતાં કવિ ભવભૂતિની ભાષા સૌષ્ઠવભરી, સહજ અને પ્રાસાદિક છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૬ ૩૭૬૪૫

# જૈન ભૂગોળ–ખગોળ અને બ્રહ્માંડ : વિચિત્ર સમસ્યાઓ અને સમાધાન

**જૈન વિજ્ઞાની આચાર્ય શ્રીવિજયનંદિઘોષસૂરિજી મહારાજ**

*(આજની નવી પેઢીની શંકાઓ દૂર કરી, જૈન ભૂગોળ-ખગોળ અંગેની પ્રાચીન સમજ આપી ડગમગતી શ્રદ્ધાને દૃઢ કરતી લેખમાળા)*

**લેખાંક - ૩**

## જૈન બ્રહ્માંડ- લોક : એક સમસ્યા


આધુનિક વિજ્ઞાન જેને બ્રહ્માંડ કહે છે તેને જ જૈન પરંપરામાં લોક કહેવાય છે. બ્રહ્માંડ સ્વરૂપ લોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, કાળ અને જીવ એમ કુલ છ પ્રકારના દ્રવ્ય છે. તેમાં આકાશાસ્તિકાય એક એવું દ્રવ્ય છે કે તે લોકમાં અને લોકની બહાર પણ આવેલું છે. અલોક અર્થાત્ લોકની બહાર આકાશ સિવાય કશું જ નથી. જ્યારે લોકાકાશમાં ધર્મ, અધર્મ, પુદ્‌ગલ, જીવ અને કાળ દ્રવ્ય છે. અલબત્ત, વ્યવહારનય પ્રમાણે કાળના બે પ્રકાર છે. ૧. વ્યવહાર કાળ ૨. નિશ્ચય કાળ. તેમાંથી વ્યવહાર કાળ માત્ર મનુષ્ય ક્ષેત્ર અર્થાત્ અઢી દ્વીપમાં જ છે. અઢી દ્વીપની બહાર વ્યવહાર કાળનું કોઈ અસ્તિત્વ નથી. ષડ્‌દ્રવ્યથી યુક્ત લોકને જૈન આગમોમાં અને અન્ય જૈન ગ્રંથોમાં કમર ઉપર બે હાથ રાખી, બે પગ પહોળા કરી ઊભા રહેલ



મનુષ્યના આકારમાં દર્શાવવામાં આવ્યો છે. તેનું કુલ ૩૪૩ ઘનફળ ઘન રાજલોક અથવા રજ્જૂ પ્રમાણ બતાવેલ છે. અલબત્ત આ ઘનફળ પણ માત્ર કાલ્પનિક અથવા ગાણિતિક દૃષ્ટિએ તે બતાવેલ હોય તેવું જણાય છે.

બ્રહ્માંડના જૈન સ્વરૂપને આધુનિક વિજ્ઞાનના ભૌગોલિક નકશા સ્વરૂપે સમજવામાં આવે છે. પરંતુ તેની સાથે તેનો કોઈપણ પ્રકારનો મેળ બેસતો નથી, તેથી અત્યારની નવી પેઢીના યુવાનો અને બુદ્ધિશાળીઓના મગજમાં વિવિધ તર્ક-વિતર્ક થાય છે. અને તેઓ વિવિધ પ્રકારના પ્રશ્નો કરે છે. એટલું જ નહીં, કેટલાક બુદ્ધિશાળી જૈન શ્રાવકો, જૈન વિજ્ઞાનીઓ અને જૈન સાધુઓને સુદ્ધાં જૈન બ્રહ્માંડ પ્રત્યે અશ્રદ્ધા પેદા થવા લાગી છે. તો બીજી તરફ વિચિત્રતા તો એ છે કે જૈન બ્રહ્માંડ અંગેનો અભ્યાસ-અધ્યયન આજે પણ જૈન સાધુ-સાધ્વી સમુદાયમાં કરવામાં આવે છે. એટલું જ નહીં, પરદેશમાં પણ તેનું અધ્યયન અને સંશોધન કરવામાં આવે છે. બેલ્જિયમના એક વિદ્વાન ફ્રેન્ક વાન ડેન બોશે (Frank Van Den Bossche)

હરિભદ્રસૂરિકૃત જંબૂદ્વીપલઘુસંગ્રહણી નામના ગ્રંથનું પ્રભાનન્દસૂરિકૃત ટીકા સહિત સંપાદન અને અનુવાદ કરેલ છે. આ ગ્રંથ ``Elements of Jain Geography'' નામથી મોતીલાલ બનારસીદાસ, દિલ્હી તરફથી ૨૦૦૭માં પ્રકાશિત થયેલ છે.





આ પુસ્તકની પ્રસ્તાવનામાં ડૉ. બોશે લખ્યું છે કે ``Jain cosmography and geography excel, even more than their Brahmanic and Buddhist counterparts, in their systematic and mathematical approach. Jain vision of the universe and the world is complicated, inventive and above all extremely idealized.'' લોક અંગેના જૈન પરંપરાના નકશા અંગે તેઓ આગળ લખે છે કે – ``In Jain cosmology, the endeavour of the human mind to grasp his universe and his world in idealized patterns is illustrated at its best.'' આ લખાણનું તાત્પર્ય એ છે કે જૈન પરંપરાના ભૂગોળ અને ખગોળ અન્ય બ્રાહ્મણ તથા બૌદ્ધ પરંપરા કરતાં વધુ વ્યવસ્થિત છે અને ગાણિતિક દૃષ્ટિએ શ્રેષ્ઠ છે. બ્રહ્માંડ અને વિશ્વના સંદર્ભમાં જૈન દૃષ્ટિકોણ કાંઈક અંશે જટિલ છે, છતાં મૌલિક અને આદર્શ રૂપ છે. આ રીતે બ્રહ્માંડના સ્વરૂપને સમજાવવા માટે જૈન ભૂગોળ-ખગોળમાં પ્રતિક સ્વરૂપે ચિત્રાંકિત કરવામાં તેઓએ નિપુણતા દાખવી છે.

ભારતીય સંસ્કૃતિના પાયામાં જ આધ્યાત્મિકતા રહેલી હોવાથી ભારતની કોઈપણ પ્રાચીન પરંપરામાં બ્રહ્માંડના રહસ્ય પામવા, જાણવા માટે પ્રાચીન મહર્ષિઓએ અધ્યાત્મનો જ માર્ગ અપનાવ્યો છે. પ્રાચીન કાળમાં બ્રહ્માંડના રહસ્ય જાણવા માટે ભારતીય પ્રજાજનો પણ ખૂબ ઉત્સુક હતા અને આ વિષયમાં બીજી કોઈપણ સંસ્કૃતિથી ઊણા ઉતરે તેવા નહોતા. આ અંગે ફ્રેન્ચ સંશોધિકા શ્રીમતી કૈલટ કૈય્યાં (ColleteCailat) ધ જૈન કોસ્મોલોજી (The Jain Cosmology) નામના પુસ્તકમાં કહે છે – ``The civilization of India, no less than other civilizations, has not failed to ask questions about the place which man occupies in the world and the location of both the human and animal kingdoms in space and time. To these questions, for more than 3000 years the different religious circles and principal schools of thought in India have striven unceasingly to supply answers.''(P. p .9)









જ્યારે પરદેશી વિદ્વાન આ પ્રકારનો અભિપ્રાય આપતા હોય ત્યારે તેમાં કાંઈક તથ્ય હોવાની સંભાવના નકારી શકાય નહીં. ડૉ. જીવરાજ જૈને ચૌદ રાજલોકના નકશાને સંપૂર્ણ બ્રહ્માંડમાં રહેલ સર્વ પદાર્થો અને જીવોને એક કલાત્મક સુશોભિત ચિત્રના સ્વરૂપમાં પ્રસ્તુત કર્યો છે. તેઓએ આપણી પ્રાચીન પદ્ધતિને સમજવા માટે ભરપૂર પ્રયત્ન કર્યો છે અને મારી દૃષ્ટિએ તેઓ કાંઈક અંશે સફળ પણ થયા છે. તેઓએ આપેલી સમજનું વિશ્લેષણ કરતાં પહેલાં જૈન બ્રહ્માંડનું સ્વરૂપ અને તેને લગતા વિવિધ શાસ્ત્ર સંદર્ભોને સમજવા જરૂરી છે અને સાથે સાથે હિન્દુ પરંપરાના બ્રહ્માંડના સ્વરૂપની પણ માહિતી મેળવી તેની સાથે સંબંધિત આધુનિક ભૂગોળ-ખગોળ સંબંધી કેટલાક પ્રશ્નોની ચર્ચા કરવી ઉચિત લાગે છે.

જૈન પરંપરામાં બ્રહ્માંડ સંબંધી જેટલું સાહિત્ય રચાયું છે, તેટલું વિશ્વની કોઈપણ પ્રાચીન પરંપરામાં રચાયું નથી. જીવાભિગમ, પ્રજ્ઞાપના, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, નિરયાવલિકા વગેરે આગમો જૈન બ્રહ્માંડના જ્ઞાનથી સમૃદ્ધ છે. વાચક ઉમાસ્વાતિ રચિત તત્ત્વાર્થ સૂત્રની વિભિન્ન ટીકાઓમાં લોક અર્થાત્ બ્રહ્માંડના સ્વરૂપની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ક્ષેત્રસમાસ (રત્નશેખરસૂરિ, શ્રીચંદ્રસૂરિ, જિનભદ્રગણિ આદિ દ્વારા રચિત) જંબૂદ્વીપસંગ્રહણી (૧૨મી સદીના હરિભદ્રસૂરિ રચિત), જેનો સૌથી વધુ પ્રમાણમાં જૈન ભૂગોળ-ખગોળના સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગ થાય છે. પ્રવચન સારોદ્ધાર (નેમિચંદ્રસૂરિકૃત) તથા ઉપાધ્યાય શ્રીવિનયવિજયજી રચિત લોકપ્રકાશ, જેમાં ક્ષેત્ર લોકપ્રકાશ અને કાળ લોકપ્રકાશ મુખ્ય છે.

આ જ રીતે દિગમ્બર પરંપરામાં યતિવૃષભકૃત તિલોયપન્નતિ, નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તીકૃત ત્રિલોકસાર વગેરે ગ્રંથોમાં લોકના સ્વરૂપ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેસલમેર, પાટણ, ખંભાત, અમદાવાદ વગેરે અનેક શહેરોના તથા કોબાસ્થિત શ્રીમહાવીર આરાધના કેન્દ્ર, અમદાવાદસ્થિત શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર વગેરે અનેક જ્ઞાનભંડારોમાં સંગ્રહાયેલ સંખ્યાબંધ હસ્તપ્રતોમાં ચૌદ રાજલોક, ઉર્ધ્વલોક, અધોલોક, તિચ્છાર્લોક, જંબૂદ્વીપ, અઢીદ્વીપ, ભરતક્ષેત્ર, મહાવિદેહ ક્ષેત્ર, ત્રસનાડી, પર્વતો, નદીઓ વગેરેનાં અનેક ચિત્રો આપવામાં આવ્યા છે. આમ છતાં, એમાં બતાવ્યા પ્રમાણે વર્તમાન પૃથ્વી ઉપર કે પૃથ્વી બહાર અવકાશમાં ક્યાંય કશુંય મળતું નથી.

બીજી વાત જૈન આગમસાહિત્યની કેટલીક મર્યાદાઓ, કેટલાક ઐતિહાસિક તથ્યો, જે તે સમયની તત્કાલીન પરિસ્થિતિઓ, પરદેશી રાજાઓના આક્રમણો, અન્ય પરંપરાની સાથેના સંઘર્ષ વગેરે અનેક પરિબળોએ તેના ઉપર અસર કરી છે, તે વાત ભૂલવી ન જોઈએ. સૌપ્રથમ તો શ્રમણ ભગવાન મહાવીરસ્વામીએ અર્થથી દેશના આપી અને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરી. તેમાં પણ દરેક ગણધર ભગવંતની દ્વાદશાંગી શબ્દથી ભિન્ન ભિન્ન હોય છે.

વર્તમાનમાં ઉપલબ્ધ દ્વાદશાંગી પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામીની રચના છે, તેમ સૌ કોઈ માને છે. તે જ દ્વાદશાંગી ૯૮૦ વર્ષ સુધી કંઠસ્થ પરંપરામાં રહી. અર્થાત્ ત્યાં સુધી જૈન ભૂગોળ-ખગોળ કે લોક સંબંધી કોઈ ચિત્રાંકન કરવામાં આવ્યું નહોતું. ત્યારબાદ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ મહારાજે વલભીપુર નગરમાં પાંચસો આચાર્યની સંગીતિ બોલાવી અને જેને જેને જે શ્રુતજ્ઞાન કંઠસ્થ હતું તે સર્વ લિપિબદ્ધ અર્થાત્ ગ્રંથસ્થ, હસ્તપ્રત સ્વરૂપે લખાવ્યું. આ તેમનું ક્રાન્તિકારી પગલું હતું, જે ભવિષ્ય માટે મહાન ઉપકાર કરનાર બની રહ્યું.

આ રીતે આગમો લિપિબદ્ધ કરાયા ત્યાં સુધીમાં એટલે કે ૯૮૦ વર્ષ દરમ્યાન દુષ્કાળ, ધરતીકંપ વગેરે કુદરતી આપત્તિઓ અને સ્મૃતિભ્રંશ અથવા સ્મૃતિહ્રાસના કારણે પણ ઘણું શ્રુત ભૂલાઈ ગયું હતું. ત્યાર પછી લહિયાઓ દ્વારા તેની પ્રતિલિપી કરવામાં આવી. તેમાં પણ લહિયાઓની ભૂલના કારણે કેટલીક પંક્તિઓ લુપ્ત થઈ ગઈ. આ એક કલ્પના છે પરંતુ વિભિન્ન હસ્તપ્રતોમાં આ રીતે લહિયાઓની ભૂલના કારણે લુપ્ત થયેલ પંક્તિઓ અમે પ્રાચીન હસ્તપ્રતો ઉપરથી પાઠાંતરો મેળવતી વખતે જોયેલ છે. તેથી આ રીતે એક નહીં પણ બે કે તેથી વધુ પંક્તિ લુપ્ત થયેલ હોય છે. જો કે પાશ્ચાત્વર્તી વિદ્વાન સાધુઓ દ્વારા પોતાની બુદ્ધિ અને ક્ષયોપશમ પ્રમાણે તેની પૂર્તિ કરવાનો પ્રયત્ન પણ થયો છે. આમ છતાં, તે મૂળ લુપ્ત થયેલ પંક્તિ સાથે શબ્દશઃ આવે પણ ખરું અને ન પણ હોય. તે રીતે મૂળ લખાણથી ભિન્ન પ્રકારના લખાણની પરંપરા શરૂ થઈ. તો વિધર્મીઓ સાથેના શાસ્ત્રાર્થના કારણે તેઓ ઉપર વિજય મેળવવાના આશયથી પણ તેમાં ઘણો ઉમેરો કે પરિવર્તન કરવામાં આવ્યું હોવાનું નકારી શકાય નહીં. ઉદાહરણ તરીકે કલ્પસૂત્રમાં સ્થવિરાવલીમાં જણાવ્યા પ્રમાણે સ્થવિર આર્ય રોહગુપ્ત થકી ત્રૈરાશિક અર્થાત્ જીવ, અજીવ અને નોજીવ સ્વરૂપ ત્રણ રાશિમાં માનનાર શાખા ઉત્પન્ન થઈ. જે જૈન દર્શનના સિદ્ધાંતથી વિરુદ્ધ હતું. જોકે તેના ગુરુ શ્રીગુપ્તાચાર્યે તેની સાથે વાદ કરીને પુનઃ દ્વિરાશિની સ્થાપના કરી. આ રીતે પરવાદિને જીતવા માટે થઈ જૈન સિદ્ધાંતથી વિરુદ્ધ પ્રરૂપણા પણ થતી. તો કેટલુંક સાહિત્ય પશ્ચાત્વર્તી સાધુઓની સ્વતંત્ર રચના પણ હોઈ શકે. આ જ કારણે જૈન બ્રહ્માંડ-લોક અને ભૂગોળ-ખગોળમાં મૂળ લખાણ વિકૃત થયું હોઈ શકે, તો તેનો સ્વીકાર કરવો જ જોઈએ.

આ અંગે વિદ્વાન સંશોધકો શુ કહે છે, તે જોઈએ.

''પ્રાચીન કાળમાં બારે અંગોમાં જે હતું તે સર્વ અખંડપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના પરિણામે અત્યારે રહ્યું નથી. તેમજ પ્રાચીન અંગોમાં શું શું હતું, તેનું જો કે વિસ્તૃત વિગતવાર વર્ણન અત્યારે સાંપડતું નથી. તો પણ તે પ્રાચીન અંગોમાં સામાન્ય રીતે જે વિષયો હતા તેનો અતિ અલ્પ નિર્દેશ યત્રતત્ર કરવામાં આવ્યો છે.'' (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, લે. મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ.૧૩)

શ્રી મહાવીર ભગવાન પછી ત્રણ કેવલી (પૂર્ણ જ્ઞાનવાન્) આચાર્યો નામે ઉપર્યુક્ત બ્રાહ્મણો ગૌતમ ઇન્દ્રભૂતિ અને સુધર્મા તથા તેમના શિષ્ય વૈશ્યશ્રેષ્ઠિપુત્ર જમ્બૂસ્વામી થયા. અહીં સુધી એટલે કે વીરાત્ પ્રથમ શતક સુધી તો એ સર્વ સિદ્ધાંત તેમજ સંપૂર્ણ ત્યાગની કડકાઈ અબાધિત આબાદ રહ્યાં. તે સમયના બધા અભ્યાસીઓ તે સિદ્ધાંતને કંઠસ્થ રાખતા હતા. શ્રમણો ભિન્ન ભિન્ન દેશમાં વિચરતા હતા એટલે કાલાનુક્રમે ભિન્ન ભિન્ન દેશની ભાષાના સંસર્ગથી, દુષ્કાળ આદિના કારણે, સ્મૃતિભ્રંશને લીધે અને ઉચ્ચારભેદથી સિદ્ધાંતની ભાષા વગેરેમાં પરિવર્તન થયું. તેમજ તેમાંનું કેટલુંક વિચ્છિન્ન થયું એ સ્વાભાવિક છે. (જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, લે. મોહનલાલ દલીચંદ દેસાઈ, પૃ.૧૯) (ક્રમશઃ)

✦ ✦ ✦

# અષ્ટોત્તરી તીર્થમાળા

**ડૉ. અભય દોશી**

**અ**ચલગચ્છની પરંપરામાં પાક્ષિક, ચાતુર્માસિક સંવત્સરી-પ્રતિક્રમણમાં બૃહદ્ અતિચારના પાઠ બાદ, ચાર આવશ્યકની પૂર્ણાહુતિ બાદ અચલગચ્છના ચોથા પટ્ટધર મહેન્દ્રસિંહસૂરિકૃત 'અષ્ટોત્તરી - તીર્થમાળા' નામક ૧૧૧ ગાથાની કૃતિનો પાઠ કરાય છે.

આચાર્ય મહેન્દ્રસિંહસૂરિ અથવા મહેન્દ્રસૂરિ અચલગચ્છની પાટપરંપરાના એક તેજસ્વી આચાર્ય હતા. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન અનેક ગ્રંથોનું સર્જન કર્યું હતું. તેમાંની એક કૃતિ 'અષ્ટોત્તરી તીર્થમાળા' ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

તેઓ અચલગચ્છના સ્થાપક આર્યરક્ષિતસૂરિના શિષ્ય જયસિંહસૂરિની પાટે આવેલા ધર્મઘોષસૂરિના શિષ્ય હતા. તેઓ જન્મથી ઔદિચ્ય બ્રાહ્મણ દેવપ્રસાદના પુત્ર હતા. આચાર્યશ્રી ધર્મઘોષસૂરિ સરાનગરીમાં ચાતુર્માસ અર્થે બિરાજતા હતા, ત્યારે આ બ્રાહ્મણપુત્ર મુનિઓ સાથે ભળી ગયો. તેની બુદ્ધિમત્તા જોઈ આચાર્યશ્રીએ દેવપ્રસાદ પાસે પુત્રની યાચના કરી. પ્રારંભે માતા-પિતા વિચારમાં પડ્યા, પરંતુ પછી આચાર્યદેવશ્રીને પોતાનો પુત્ર સોંપ્યો. શ્રી પાર્શ્વ પોતાને બ્રાહ્મણ નહીં, પણ વણિક જ્ઞાતિનો હતો તેમ જણાવે છે. નવ વર્ષની વયે સં. ૧૨૩૭માં મહોત્સવપૂર્વક ખંભાતમાં દીક્ષા થઈ સં. ૧૨૬૭માં તેમની નાડોલમાં મહોત્સવપૂર્વક આચાર્યપદવી થઈ. તેમનું મહેન્દ્રસિંહસૂરિ એવું નામ અપાયું.

તેઓ ઉપાધ્યાય હતા ત્યારે કીરાડુ ગામમાં ચાતુર્માસમાં હતા. એ સમયે દુષ્કાળ પડ્યો. ત્યારે તેમના ઉપદેશથી અનેક દાનાદિક કાર્યો થયા. તેઓ કાગવાણીના જાણકાર હોવાથી આલ્હાદક શેઠના ઘરે બોરડી પરથી બોલેલા કાગડાની વાણીથી ત્રણ વર્ષનો દુષ્કાળ અને બોરડી નીચે રહેલા ધનને જાણ્યું. તેમણે આલ્હાદક શેઠને દુષ્કાળ દૂર કરવાની શરતે ધન બતાવ્યું, પરિણામે તેમનો મહિમા પુષ્કળ વધ્યો.

તેમની મર્મોક્તિથી દિગંબર સાધુ પ્રભાવિત થઈ તેમના શિષ્ય થયા હતા. જાણ શેઠે તેમના ઉપદેશથી ચોવીસ તીર્થંકરના પ્રાસાદની પ્રતિષ્ઠા કરાવી હતી. એ જ રીતે દેદગ નામના શ્રાવકની કલહપ્રિય બહેન દ્વારા સાધુઓને વિષયુક્ત ભોજન આપ્યું, પરંતુ ધ્યાનમાં જાણી મુનિઓને ભોજન કરતા રોક્યા, તેમજ તે ભોજન પરઠવ્યું. આ ઘટના બાદ આચાર્યશ્રીનો પ્રભાવ ખૂબ ફેલાયો. આ પ્રસંગ ધર્મઘોષસૂરિના જીવનમાં બન્યો કે મહેન્દ્રસિંહસૂરિના જીવનમાં બન્યો, એ અંગે મતભેદ છે. તેમણે પૃથ્વીચંદ્ર નામના રાજાને પ્રતિબોધિત કરી જૈનધર્માનુરાગી કર્યો હતો. તેમના ભુવનતુંગસૂરિ નામે શિષ્ય પ્રભાવક અને પ્રસિદ્ધ મંત્રવાદી હતા.

તેમણે જ ધર્મઘોષસૂરિકૃત ઋષિમંડળ સ્તોત્ર યા અપરનામ મહર્ષિકુલસૂત્ર પર ૪૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી છે. એ ઉપરાંત ચતુઃશરણ, આતુર પ્રત્યાખ્યાન આદિ પયન્નાઓ પર ટીકા રચી છે. તેમણે 'સીતાચરિત્ર' જેવી કૃતિ પણ રચી છે. તેઓ સમર્થ શિષ્યના ગુરુ હતા.

તેમણે રચેલી 'અષ્ટોત્તરી તીર્થમાળા' આજે પણ અચલગચ્છીય શ્રાવકો ચાર આવશ્યક બાદ પાક્ષિક – પ્રતિક્રમણમાં બોલે છે. અનેક પ્રાચીન તીર્થોના ઉલ્લેખ સાથેની આ રચના ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે.

આચાર્ય મહેન્દ્રસિંહસૂરિ/મહેન્દ્રસિંહસૂરિનું અન્ય નામ ભાવસાગરસૂરિ હતું. તેમને ધર્મઘોષસૂરિકૃત 'શતપદી' કૃતિને વધુ વ્યવસ્થિત રૂપ આપ્યું હતું. આચાર્યશ્રીનો ૧૬ કે તેથી વધુ શિષ્યનો પરિવાર હતો. આચાર્યશ્રીને અનેક ધર્મપ્રભાવનાના કાર્યો પોતાના જીવનમાં કર્યા હતા.

'અષ્ટોત્તરી તીર્થમાળા'માં પ્રારંભે ૧૧ ગાથાઓમાં જિનેશ્વરદેવના ઉત્તમ ગુણોનું વર્ણન કરાયું છે. પ્રથમ પાંચ ગાથાઓમાં તીર્થંકર દેવોના અપૂર્વ સામર્થ્યને વર્ણવી જય-જયકાર કરાયો છે. પછીની ચાર ગાથાઓમાં આ તીર્થંકર દેવોની સ્તુતિ કરવાનો પોતાને અવસર મળ્યો, એ માટેની કૃતાર્થતાની અભિવ્યક્તિ કરાઈ છે. આ ગાથાઓમાં આ પ્રાકૃત ભાષાબદ્ધ કૃતિમાં બોલાતી અને ક્રમે ક્રમે વર્તમાન – ગુજરાતી, હિન્દી ભાષા તરફ રૂપ લેતી ભાષાની છાંટ જોવા મળે છે.

ધન્નો એસો દિવસો, જામ મુહુત્તો વિ એસ સુપવિત્તો;
જંમિ તુમં તિજગગુરુ, ભવમરુ પહ સુરતરુ પત્તો. ૭

(હે પ્રભુ! આ દિવસ, પહોર, મુહૂર્ત પવિત્ર છે કે જેમાં ત્રણ જગતના ગુરુ અને સંસારરૂપ મરુદેશના માર્ગમાં કલ્પવૃક્ષરૂપ એવા તમે મને પ્રાપ્ત થયા છો.)

પુનઃ બે ગાથા દ્વારા તીર્થંકરોના શુદ્ધ સ્વરૂપની સ્તુતિ કરી ૧૨, ૧૩, ૧૪, ૧૫ આ ચાર ગાથાઓમાં અતીત ચોવીસીના ચોવીસ

તીર્થંકરોની વંદના કરાઈ છે. ત્યારબાદ ૧૬, ૧૭, ૧૮ આ ત્રણ ગાથાઓથી વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોની સ્તવના કરાઈ છે. ત્યારબાદ ૧૯ થી ૨૨ એ ચાર ગાથાઓ દ્વારા ભાવિ-ચોવીસીના ચોવીસ તીર્થંકરોની સ્તુતિ કરાઈ છે. ૨૩ થી ૨૬ ગાથામાં તિર્છાલોકના જિનભવનોને નમસ્કાર કરાયા છે. ત્યાર પછી ઊર્ધ્વ અને અધોલોકમાં ચારે પ્રકારના દેવતાઓના વિમાન અને ભવનમાં રહેલા ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન નામના જિનેશ્વરોની સાત ગાથા દ્વારા વંદના કરાઈ છે. ત્યારબાદ બે ગાથાથી ઉત્કૃષ્ટ ૧૭૦ જિનેશ્વરોનું ભાવથી સ્મરણ કરાયું છે. એ પછીની પાંચ ગાથાઓમાં વિહરમાન વીસ જિનેશ્વરોનું ભાવથી સ્મરણ કરાયું છે. એ પછીની પાંચ ગાથાઓમાં વિહરમાન વીસ જિનેશ્વરોનું નામસ્મરણ કરીને ભાવપૂર્ણ વંદના કરાઈ છે. આમ કુલ ચાલીસ ગાથાઓમાં તીર્થંકર દેવોને તેમજ શાશ્વત તીર્થોને નમસ્કાર કરી ૪૧ ગાથાથી અશાશ્વત તીર્થોના સ્મરણનો પ્રારંભ કરે છે.

૪૧મી ગાથાથી ૧૧૧ ગાથા સુધીમાં આ અષ્ટોત્તરી તીર્થમાળામાં અનેક તીર્થોનો ઉલ્લેખ કરાયો છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે.

૪૧ મી ગાથામાં પ્રસ્તાવના કરી સાત તીર્થોની વંદના કરી છે. આ સાત તીર્થોમાં સર્વપ્રથમ તીર્થ અત્યારે અદૃશ્ય મનાતું ઋષભદેવ ભગવાનનું નિર્વાણ તીર્થ અષ્ટાપદ છે. આ અષ્ટાપદ તીર્થમાં ચોવીસ તીર્થંકરોની પ્રતિમા છે, એ વાત પ્રસિદ્ધ છે, પરંતુ અહીં મહેન્દ્રસિંહસૂરિ સાથે જ શાશ્વત નામવાળી ચાર જિનેશ્વરોની કુલ ૧૬ પ્રતિમાઓ છે, તેવો ઉલ્લેખ કરે છે. તે ઉલ્લેખ નાવીન્યપૂર્ણ અને નોંધપાત્ર છે. અત્યારે અષ્ટાપદતીર્થ તિબેટમાં અથવા ચીનમાં છે, એવું સંશોધકોનું માનવું છે. ચાર ગાથામાં અષ્ટાપદતીર્થને વંદના કર્યા બાદ બીજી ત્રણ ગાથાઓમાં નેમિનાથ પ્રભુની ત્રણ કલ્યાણકભૂમિ શ્રી ગિરનાર તીર્થની ભાવભરી વંદના કરાઈ છે.

ત્યાર પછી ૪૯ થી ૫૫ ગાથાઓમાં દશાર્ણભદ્રનો ગર્વ ઉતારવા ઈન્દ્રે કરેલા અદ્‌ભૂત વૈભવનું વર્ણન કરાયું છે. આ અદ્‌ભૂત વૈભવથી ક્ષોભ પામી દસપુરના રાજા દશાર્ણભદ્રે દશાર્ણપુર પર પોતાના અપૂર્વ આંતરિક વીર્યને દર્શાવી દીક્ષા લીધી, એ પ્રસંગે વર્ણવ્યો છે. ઈન્દ્ર ચોસઠ હજાર હાથીઓ સાથે આવેલો, તે મુનિને વંદન કરીને ગયો, માટે આ તીર્થ 'ગજાગ્રપદ' તરીકે પ્રસિદ્ધ થયું, એમ 'ગજાગ્રપદ' તીર્થનો મહિમા કરાયો છે. વર્તમાનમાં મધ્યપ્રદેશમાં આવેલા 'મંદસૌર'માં આ ગજાગ્રપદ તીર્થ હોવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

ત્યાર પછી તક્ષશીલાનગરીની બહાર ઋષભદેવપ્રભુના દર્શનાભિલાષે ગયેલા બાહુબલીએ જ્યારે પ્રભુને ન જોયા, તેથી શોકાતુર થયેલા, પરંતુ પ્રભુના ચરણકમળને સ્થાને કરેલા પાદપીઠ, દંડ અને એક યોજન પ્રમાણ પરિધિવાળું રત્નમય ચક્ર કરાવ્યું હતું. તે ધર્મચક્રવતીર્થને નમસ્કાર કરે છે. વર્તમાનમાં તક્ષશીલા પાકિસ્તાનમાં રાવલપિંડી સમીપે માનવામાં આવે છે. કેટલાક સંશોધકોને મતે આ ધર્મચક્રતીર્થ તે મક્કામાં આવેલ કાબા પાસેના પાદચિહ્નો છે. 'તત્ત્વં તુ કેવલીગમ્યં.' હાલમાં આચાર્ય જગવલ્લભસૂરીશ્વરજી મ.સા.એ નાસિક પાસે ધર્મચક્ર નામક સ્થાપના તીર્થ સ્થાપ્યું છે.

ત્યાર પછી અહિછત્રા તીર્થની ઉત્પત્તિ માટે બે વિભિન્ન મતો દર્શાવ્યા છે. શિવનગરની પાસે આવેલા કુશાગ્રવનમાં પ્રભુના મસ્તકે ત્રણ દિવસ સુધી છત્ર ધારણ કરીને રહ્યા હતા, માટે તે તીર્થ 'અહિછત્રા' થયું અથવા કમઠના ઉપસર્ગનું નિવારણ ધરણેન્દ્રે આ સ્થળે કર્યું, માટે આ સ્થળ 'અહિછત્રા' તરીકે ખ્યાતિ પામ્યું. તે બન્ને મતોનો ઉલ્લેખ કર્યો છે. આ અહિછત્રા તીર્થ વર્તમાનમાં ઉત્તરપ્રદેશમાં દિગંબરોના આધિપત્યમાં છે, પરંતુ શ્રી લલિત નાહટાએ આ ભૂમિમાં પુનઃશ્વેતાંબર તીર્થની સ્થાપના કરી છે.

ત્યારબાદ વજસ્વામી અને તેમના ક્ષુલ્લક શિષ્યની કાળધર્મ ભૂમિ રથાર્વત – કુંજરાવર્તનો મહિમા કરાયો છે. આ તીર્થ પૂ. આચાર્યશ્રી કલાપ્રભાસાગરસૂરીશ્વરજી મહારાજ સાથે થયેલા વાર્તાલાપ અનુસાર વર્તમાન વિદિશાની બહાર બે પર્વતોમાં છે. હાલમાં ત્યાં કોઈ પગલાં કે મૂર્તિ નથી. આપણા સંઘે આ પ્રાચીન પર્વતીય તીર્થસ્થળ પર ધ્યાન આપી, ત્યાં આપણા પરમોપકારી અંતિમ દસ પૂર્વધર શ્રી વજસ્વામીની સ્મૃતિમાં પગલાં, મૂર્તિ આદિ સ્થાપી એ પાવનભૂમિ પર સ્મારક રચવું જોઈએ.

૬૭, ૬૮ અને ૬૯ આ ત્રણ ગાથાઓમાં 'ચમરોત્પાત' તીર્થનું વર્ણન કરાયું છે. ચમરેન્દ્રે પોતે અવધિજ્ઞાનથી સૌધર્મેન્દ્રની અપૂર્વ ઋદ્ધિ જાણી પોતાના સૈન્ય સાથે ઊર્ધ્વલોકના સૌધર્મેન્દ્ર પર આક્રમણ કર્યું. અનંતકાળે બને તેવી અચ્છેરાની ઘટના આ બની. સૌધર્મેન્દ્રે ચમરેન્દ્રનો પરાભવ કરવા વજ્ર છોડ્યું. આ વજ્રથી ભય પામેલ એવો ચમરેન્દ્ર પૃથ્વીલોક પર સુસુમારપુરની બહાર સોમવનમાં ધ્યાન ધરતાં પ્રભુ મહાવીરના ચરણોનું શરણ ગ્રહ્યું. હાલમાં આ સુસુમારપુર તીર્થ ક્યાં આગળ આવ્યું છે, તે સંશોધનનો વિષય છે.

શ્રી મહેન્દ્રસિંહસૂરિ આ સાત તીર્થોને આશ્ચર્યના ભંડાર તરીકે

ઓળખાવે છે. અષ્ટાપદ પોતે સુવર્ણનો પહાડ અને તેની પર ૧૦૮ ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એક સાથે મોક્ષે ગયા, તે આ અસર્પિણીનું પ્રથમ અચ્છેર થયું, તો ચમરોત્પાતરૂપ અચ્છેરુ સાતમા તીર્થમાં થયું. વળી, આ બધા જ તીર્થો મહિમાવંત અને અપૂર્વ આશ્ચર્યને જગવે તેવી સિદ્ધિને ધારણ કરનારા છે.

એ પછી એ ગાથામાં સર્જક આચાર્યદેવશ્રી સમેતશિખરનો મહિમા કરે છે. અજિતનાથ ભગવાન પૂર્વે પણ ત્યાં સંઘો આવતા હતા, એમ કહી આ તીર્થનો તીર્થંકરોના નિર્વાણપૂર્વે પણ ભાવિકાળની અપેક્ષાએ આ તીર્થનો મહિમા ખ્યાત થયો હતો, તેમ જણાવ્યું છે. એ મહત્ત્વપૂર્ણ છે.

ત્યાર પછીની ૭૨ થી ૭૫ આ ચાર ગાથાઓમાં શત્રુંજયતીર્થનો મહિમા વિસ્તારથી વર્ણવ્યો છે. શત્રુંજયમાં આચાર્યશ્રીના સમયે ત્રેવીસ તીર્થંકરોના મહિમાવંત પગલાંઓની સ્થાપના હોવી જોઈએ. આચાર્યશ્રી કહે છે, 'જેમાં નેમિનાથ સિવાય ઋષભદેવ વગેરે ત્રેવીસ જિનવરો આરૂઢ થયા છે, એમ નિશ્ચય થાય છે. જો એમ ન હોય તો ત્રેવીસ જિનવરોના ચરણકમળના પ્રતિબિંબ ત્યાં કેમ દેખાય છે?' આચાર્યશ્રીના શત્રુંજયના વર્ણનમાં શ્લેષ અલંકારની મનોહર રચના જોવા મળે છે.

''પણમહ જિણવર વસભં, વસભંકં, વસભુમિણં ચ.''

(શ્રી શત્રુંગિરિ પર) ઋષભ જિનેશ્વર કે જેઓ ઋષભ લાંછનવાળા અને જેમની માતાએ ઋષભનું સ્વપ્ન જોયું હતું તેને તમે પ્રણામ કરો.

કવિએ પ્રસિદ્ધ મથુરાતીર્થના સુપાર્શ્વજિન સ્તૂપનો એક જ ગાથામાં ઉલ્લેખ કર્યો છે.

ત્યાર પછી ભરૂચ તીર્થમાં કીરટંક ઉદ્યાનમાં બિરાજમાન મુનિસુવ્રતસ્વામીનો મહિમા કરતા 'અશ્વાવબોધ' અને 'સમળીવિહાર' એ બે ચ નામનો ઉલ્લેખ કરી આ તીર્થનો મહિમા કર્યો છે. આચાર્યશ્રીને સમયે સમયે ત્યાં ઘોડો, સમડી, સુદર્શના તેની પાર્શ્વ – સુપાર્શ્વ નામની બે સખીઓ તેમજ જિતશત્રુ રાજાની મૂર્તિઓ અસ્તિત્વ ધરાવતી હતી. વર્તમાનમાં ભરૂચના જિનાલયથી થોડે અંતરે એક મસ્જિદમાં મૂળ સચીવિહાર જિનલાયમાં હતું. તેના અવશેષો જોવા મળે છે. એક સમયના ગૌરવવંત તીર્થની કાળના પ્રભાવે કેવી અવદશા થઈ છે, તે ખૂબ જ દુઃખદ છે. શ્રી પંડિત મહારાજની પ્રેરણાથી વિકસેલા મણિલક્ષ્મી તીર્થમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી છે. ત્યાં આગળ સાથે અશ્વની સ્થાપના કરાઈ છે, તે મૂળ 'અશ્વાવબોધ'નું સ્મરણ કરાવે છે. વર્તમાન ભરૂચતીર્થમાં પણ પુનઃ આ છ મૂર્તિની સ્થાપના કરી પ્રાચીન ગૌરવને પુનઃ જીવંત કરી શકાય.

પ્રાતિહાર્યથી યુક્ત એવા સ્તંભન પાર્શ્વનાથ ભગવાનનો મહિમા કરી પાવાગઢ (પાવકગિરિ) પર બિરાજમાન શ્રી મહાવીરસ્વામીનો મહિમા કર્યો છે. પાવાગઢ પર સાતથી વધુ જિનલાયો એક સમયે હતા. અત્યારે પણ કેટલાક જિનાલયોના અવશેષો જોવા મળે છે. આપણા દુર્ભાગ્યે આપણી અવ્યવસ્થાને કારણે આ પાવન તીર્થ પરના જિનાલયો પર દિગંબરોનો કબજો છે. વલ્લભસૂરિ સમુદાયના સાધુભગવંતોના પ્રયત્નથી તળેટીમાં જિનલાય બન્યું છે. 'જૈનત્વ જાગરણ મિશન'ના પ્રયત્નથી પુનઃ આ તીર્થ પર મૂળ અધિકાર સ્થાપવાના પ્રયત્નો ચાલુ છે.

કનોજના રાજાએ બનાવેલા નેમિનાથ ભગવાનનું જિનાલય (એવી માન્યતા છે કે શ્રીકૃષ્ણ મહારાજે યુદ્ધભૂમિ પર શંખેશ્વર પાર્શ્વનાથના પ્રાગટ્ય માટે કરેલા અઠ્ઠમનું પારણું કર્યું હતું તે પારણા ગામનું અપભ્રંશ પાડલા.) પાડલા ગામમાં શોભી રહ્યું છે. હાલ પ્રાયઃ કરી પાડલાના મૂળનાયકની શ્રી મૂર્તિ તળાજા તીર્થમાં સ્થાપિત થઈ છે. તે જ રીતે આચાર્યશ્રી શંખેશ્વર પાર્શ્વનાથને ભાવભરી વંદના કરે છે.

ત્યારબાદ પારકર દેશના ગુડર પર્વત પરના ઋષભદેવ પ્રભુનો મહિમા કરે છે. પારકર દેશમાં ગોડી પાર્શ્વનાથનો મહિમા પ્રસિદ્ધ થયો, તે પૂર્વે ત્યાં પ્રાચીન આદિનાથ ભગવાનની મૂર્તિ હોવી જોઈએ. આ દૃષ્ટિએ આ ઉલ્લેખ મહત્ત્વપૂર્ણ છે.

આચાર્યે સુરાચંદ્ર, ઘેવટ્ટણ એ બે ગામોના જિનેશ્વરોને વંદન કર્યા છે. આ બે ગામો ક્યા છે, તેનો નિર્ણય થઈ શક્યો નથી. વાગવટ્ટમેરુ કહ્યું છે, તે બાડમેર સુપ્રસિદ્ધ છે. રાડદ્રહ કહ્યું છે, તે શિરોહી જિલ્લાનું શિવગંજ. સમીપવર્તી રાડબર હોવું જોઈએ. આચાર્યશ્રી ત્યાં પાર્શ્વનાથ ઉલ્લેખે છે. વર્તમાનમાં તેનો ભવ્ય જીર્ણોદ્ધાર થયો અને હાલ મૂળનાયક છે.

આચાર્યશ્રી મહામહિમાવંત સત્યપુરતીર્થમાં કનોજના રાજાએ કરાવેલા ૧૩૦૦ વર્ષ પ્રાચીન કીરના લાકડાના દેરાસરમાં બિરાજમાન મહાવીરસ્વામીનો ઉલ્લેખ કરે છે. ત્યારબાદ જાવલિપુર (જાલોર)ના આશ્ચર્યકારી રથ અને ઢોલ તેમજ બે ઈન્દ્રોનો ઉલ્લેખ કર્યો છે. આ રથ રથયાત્રાને સમયે જાતે જ ચાલે છે અને ઢોલ જાતે જ વાગે છે. તેમજ ઈન્દ્રમૂર્તિઓ બળદને સ્થાને જોડાઈને ચાલે છે. આચાર્યશ્રીને સમયે પણ ચોથા આરાની પ્રસાદી જેવી કેટલીક ઐશ્વર્યવંત વસ્તુઓ ઉપલબ્ધ હતી. આ જાલોરમાં કોટ્યાધિપતિઓને જ વાસ મળતો,

તેમજ ત્યાંના યક્ષવસતિ મંદિરમાં નાહડ રાજાના કાળના મહાવીરસ્વામી શોભી રહ્યા છે. ત્યાં અન્ય પ્રાસાદમાં ચંદ્રપ્રભસ્વામી અને કુમારપાળના મંદિરમાં આશાને પૂરનાર (વર્તમાનમાં કંકુપાર્શ્વનાથ નામે પ્રસિદ્ધ) પાર્શ્વનાથ ભગવાન છે, એમ જણાવે છે.

જાલોર પછી સિરોહી વિસ્તારમાં આવેલા અને મહાવીરસ્વામીના વિહારથી પવિત્ર થયેલા ગામોનો ઉલ્લેખ કરે છે. પ્રસિદ્ધ બંભણ ગામ (બામણવાડા) જ્યાં ખીલા કાઢવાનો ઉપસર્ગ થયો હતો, તેવી લોકમાન્યતા છે. (પલ્લીગામ (પાલી કે અન્ય ગામ), નાણકગામ (નાણા) અને દેવાનંદી (દીયાણા)માં મરણકમળથી અંકિત, સ્તૂપવાળા ચૈત્યોને પ્રણામ કર્યા છે. વર્તમાનમાં નાણા, દીયાણા, નાંદીયાની જીવિત સ્વામીની મૂર્તિવાળા સ્થળ તરીકે તેમજ બામણવાડાની ઉપસર્ગસ્થળરૂપ માન્યતા છે. સિરોહી વિસ્તારના અનેક સ્થળો માટે પ્રભુ વીરની વિહારભૂમિરૂપે માન્યતા છે. પરંતુ, આધુનિક સંશોધન પ્રભુ વીરનો વિહાર આ વિસ્તારમાં થયો નથી. વર્તમાનમાં વાંડિયા વડગામ પાસે પ્રભુના પગલાં તેમજ નાગોર પાસે પણ ઉપલબ્ધ છે. આ સર્વ તીર્થો બિહાર-ઝાડખંડમાંથી તેઓ દ્વારા ત્યાંની મૂર્તિ આદિ લાવીને દુષ્કાળ આદિના કારણોથી જૈનોનું સ્થળાંતર થયું હોય, ત્યારે અહીં સ્થાપના કરાઈ હોવાથી સ્થાપના તીર્થ હોઈ શકે.

મેવાડમાં શકટાલ મંત્રીના કરાવેલા તેમજ નંદીસમ નામના ગામમાં પણ શકટાલ મંત્રીના કરાવેલા મહાવીરસ્વામીના જિનાલયોની સ્તુતિ કરવામાં આવી છે. મેવાડમાં આવેલા આ બન્ને મહાવીરસ્વામી જિનાલયો હાલ કઈ સ્થિતિમાં છે, તેમજ તે ગામના નામો હાલ શું છે તે સંશોધનનો વિષય છે.

ત્યારબાદ ચિત્રકૂટ (મુદ્ગલ પર્વત) કે જે રામના પૂર્વજ સુકોશલમુનિ કે જેમની પર વાઘણે પ્રાણાંતક ઉપસર્ગ કર્યો હતો, ઉપસર્ગને સહન કરી ઉત્તમ ગતિને પામ્યા હતા, તે સ્થળમાં રહેલા પ્રાચીન ચૈત્યોનું સ્મરણ કર્યું છે.

ત્યાર પછી પાંચ ગાથાઓમાં અર્બુદાચલ પર આવેલા વિમલમંત્રી અને વસ્તુપાલ-તેજપાલ દ્વારા નિર્મિત અનુક્રમે ઋષભદેવ ભગવાન અને નેમિનાથ ભગવાનના દૈદીપ્યમાન કલાકોતરણી યુક્ત દેરાસરોનો મહિમા કરાયો છે.

ત્યાર પછી મુંગથલા (મુંડસ્થળ)નો નોંધપાત્ર ઉલ્લેખ આવે છે. પ્રભુ મહાવીરસ્વામી જ્યારે છદ્મસ્થકાળમાં હતા, ત્યારે ત્યાં ધ્યાનસ્થ હતા. આ વાતને સ્મરણમાં રાખી પુન્નરાય નામના કોઈ મહાત્માએ વીરજન્મના ૩૭ વર્ષ બાદ એટલે કે પ્રભુની છદ્મસ્થ અવસ્થામાં) ત્યાં પ્રતિમા કરાવી. આ અતિપ્રાચીન જિનાલયની આચાર્યશ્રી ભાવપૂર્ણ સ્તુતિ કરે છે. શ્રી વિજયેન્દ્રસૂરિ આદિ આધુનિક સંશોધકોએ કલ્પસૂત્ર આદિ પ્રાચીનત્તમ મહાવીરસ્વામીના જીવન સંદર્ભોનો આધાર લઈ દર્શાવ્યું છે કે, પ્રભુ મહાવીરનો વિહાર પૂર્વભારતમાં મુખ્યત્વે પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને વર્તમાન બિહારમાં જ થયો હોવો જોઈએ. ત્યારે મુંગથલા (મુંડસ્થળ)નો આ પ્રાચીન ઉલ્લેખ સંશોધકોને માટે પ્રશ્ન ઉભો કરે તેવો છે. રાજસ્થાનના સિરોહી – નાગોર જિલ્લાના અનેક સ્થળો પ્રભુવીરના ચરણસ્પર્શસ્થળ તરીકેની ખ્યાતિ ધરાવે છે. આ બધા જ સ્થાપનાતીર્થો કે વાસ્તવમાં પ્રભુવીરનું આગમન થયું હતું, એ આજના સંશોધકો માટે રિસર્ચનો વિષય બની રહે તેમ છે.

સર્જક ત્યાર બાદ તારંગા પર કુમારપાળ મહારાજ દ્વારા પ્રતિષ્ઠિત શ્રી અજિતનાથ જિનાલયને વંદન કરે છે. વાયડ નગરમાં મુનિસુવ્રતસ્વામીના કાળની જીવંત પ્રતિમાને વંદન કરે છે તેમજ તેમના સમયે ૧૭૦૦ વર્ષ થયેલી પ્રાચીન મહાવીરપ્રભુની પ્રતિમાને વંદન કરે છે. અહીં જીવંતસ્વામી શબ્દ મહાવીરસ્વામી સાથે જોડવો કે મુનિસુવ્રતસ્વામી સાથે એ અન્વયનો પ્રશ્ન રહે છે. મારા મત મુજબ એ મહાવીરસ્વામી સાથે જોડી શકાય. આ ગુણસાગરસૂરિએ મુનિસવ્રતસ્વામી સાથે જોડ્યો છે. આચાર્યશ્રીના રચના સમયે પ્રભુનિર્વાણના લગભગ ૧૭૦૦ વર્ષ થયા હતા. આચાર્યશ્રી વીરમૂર્તિને ૧૭૦૦ વર્ષ પ્રાચીન જણાવે છે, જેથી સંભવતઃ પ્રભુવીર સાથે સંબંધ જોડવો વધુ યોગ્ય ગણાય.

ત્યારબાદ શ્રીમાળ (ભિન્નમાલ), આરાસણપુર (કુંભારિયાજી), બંભાણ (બ્રાહ્મણપુર), આણંદપુર (વડનગર), સિદ્ધિપુર) આદિ સ્થળોના જિનચૈત્યો તેમજ કાસદ્રહ (કાછોલી) અને અજ્જાહરપુર (સૌરાષ્ટ્રનું અજાહરા) આદિ સ્થળે રહેલા ચૈત્યોની ભાવભરી સ્તુતિ કરે છે.

ગુર્જર, માલવ, કોંકણ, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્ર, કચ્છ, પાંચાલ, મરુદેશ, શાકંભરી નગરી, મથુરાપુરી, હસ્તિનાપુર, ગોપગિરિ (ગ્વાલિયર), કાશી, અવંતી, મેવાડ વગેરે દેશોમાં જોયેલા અને ન જોયેલા તીર્થોની ભાવભરી વંદના કરે છે. આ યાદીમાં કોંકણનો ઉલ્લેખ નોંધપાત્ર છે. એ કાળ સુધી કોંકણમાં આવેલું સોપારા (વર્તમાન નાલાસોપારા) જૈન ધર્મનું અગ્રગણ્ય કેન્દ્ર અને જીવિતસ્વામીની મૂર્તિને લધે પ્રસિદ્ધ તીર્થસ્થળ હતું.

હવે તીર્થમાળાકાર અઢી દ્વીપમાં રહેલા તીર્થ સર્વ જિનચૈત્યો કે જે પર્વત પર, ખીણમાં, ગામમાં કે નગરમાં તે સર્વને વંદન કરે છે. જિનભવન અને ગૃહચૈત્યમાં રહેલા પણ સર્વજિન પ્રતિમાઓને વંદન કરે છે. પાંચસો ધનુષ્યની કાયાથી અંગુઠાના માપ જેટલા

નાના, સોના, મણિથી નિર્મિત, ચાંદીથી નિર્મિત તેમજ કાષ્ઠા, પાષાણ, લેપમય આદિ સર્વ જિનેશ્વરોને ભાવથી વંદન કરે છે.

છેલ્લે, પરમાત્માના ચરણસ્પર્શથી પાવન બનેલી ભૂમિઓ, કલ્યાણકોથી પાવન બનેલી ભૂમિઓને વંદન કર્યા છે. અંતિમ ગાથામાં કહે છે કે વૈમાનિક દેવો, શ્રી ભવનપતિદેવો, ઈન્દ્રો દ્વારા સ્તુતિ કરેલા જિનેશ્વરોને વંદન કરું છું. અહીં શ્લેષ અલંકાર દ્વારા આ તીર્થમાળાના કર્તાઓ પોતાનો નામોલ્લેખ કર્યો છે.

આ તીર્થમાળાની ૪૧ થી ૧૦૧ ૬૦ ગાથાઓ ઇતિહાસની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આચાર્યશ્રીનો વિહાર રાજસ્થાનની ભૂમિમાં વિશેષ રહ્યો હશે, માટે આ ગાથાઓમાં ઘણા રાજસ્થાનના તેમજ અન્ય સ્થળોના વિવિધ તીર્થોનો, ત્યાં બિરાજમાન મૂળનાયકો આદિનો જે ઉલ્લેખ કર્યો છે, તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે છે. આજથી લગભગ ૭૫૦ વર્ષ પ્રાચીન આ રચનામાં અનેક ઐતિહાસિક સંદર્ભો ઉપલબ્ધ થાય છે. આથી આપણી તીર્થભૂમિઓના ઇતિહાસ અંગે કાર્ય કરનાર માટે આ તીર્થમાળા એક મહત્ત્વપૂર્ણ દસ્તાવેજ બની રહે તેમ છે.

આચાર્યશ્રીએ આ તીર્થમાળામાં વિવિધ તીર્થોનો ઉલ્લેખ કર્યો છે, સાથે જ આ તીર્થમાળામાં ભાવપૂર્ણ રીતે તીર્થની વંદના કરી છે. જે તીર્થમાળાનું પઠન કરનારા ભક્તોના હૃદયમાં તીર્થની પ્રતિષ્ઠા કરી, તારક તીર્થોના આલંબને આત્મતત્ત્વની અનુભૂતિમાં નિમગ્ન કરાવે છે. આપણા આત્મામાં પણ તીર્થોની પવિત્ર ચેતનાના માધ્યમથી દિવ્યતાનું જાગરણ થાય એ શુભેચ્છા.

**વધુ નોંધો :–**

(૧) ૪૧મી ગાથાના ક્રમથી જ આ તીર્થોની વંદના આચારાંગસૂત્રની નિર્યુક્તિ ૧ ગાથામાં કરવામાં આવી છે. સંભવતઃ આચાર્યશ્રીએ આ ગાથાને આધારે આ તીર્થોની નોંધ કરી હોય. ગાથા આ પ્રમાણે છે; ''અટ્ઠાવય ઉજ્જિંતે ગયગાપને ધમક્કે, પસરહાવનગં ચમરૂપ્પાયં ચ વંદામિ.''

(૨) અષ્ટાપદ વિશે અમદાવાદના સુપ્રસિદ્ધ શોધસંસ્થાન શ્રી લા. દ. પ્રાચ્યવિદ્યામંદિર દ્વારા વ્યાપક સંશોધન કરાયું હતું. તેમાં તિબેટમાં કૈલાસ પર્વતની આજુબાજુમાં થયેલું સંશોધન મુખ્ય છે. વર્તમાનમાં સિદ્ધ સંશોધક લતા બોથરાના મત મુજબ ચીનમાં છે.

(૩) સમેતશિખર અને અન્ય ઉત્તર-પૂર્વ ભારતના તીર્થો વિશે વધુ જાણવા ઇચ્છતા લોકો માટે ધીરજલાલ ટોકરશી શાહ અને ડૉ. શેફાલી શાહના પુસ્તકો 'સમેતશિખર તીર્થદર્શન' અને 'તં સમ્મેઅ સેલં વંદામિ' ઉપયોગી થઈ શકે તેમ છે.

(૪) વાયડ - (ગાથા ક્રમાંક ૧૦૧) ગુજરાતના પાટણ જિલ્લામાં આવેલું આ ગામ પાટણથી ૨૩ કિ.મી.ના અંતરે આવેલું છે. સકલતીર્થસ્તોત્ર (આ. સિદ્ધસેનસૂરિકૃત)માં આનો ઉલ્લેખ છે. અહીં વાયુદેવનું મંદિર હોવાની વાત પુરાણોમાં છે. વાયડગચ્છની ઉત્પત્તિ અહીંથી થયેલી. (જૈનસાહિત્યનો સં. ઇતિહાસ પૃ. ૩૪૧) વાયડ બ્રાહ્મણો અને વાયડ વણિકોનો સંબંધ આ સ્થાન સાથે છે. વસ્તુપાલે અહીં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

(૫) પલ્લી – રાજસ્થાનમાં વાદી નદીને કાંઠે આવેલ પાલી તે પ્રાચીન પલ્લી છે. પલ્લીવાલ ગચ્છની ઉત્પત્તિ અહીંથી થઈ છે. અહીંના પ્રસિદ્ધ નવલખા પાર્શ્વનાથ મંદિરમાં પહેલા મૂળનાયક મહાવીરસ્વામી હતા. વિ. સં. ૧૬૮૬ના જીર્ણોદ્ધાર સમયે શ્રી, પાર્શ્વનાથ ભગવાન મૂળનાયક તરીકે સ્થાપિત થયા છે. (ગાથા ૮૯)

(૬) પાવાગઢ તીર્થ વિશે વધુ જાણવાની ઇચ્છા હોય તો જૈન સાહિત્ય વિમર્શ પૃ. ૩૦૫૨ પ્રકાશિત ડિમ્પલ શાહનો લેખ અવશ્ય જોવો. જૈન સાહિત્ય વિષય સં. ગુણવંત બરવાળિયા, અભય દોશી, શ્રી. રૂપમાણેક ભનશાલી ટ્રસ્ટ, મુંબઈ.

'ચમરોત્પાત'નું સ્થળ સુસુમારપુર વર્તમાન વારાસણીથી ૨૪ કિ.મી. અંતરે આવેલા મીરઝાપુર જિલ્લાનું ચૂનાર છે, તેવું મનાય છે. અર્પિત શાહે પોતાના પુસ્તકમાં આ રીતની નોંધ કરી છે.

**સંદર્ભ સૂચિ :–**


(૧) *પ્રભુ તમારા પગલે, લે. અર્પિત શાહ, શ્રી મુનિસુવ્રત આરાધક ગ્રુપ, કોલકાતા.*

(૨) *વિવિધ તીર્થકલ્પ – આચાર્ય જિનપ્રભસૂરિ, સં. રત્નાકરસૂરિના શિષ્ય રત્નત્રયવિજયજી અને રત્નમતિવિજયજી, પ્ર. શ્રી રંજનવિજયજી જૈન પુસ્તકાલય, મુ. માલવાડા, જી. જાલોર (રાજસ્થાન) ૩૪૩૦૩૯.*

(૩) *પધારો મ્હારે દેશ, સં. મૈત્રીદૂત કમલકુમાર જૈન (રાજસ્થાનના તીર્થો માટે), પ્ર. ૨૪ x ૩૬૪ ન્યુઝ એન્ડ નેટવર્ક, ઉજ્જૈન.*

(૪) *શ્રી વિધિપક્ષ (અચલગચ્છીય) શ્રાવકાણાં સાર્થ પંચપ્રતિક્રમણસૂત્ર, સં. સં. પ. પૂ. આચાર્યદેવ શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા. પ્રકાશક - કલ્યાણ ગૌતમ નીતિસ્મારક અચલગચ્છીય જૈન સાહિત્ય પ્રચારકનિધિ, પરેલ - લાલવાડી, મુંબઈ.*

*(૪) અચલગચ્છ દિગ્દર્શન લે. પાર્શ્વ.*

(૫) *સાધુ તો ચલતા ભલા લે. મુનિશ્રી પ્રશમરતિવિજયજી મ.સા. પ્ર. પ્રવચન પ્રકાશન, ૪૮૮, રવિવાર પેઠ, પુણે.*


✦ ✦ ✦

# તિરૂક્કુરળ ચિંતનિકા–૫

પ્રવર્તિની સાધ્વીવર્યા શ્રી વાચંયમાશ્રીજી મ.સા. (બેન મ.સા.)

## સદાનંદી કોણ?

यत्र धर्मस्य साम्राज्यं,
प्रेमाधिक्यञ्च दृश्यते ।
तद्गृहे तोषपीयूषं
सफालाश्च मनोरथाः ।।

(परिच्छेद: ५, गाथा-५)

**પ્ર**ત્યેક ધર્મમાં ધર્મારાધકના મુખ્ય બે પ્રકાર છે. નામ અનેક હોય, પણ ઉદ્દેશ એક હોય. એક સાધક-સાધનાપ્રિય સાધક સમાજનું નેતૃત્વ કરે છે. સમાજને માર્ગદર્શન આપે છે. સમાજનું નેતૃત્વ કરનાર આત્મા જ્ઞાની હોય – ધ્યાની હોય – દયાળુ હોય. વાત્સલ્યનો દરિયો હોય તે **સાધુ** હોય, **શ્રમણ** હોય, **સંન્યાસી** હોય.

વિશ્વના માનવમાત્રના ઉત્થાન માટે – પ્રગતિ માટે સતત ચિંતિત હોય, શ્રમ કરે અને સિધ્ધિ માર્ગ માટે પ્રયત્ન કરે તે **સંત.**

**''સંતને સદા વસંત''**. તેને ક્યારેય હૈયાહોળી હોતી નથી. સદા પ્રસન્નતાનો પમરાટ મુખ ઉપર પ્રસરતો જ રહે છે. આનંદના કારણે તેઓનું મુખકમલ શરદપૂર્ણિમાના ચંદ જેવું ખીલેલું – ઉજ્જવલ ભાસે છે. સંત-મહંતની ભાષા વિશ્વ-કલ્યાણની ઉદ્દ્યોતક હોય છે. **મંગલ થાઓ – કલ્યાણ થાઓ.**

**॥ સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥**

આ શબ્દો માત્ર નથી. પણ આશીર્વચનના અમૃત સ્ત્રોત છે. આવા પવિત્ર આશીર્વાદ જે સાધુ મહાત્માના મુખકમલમાંથી પ્રગટે છે, તેમના અંતરમાં કયો અમૃત કુંભ વહેતો હશે? સાધુની આંતરિક સમૃધ્ધિ અદ્ભુત – અનેરી હોય છે. આવી આંતર સમૃધ્ધિના સમ્રાટ – માલિક સાધુ કેવી રીતે બન્યા? આવા આંતર સમૃધ્ધિના સાધકના દર્શને સમ્રાટ અશોકને જીવનનું નૂતન દર્શન પ્રાપ્ત થયું. યુધ્ધપ્રિય – સત્તામાં મદહોશ સમ્રાટને સાધુના દર્શન માત્રથી જીવનનો નવો વળાંક આવ્યો. તેથી જ સુભાષિત વિશ્વમાં ગુંજિત બન્યું – **''સાધુનામ્ દર્શનં પુણ્યમ''** સાધુના હૃદયમાં વિશ્વના પ્રાણીમાત્ર પ્રત્યે કરુણારસનો સમુદ્ર ઘુઘવતો રહે છે. મારા-તારાના સંકુચિત ભેદ તેમના હૃદયમાં હોતા નથી. **''વસુધૈવ કુટુંબકમ્''**ની ભાવનાથી શોભતા હોય છે.

વ્યક્તિએ બોલવું જ ન પડે કે હું સાધુ છું – શાંત છું. પણ તેમના મુખની પ્રભા સાધનાના તેજથી શોભી રહી હોય. સંત-મહંતના ચરણે સમસ્ત વિશ્વ ઝૂકી જાય છે અને શુભાશિષની ઝંખના કરે છે.

સાધુનો સર્વશ્રેષ્ઠ ખજાનો કયો? સાધુને શાની મસ્તી? સાધુ સદા પ્રસન્ન કેમ? તેમણે શું મેળવ્યું કે સદાનંદી બન્યા? પ્રસંગે આનંદ-મહોત્સવમાં આનંદ – કંઈક પ્રાપ્તિનો મહાનંદ તો માનવમાત્રમાં હોય છે. અરે! માનવમાં જ નહીં, પણ પશુ-પંખીમાં પણ ઉદ્ભવે છે. વસંતઋતુ આવે અને કોયલ કુંજન કરે. પૂર્ણિમા આવે અને સમુદ્રમાં ભરતી આવે. પરંતુ સદાનંદની પાછળ કયું પરિબળ કામ કરે છે? કઈ સાધનાની સિધ્ધિ સદા આનંદ આપે?

સદાનંદનું રહસ્ય વિચારતા સમજાય છે કે **''જિતેન્દ્રિયતા''.** ઈન્દ્રિયો પર વિજય મેળવી શકે તે **''સદાનંદી''** બને છે. સાધન અને સાધનાના ભેદ પરથી સાધનનો સદ્ઉપયોગ કરે, પણ ક્યારેય સાધનને પરાધીન ન બની જાય. પાંચ ઇન્દ્રિય સ્પર્શ, રસ, ઘ્રાણ, દર્શન અને શ્રવણ તેને સાધનામાં સહાયક બનાવે. ઇન્દ્રિય યોગ્ય પદાર્થમાં પરાધીન ન બને. મોહાય નહીં. મુંઝાય નહીં. ઈન્દ્રિયના વિષયોનું જ્ઞાન કરે. જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયનો વિવેક સમજે – કર્તવ્ય સમજે. પણ ઇન્દ્રિયોના વશમાં તો ન જ આવે. ઈન્દ્રિયોને સંયમિત કરે. ઈન્દ્રિય ઉપર કંટ્રોલ કરે. ઈન્દ્રિયોના વિષયમાં લુબ્ધ બની – સન્માર્ગ ભૂલીને ભટકે નહીં – રખડે નહીં. ભવાટવીનો મુસાફર ના બને.

સાધુનું જીવનવ્રત સર્વોચ્ચ હોય છે – સર્વશ્રેષ્ઠ હોય છે. ઈન્દ્રિય વિજેતા બનવાનું લક્ષ્ય હોય છે. **ઈન્દ્રિય વિજેતા જ સર્વશ્રેષ્ઠ વિજેતા હોય છે. સર્વશ્રેષ્ઠ વિજેતા જ આનંદી હોય – પરમાનંદી હોય – સદાનંદી હોય છે.**

વિશ્વનો વિજય સહેલો છે પણ ઈન્દ્રિય વિજેતા – વિજયી બનવું બહુ દુષ્કર છે. અભિમન્યુના અઢાર (૧૮) કોઠા છે. ભયંકર ભૂલ-

ભૂલામણી યુક્ત છે. મહાત્માએ અનશન સ્વીકાર્યું. દેહ પર વિજય મેળવવા ધૂણી ધખાવી. લાખો લોકો દર્શને આવે. ચરણ-સ્પર્શ કરી આશીર્વાદની પ્રાર્થના કરે. ધન્ય બને. ચક્રવર્તીનું સ્ત્રી-રત્ન પટ્ટરાણી પણ મહાત્માના દર્શન કરવા આવી. નમન કર્યું. સ્ત્રી-રત્નના સુંવાળા-સુંદર-મનોહર કેશકલાપનો સ્પર્શ થયો. મુનિનું મન હાર્યું. સ્પર્શેન્દ્રિયનો વિજય થયો. મુનિની મતિ મુંઝાણી. મુક્તિની ઝંખના ઉડી ગઈ. સ્ત્રી-રત્નની ઝંખનાએ મન વિહ્‌વળ બન્યું. વિજેતા મુનિએ ભયંકર હાર ખાધી. નમાલા થઈ ગયા. આનંદ અલોપ થયો. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની લીલામાં અટવાઈ ગયા. સદાનંદ સંતાઈ ગયો.

એક ઈન્દ્રિયને આધીન બન્યા, તો તેનું આ ભયંકર પતન. જેને જીવનમાં સદાનંદ પ્રાપ્ત કરવો છે તેને પાંચે ઈન્દ્રિયના વિષય પર વશીકરણ કરવું પડે. હાકલ કરવી પડે – પુકાર કરવી પડે.

હટો... હટો... હટો... મારા આંતર સામ્રાજ્યમાં તમને પ્રવેશ નથી. મારે જ્ઞાનાનંદી બનવું છે. તુચ્છ વિષયોને હરાવવા છે.

સાચો સંત **''જિતેન્દ્રિય''** હોય અને જિતેન્દ્રિય જ **''સદાનંદી''** હોય છે. **સદાનંદી વિશ્વમાં પૂજનીય – વંદનીય – અનુકરણીય છે.**

✦ ✦ ✦

Email : 2yash89@gmail.com

# સુખના ચાર તબક્કા!

**જાદવજી કાનજી વોરા**

સહુને સુખ પ્યારૂં છે. આપણને સહુને સુખ જ જોઈએ છે. મેં ક્યાંક વાંચ્યું હતું કે ફાર્બસ સામયિકના અહેવાલ અનુસાર આફ્રિકાના સૌથી ધનિક દેશ નાઈજીરિયાના સર માઈકલ ઓટેડોલાના ૧.૮ બિલિયન ડોલરની વિશાળ સંપત્તિ ધરાવતા એક વિખ્યાત ઉદ્યોગપતિ ૫૯ વર્ષીય સુપુત્ર ફેમી ઓટેડોલાને ટેલિફોન ઇન્ટરવ્યુમાં રેડિયો જોકી દ્વારા એક વખત પૂછવામાં આવ્યું કે, ''સર! તમારા જીવનમાં એવી કઈ વસ્તુ છે જે તમને વધારે યાદ છે અને જે તમને સૌથી વધારે સુખી બનાવે છે?''

ફેમી ઓટેડોલા આફ્રિકાના ચોથા ક્રમાંકના સૌથી ધનિક વ્યક્તિ છે અને એમનો ઓઈલ માર્કેટીંગ અને પાવર જનરેશનનો વિશાળ ઉદ્યોગ છે જેના અંતર્ગત એ ૫૦૦થી વધારે સર્વિસ સ્ટેશન ધરાવે છે અને એ દેશના સૌથી વિખ્યાત ઉદ્યોગપતિઓમાંના એક હોવા ઉપરાંત આફ્રિકાના સૌથી વધુ પરોપકારી છે અને સારા હેતુઓ માટે વાર્ષિક કરોડો ડોલરનું દાન પણ નિયમિત કરતા રહે છે.

ફેમી ઓટેડોલાએ જવાબ આપતા કહ્યું કે, ''હું જીવનમાં સુખના ચાર તબક્કામાંથી પસાર થયો છું અને અંતે મને સાચા સુખનો અર્થ સમજાયો. પ્રથમ તબક્કો સંપતિ અને ભૌતિક સાધનો એકઠા કરવાનો હતો. પણ જોઈતું સુખ મળ્યું નહીં. એ પછી મોંઘીદાટ વસ્તુઓ અને સુખ સુગવડના સાધનો ખરીદવાનો બીજો તબક્કો આવ્યો. પછી અનુભવે મને શીખવ્યું કે આવી મોંઘી વસ્તુઓની અસર પણ કામચલાઉ છે અને એની ચમક પણ લાંબો સમય સુધી ટકતી નથી. આવી વસ્તુઓની અસર પણ જેમ જેમ સમય પસાર થાય તેમ તેમ ઓછી થતી જાય છે. એ પછી ત્રીજા તબક્કામાં હું મોટા મોટા પ્રોજેક્ટ્સ લેવા લાગ્યો. એક એવો સમય હતો જ્યારે હું નાઈજીરિયા અને આફ્રિકામાં ૯૫% ડીઝલ પુરવઠો ધરાવતો હતો. હું આફ્રિકા અને એશિયાનો સૌથી મોટો જહાજ માલિક પણ હતો. અહીં પણ મને કલ્પિત સુખ અને સંતોષ મળ્યો નહીં.''

હવે ચોથો તબક્કો આવ્યો. મારા એક મિત્રએ મને કેટલાક અપંગ બાળકો માટેની એક સંસ્થા માટે ૨૦૦ જેટલી વીલચૅર ખરીદીને દાનમાં આપવાનું કહ્યું. મને પૈસાની તો કોઈ કમી નહોતી. મારા માટે આવી માગણી એ ચણા-મમરા જેવી હતી. ખાસ કોઈ પણ જાતના વધારે વિચારો કર્યા વગર મેં તરત જ એ વીલચૅર ખરીદી. આ વીલચૅર સંસ્થામાં આપવા માટે મારા મિત્રએ મને એની સાથે ચાલવાનું કહ્યું. જોકે મારી એવી કોઈ જ ઇચ્છા ન હોવાથી હું અનિચ્છાએ એની સાથે જવા તૈયાર થયો. મારા મિત્રએ મને બાળકોને મારા પોતાના હાથે એ વીલચૅર આપવાનું કહ્યું હોવાથી હું મારા હાથે એ વીલચૅર સંસ્થાના ગરીબ અને અપંગ બાળકોને આપવા લાગ્યો.

મારા આશ્ચર્યની વચ્ચે હું તો એ બાળકોના મુખ પર આવેલી આનંદ અને સંતોષની લાગણી જોઈને આભો જ થઈ ગયો. એ વખતે એ બાળકો એક પિકનિક સ્પોટ પર આવ્યા હતા જ્યાં એ બાળકો બહુ જ આનંદ માણી રહ્યા હતા. હવે મને મારી અંદર સાચો આનંદ મળવા લાગ્યો. જ્યારે હું પાછો જઈ રહ્યો હતો ત્યારે એક બાળક મારા મુખને ટીકી ટીકીને જોવા લાગ્યો અને પગ પકડી લીધા. મને લાગ્યું એને હજી કદાચ વધારે કોઈક વસ્તુની જરૂરત હશે. મેં મારા પગને હળવેથી મુક્ત કરવાનો પ્રયાસ કર્યો પણ એ બાળકે મારા ચહેરા સામું જોઈને મારા મુખને નિહાળી રહ્યો હતો. મેં નીચા નમીને એ બાળકને પૂછ્યું કે, **''બેટા, તને બીજું કંઈક જોઈએ છે?''** આ બાળકે જે જવાબ આપ્યો તે મને માત્ર ખુશ જ

નહીં પણ મારા જીવન પ્રત્યેના અભિગમને સંપૂર્ણપણે બદલી નાખ્યો. એ બાળકે મને કહ્યું કે, **"હું તમારો ચહેરો યાદ રાખવા માગું છું જેથી જ્યારે હું તમને સ્વર્ગમાં મળીશ ત્યારે હું તમને ઓળખી શકું અને ફરી એક વાર તમારો આભાર માની શકું!"**

ફેમી ઓટેડોલાનો અનુભવયુક્ત જવાબ આપણને ખરેખર વિચારવા માટે મજબુર કરે છે. ઓટેડોલાને સંપત્તિ અને ભૌતિક સાધનો એકઠા કરવામાં, મોંઘીદાટ વસ્તુઓ કે સુખ સગવડના સાધનો ખરીદવામાં, મોટા મોટા પ્રોજેક્ટ્સ લેવા કરતાં કોઈક જરૂરિયાતવાળાને જરૂરિયાતો પૂરી કરવામાં જે આનંદ અને આત્મ સંતોષ મળે છે એ અપ્રતિમ અને અવર્ણનીય છે જેનું મૂલ્યાંકન શબ્દોમાં થઈ શકતું નથી! તમે કદાચ દુનિયાભરમાં સૌથી મોટું ઘર ધરાવી શકો છો કે વિશ્વના સૌથી શ્રીમંત વ્યક્તિ બની શકો છો પણ કોઈકને મદદ કરવામાં પ્રાપ્ત થતો સંતોષ સૌથી વધારે હોય છે!

જરૂરી નથી કે કોઈને મદદ કરવા માટે બહુ બધી સંપત્તિ હોવી જોઈએ. આપણે ધારીએ તો આપણા ઘરમાં કે ઓફિસમાં કામ કરતા કર્મચારીઓના કે પછી આપણા મકાનના લીફ્ટમેન કે વોચમેનના બાળકો માટેના ભણતરનો ખર્ચો તો આપણે ઉપાડી જ શકતા હોઈએ છીએ. એમના માટે એમની કે એમના પરિવારના સભ્યોની માંદગી વખતે આપણે ચોક્કસપણે એ ખર્ચને પહોંચી વળવા માટે આપણે તેમને સહાય આપી શકીએ છીએ. આપણે તેમના માટે મેડિક્લેઇમ પણ કઢાવીને તેમને સહાયરૂપ થઈ શકીએ કે પછી તહેવારો કે આપણા જન્મદિવસ કે લગ્નદિવસે એમને ઘર માટે અનાજ ભરાવી દઈએ કે એમના સંતાનો માટે ચોકલેટ કે મીઠાઈ વગેરે આપીને એમને પણ આપણી ઉજવણીમાં સામેલ કરીએ શકીએ. આ રીતે જો આપણે ઇચ્છીએ તો એનાથી પણ આગળ વધીને આપણી જ્ઞાતિ કે સમાજના નબળા વર્ગના સભ્યો માટે પણ તેમને સહાયરૂપ થઈ શકીએ છીએ.

દર રવિવારે ભલે તમે નાટક-સિનેમામાં કે હરવા ફરવામાં ગાળો પણ એકાદ રવિવાર કોઈક સરકારી હૉસ્પિટલની મુલાકાત લઈ ત્યાં લાંબા સમયથી રહેતા કોઈક એકલવાયા દર્દીનારાયણની પીઠ પર હાથ રાખીને એને હુંફ અને સાંત્વના મળે એવા બે શબ્દો કહેવામાં ગાળીએ તો કેવું સારું!

મારો તો આનો અનુભવ છે. મારા કૉલેજ કાળ દરમ્યાન અમે ચારેક મિત્રોએ સાથે મળીને એક હમદર્દી મંદિર નામક સંસ્થા સ્થાપી હતી. જેના નેજા હેઠળ અને અઠવાડિયામાં બે વાર જે. જે. હૉસ્પિટલ તથા બે બખત કે.ઈ.એમ. હૉસ્પિટલમાં મુલાકાત લેતા હતા. આ હૉસ્પિટલોના એકાદ વાર્ડમાં અમે જરૂરિયાતવાળા દર્દીઓની મુલાકાત લઈને તેમની એકલતા દૂર કરીને એમને મોસંબી તથા પાઉ આપવાની પ્રવૃત્તિ કરતા હતા જેનો આનંદ અવર્ણનીય હતો!

મિત્રો, "જીવનમાં સાચું સુખ બસ માત્ર કોઈક જરૂરિયાતવાળાની જરૂરિયાતો પૂર્ણ કરવામાં રહેલું છે. ભરોસો અને સંતોષપૂર્વક અપાયેલા આશીર્વાદ ક્યારેય દેખાતા નથી પણ તે અસંભવને સંભવ બનાબવી જીવનમાં સાચા સુખની અનુભૂતિ કરાવી શકવા સમર્થ હોય છે! માનવતાના આવા કાર્યથી મળતો સંતોષ આપણને સાચું સુખ આપતું હોય છે જેની તોલે અન્ય કોઈ આવતું નથી!"

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૬૯૨ ૦૦૦૪૬


## પ્રબુદ્ધ જીવન પત્રિકા

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર સેન્ટ્રલ રૂલ્સ - ૧૯૫૬ અન્વયે 'પ્રબુદ્ધ જીવન' માસિક પેપર અંગેની માહિતી ફોર્મ નં. ૪ (જુઓ રૂલ નં. ૮)

| | |
|---|---|
| (૧) પ્રકાશનનું સ્થળ | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| (૨) પ્રકાશનની સામાયિકતા | : માસિક પત્રિકા |
| (૩) મુદ્રકનું નામ | : અરિહંત પ્રિન્ટીંગ પ્રેસ સાઈબાબા નગર, ત્રિકાલ બિલ્ડીંગની પાછળ ૩૧૦, બેંક ઓફ મહારાષ્ટ્રની પાછળ, પંત નગર, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬ |
| (૪) પ્રકાશકનું નામ | : ડૉ. સેજલ એમ. શાહ ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| (૫) તંત્રીનું નામ | : ડૉ. સેજલ એમ. શાહ |
| રાષ્ટ્રીતા | : ભારતીય |
| સરનામું | : ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |
| (૬) માસિકનું નામ | : પ્રબુદ્ધ જીવન, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, એસ.વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪. |

હું ડૉ. સેજલ એમ. શાહ ખાસ જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી વધુમાં વધુ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

તા. ૧૦.૩.૨૦૨૨ **ડૉ. સેજલ મનીષ શાહ**

### માતૃભાષા દિવસ વિશેષ ૨૧ ફેબ્રુઆરી

**૧૭** નવેમ્બર, ૧૯૯૯ના રોજ યુનેસ્કોની સામાન્ય સભામાં, માતૃભાષા માટે ઢાકા યુનિવર્સિટીમાં શહીદ થયેલા વિદ્યાર્થીની યાદમાં દર વર્ષે ૨૧ ફેબ્રુઆરી વિશ્વભરમાં 'વિશ્વ માતૃભાષા ભાષા દિન' ઉજવવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ તારીખ પાછળ એક મહત્વની ઘટના આમ છે.

૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો અને પશ્ચિમ પાકિસ્તાનમાં (હાલનું પાકિસ્તાન)ને પૂર્વ પાકિસ્તાન (હાલનું બંગ્લાદેશ) અસ્તિત્વમાં આવ્યા. પાકિસ્તાને બંને પ્રદેશની રાષ્ટ્રીય ભાષા ઉર્દૂ ઘોષિત કરી. પૂર્વ પાકિસ્તાન વાસ્તવમાં પશ્ચિમ બંગાળનો ભાગ હતો તેથી ત્યાંની પ્રજામાં બંગાળી ભાષા ચલણમાં હતી. તેથી પ્રજાએ તે માટે માતૃભાષા માટે લોકઆંદોલન શરૂ કર્યું. ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ ઢાકા યુનિવર્સિટીમાં વિદ્યાર્થી અને લોકોએ એક સરઘસ કાઢ્યું. તેની ઉપર ગોળીબાર કરવામાં આવ્યો અને કેટલાક વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા. આ ઘટના યુનોના પૂર્વપ્રમુખ કેફિ અન્નાના ધ્યાનમાં આવતાં યુનેસ્કોની ૩૦મી સામાન્ય સભામાં આ નિર્ણય લેવામાં આવ્યો. ઢાકા યુનિવર્સિટીમાં થયેલી આ ઘટનાની યાદમાં એક સ્મારક રચવામાં આવ્યું છે. આજે પણ બંગ્લાદેશમાં આ દિવસે જાહેરરજા રાખવામાં આવે છે અને આ નિમિત્તે સમગ્ર પ્રજાની માતૃભાષા પ્રત્યેની આસ્થા જાગતી રાખવામાં આવે છે.

**– સાભાર 'બુદ્ધિપ્રકાશ' ફેબ્રુઆરી, ૨૦૨૨**

**શ્રી ગુજરાતી સમાજ કાંદીવલીમાં યોજાયેલ માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે વિચારમંથન સત્ર અંતર્ગત આવેલ કેટલાંક મહત્વના વિચારો બીનાબહેન પ્રહરાજના સૌજન્યથી પ્રાપ્ત થયેલ છે.**

# માતૃભાષા અંગે કેટલાક સૂચનો

**– પ્રમોદભાઈ સંપટ**

**મા**તૃભાષાનું મહત્વ કેમ ઘટ્યું? ખરેખર સુંદર વિચાર છે. મારો જન્મ ૧૯૪૫ અને ૧૯૫૧ની સાલથી ભણવાનું શરૂ કર્યું હતું. છેલ્લા સિત્તેર વર્ષના અનુભવ રજૂ કરું છું. આપણા કેળવણીકારો, આપણી કેળવણી પ્રથા, ગુજરાતીને વધુ પડતું મહત્વ આપી, અંગ્રેજી ભાષા સાત ધોરણ સુધી શીખી ન શક્યા. આઠમા ધોરણમાં આવી, A ફોર એપલ કરવું અને એસ.એસ.સી. સુધીમાં અંગ્રેજી યોગ્ય આવડવું ઘણું મુશ્કેલ બન્યું. એસ.એસ.સી. બાદ અચાનક કોલેજમાં આવી બધા જ વિષય અંગ્રેજીમાં શીખવા, લખવા, બોલવા મોટી સમસ્યા. આ સમયે અંગ્રેજી ભાષાની પ્રભુતા જીવનના દરેક ક્ષેત્રમાં જેવા કે બેન્કો, વીમા, સરકારી ઓફિસો તથા બધા ક્ષેત્રમાં અંગ્રેજી બોલવા અને લખવાવાળાને પ્રાધાન્ય ખૂબ મળતું. બહુ દુઃખદ! એસ.એસ.સી.માં પણ ઘણા વિદ્યાર્થીઓએ અંગ્રેજીનો અભ્યાસ છોડવો પડ્યો. બીજા થોડા વિદ્યાર્થીઓ કોલેજના બીજા વર્ષમાં યુનિવર્સિટીની પરીક્ષા બાદ નાસીપાસ થઈ નોકરી પર લાગી ગયા. આ બધા સંજોગો સાથે, જ્યારે અમારા બાળકો ભણવા લાયક થયા, ત્યારે અંગ્રેજી સ્કુલોની બોલબાલા. સારી ગુજરાતી માધ્યમિક સ્કૂલ ઘરની બાજુમાં મળવી મુશ્કેલ થઈ ગઈ. પોતાને અંગ્રેજી થકી પડેલ સમસ્યાને ધ્યાનમાં લઈ, અમારા બાળકોને અમે પડેલ તકલીફ ન પડે માટે અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ આપવું પડ્યું. આ એક બહુ જ દુઃખદ નિર્ણય હતો, છતાં લેવો પડ્યો. સમાજમાં અંગ્રેજી લખવા, બોલવાવાળાનું મહત્વ વધી ગયું. જીવનમાં રોજગાર જેવી સમસ્યાઓને પ્રાધાન્ય આપી અંગ્રેજી સ્વીકારવું પડ્યું. આ એક સર્વેને જાણીતી વાત છે. આ અંગ્રેજી માધ્યમ શાળામાં પાયાનાં વિચારો શિક્ષણ માધ્યમથી સંપર્કમાં ન રહેતા બાળકોની વિચાર સંસ્કૃતિ સંકુચિત રહી ગઈ. આપણે ફક્ત અંગ્રેજી બોલતા લખતા કારકુનો જ સમાજને આપ્યા. મારું માનવું છે આ બધી સમસ્યા ધ્યાનમાં લઈ આવેલી નવી શૈક્ષણિક પ્રથા આવકારદાયક લાગે છે. ધોરણ ચાર સુધી ગુજરાતી માધ્યમ, ધોરણ પાંચથી

સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન જે અગિયારમા ધોરણ સુધીમાં વ્યવહારિક રીતે યોગ્ય થઈ જવાય અને ઉચ્ચ અભ્યાસમાં સમસ્યા ઓછી પડે આ બધી આપત્તિઓ પછી આપણે જે પરિસ્થિતિમાં છીએ તેનો બચાવ કરવા યોગ્ય પગલાં વિચારવાં જોશે. ૧૯૬૪ અને ૭૦ના દાયકામાં વ્યક્તિઓ પુસ્તકો ટેપરેકોર્ડરમાં વાંચી શકાતા અને વ્યક્તિઓને ગુજરાતી સાહિત્યનો લાભ લેતા. આ વસ્તુ ધ્યાનમાં લઈ હાલના આપણા ગુજરાતી પરિવારના મોટા ભાગના વ્યક્તિઓ સારું ગુજરાતી બોલી શકે છે, સાંભળી શકે છે ગુજરાતી વાંચન કરી શકે છે પણ તેને હૃદય સુધી સંઘરવા મુશ્કેલી પડે છે આ પરિસ્થિતિમાં આપણા ગુજરાતી સાહિત્યના વિચારવંતઅગ્રણીઓ સારા પુસ્તકોનો સારાંશ ભાગ, સારી કવિતાઓ, સારા વિચારોને પ્રોત્સાહિત કરતાં પ્રસંગો whatsapp અથવા you tube દ્વારા વધુમાં વધુ પ્રકાશિત કરે અને આપણા સમાજને, ગુજરાતી સંસ્કારને હૃદયમાં પ્રસ્થાપિત કરે તેવી મારી ખૂબ જ ઇચ્છા છે. પ્રમોદ સંપટ ત્રેવીસમી ફેબ્રુઆરી ૨૦૨૨ના જયજય ગરવી ગુજરાત.

# માતૃભાષાનું જીવનમાં મહત્વ

**– ડૉ. હેતલ મિસ્રી**

**બા**ળક જન્મે ત્યારથી જ એની માતૃભાષાને સાંભળતો આવે છે. માયબોલી તો છે જે આગળ જતાં મનુષ્યને એની લાગણીઓ અને વિચારોથી સૃદઢ બનાવે છે. માતૃભાષા જાણવી, બોલવી અને સમજવી એ પણ એક અદ્ભૂત કળા છે.

ભાષા મનુષ્યના જીવનનું એક મહત્વનું અંગ છે. માણસના હૃદય સુધી પહોંચવાનું એક માત્ર માધ્યમ છે. માબોલી, આપણા વિચારોને લાગણીઓને અને સપનાઓને બીજા સુધી પહોંચાડવાનું એક માત્ર સાધન છે. પૃથ્વી પર બધા જીવોને પોતાની બોલી છે, પોતાની ભાષા છે પણ એક મનુષ્ય પાસે જ બુદ્ધિમત્તાથી ભરેલી ભગવાનની કોઈ દેણ હોય તો તે છે માતૃભાષા. માતૃભાષા એ ભાવનાઓની અભિવ્યક્તિ છે.

ક્યારેક તમે વિચાર કર્યો છે કે તમને સુંદર સપનું આવે તો એ સપનું ગુજરાતીમાં જ હશે ને? તમને કોઈ ગહન વિચાર કરવો હોય તો તમે ગુજરાતીમાં જ કરશો? તમારા સ્નેહીજનોને લાગણી દર્શાવી હોય તો તમે એ પ્રથમ ગુજરાતીમાં જ પ્રદર્શિત કરશો ને? જ્યારે પણ ભાષાની આશા સાથે શબ્દોની સમજ આવે અને જે મુખ પર અભિવ્યક્ત થાય એનું નામ માતૃભાષા. કોઈ પણ વાણીની શરૂઆત અને મનની રજૂઆત જે મુખ પર દેખાય તે માતૃભાષા. જ્યાં પરિચયની વાત હોય અને વતનની સુગંધ હોય એ છે આપણી માતૃભાષા ગુજરાતી. જેના પેટાળથી ઉછળતાં સાહિત્યનાં લહેરોથી સપાટી પર ઊંચકાઈને આગવી ઊંચાઈને આંબે છે એવી અનુભવકૃત, સમૃદ્ધ અને રસરંજિત ભાષા એટલે માતૃભાષા ગુજરાતી. અગાથ અને અપાર એના પેટાળમાં જઈને જોઈએ તો કેટલી વૈવિધ્યપૂર્ણ અને અચરજ અપાર સૃષ્ટિ છે.

સંસ્કૃતમાંથી પ્રાકૃત અને પ્રાકૃતમાંથી અપભ્રંશ અને અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાનો ઉદ્ભવ થયો છે. ઈ. સ. ૧૦૦૦થી ૧૪૫૦ના કાળને સાહિત્યસર્જન કાળ અથવા ગુજરાતી ભાષાનું આરંભકાળ કહેવામાં આવ્યો છે. આ કાળમાં હેમચંદ્રાચાર્યજી એ જૈન ધર્મના, શાશ્વત વ્યાકરણના, ચિંતનના, પુસ્તકો લખ્યા હતા. ઈ. સ. ૧૫૦૦થી ૧૮૦૦ના કાળને નરસિંહ યુગ અથવા ભક્તિ યુગ કહેવાય છે. આ કાળમાં સંત નરસિંહ મહેતા, દયારામ જેવા ભક્તોએ ભક્તિરસથી ભરપૂર લોકબોલીમાં લોકગીતોનું પ્રત્યારોપણ કર્યું હતું. ઈ. સ. ૧૮૫૦થી ૧૮૮૫ના કાળને નર્મદ યુગ અથવા સુધારક યુગ કહેવાય છે. આ કાળમાં ગુજરાતી ભાષાનો ઘણો સુધારો થયો હતો. ઈ. સ. ૧૮૮૫થી ૧૯૧૫ના કાળને પંડિતયુગ અથવા ગોવર્ધન યુગ કહેવાય છે. ત્યાર પછીના ૧૯૪૫ સુધીના કાળને ગાંધીયુગ કહેવાય છે. આવી રીતે આપણી ગુજરાતી માતૃભાષાનું વટવૃક્ષ મોટું ને મોટું થતું ગયું. આ મહાન સાહિત્યકારોએ માબોલીના આ વૃક્ષનું સિંચન કરવાનું કામ કર્યું હતું. વિશ્વ પ્રખ્યાત ગુજરાતી ભાષાની એક ગરિમા સ્થાપી હતી.

ઇતિહાસ કહે છે કે આપણી માતૃભાષા ગુજરાતી પર પરદેશી શાસનનો ઘણો પ્રભાવ રહ્યો છે. અગિયારમી અને બારમી સદીમાં ઈસ્લામી શાસક પ્રભાવ હેઠળ ફારસી અને અરબી ભાષાનો પ્રભાવ રહ્યો હતો. એનું રોબરોજનું ઉદાહરણ એટલે કપ-રકાબી. રકાબી એ ફારસી શબ્દ છે જે આપણા દરેક ગુજરાતીઓનું સવારનું તાજગીભરી ચૂસકી લેવાનું અવિભાજ્ય સાધન થઈ ગયું છે. ૧૮મી

અને ૧૯મી સદીમાં અને હજુ સુધી તેના પ્રભાવ હેઠળ આપણી ગુજરાતી ભાષા પરિવર્તિત થઈ ગઈ છે એ છે અંગ્રેજી ભાષા. આ એકમાત્ર શાસન છે જેણે ગુજરાતીઓને અંગ્રેજીમાં બોલતું કરવા અનિવાર્ય કરી દીધું. વિશ્વસ્તરીય, વ્યાપારિક દૃષ્ટિએ, કાનૂની લડાઈ ભાષામાં જોતજોતામાં અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધવા માંડ્યું. જોતજોતામાં 'ક' નહીં પણ 'કે' 'કેમલ'નો થઈ ગયો. બા-બાપુજી જેવી માયબોલી 'મોમ' અને 'ડેડ' બોલવા લાગી. અંગ્રેજી તો ગયા પણ આ સ્વતંત્ર ભારતને પરતંત્ર ભાષાનું ગુલામ બનાવી ગયું. માતૃભાષાનો તમે કેટલોય મહિમા ગાતા રહો, છેવટે સત્તાની ભાષા જે હોય, એ જ મહિમાવતી બને છે.

આજના ગતિશીલ, આધુનિક અને સ્વતંત્ર દેશમાં આપણો સમાજ હવે અંગ્રેજી સંવાદો કરતો થઈ ગયો છે. તેને ગુજરાતી બોલતા મન હચકચાય છે. આપણે સ્વયં આપણી માબોલી ગુજરાતીને તિલાંજલિ આપી દીધી છે. સમાજમાં ઉઠતા-બેસતા અને વ્યવહાર કરતાં જો માતૃભાષા બોલવી પડે તો નાનમ લાગે છે. આવા બદલાતા સમાજને મને કોઈની પંક્તિઓ યાદ આવે છે. કવિયત્રી દમયંતી આશની એ સાચું જ કીધું છે. ક્યારેક બનતી મા જેવી માર્ગદર્શક, તો ક્યારેક વળી સલાહકાર, મળી આત્મવિશ્વાસથી છલોછલ સોગાત એ જ મારી ભાષા ગુજરાતી.

કરચલીઓ પડી ગઈ જાણે આપણા જ થકી આપણી ભાષા પર, ભાણું ભાવે ગુજરાતી! તો ન સચવાય માતૃ સમ માત્ર આપણી ભાષા ગુજરાતી?

સ્તન્યદાયિની જનની પ્રત્યે જે ભાવ હોવો જોઈએ એવો ભાવ આપણી માતૃભાષા ગુજરાતી પ્રત્યે પણ હોવો જ જોઈએ. ડગલે-પગલે પાણીનાં ઘૂંટડે, અન્નના બટકે સંતાનોને શીખવાડતી ભાષા એટલે માતૃભાષા. જીવનમાં સ્થળ કેટલાય બદલાય પણ માબોલી સમય સાથે પણ આપણા રગેરગમાં લાગણીસમ, લીલીછમ જીવતી રહે છે. ખરેખર, માતૃભાષા એ જ જીવનની દિવ્યતા છે.

આપણા જાણીતા સાહિત્યકાર શ્રી ગુણવંત સાહેબે ખૂબ જ સાચું કહ્યું છે કે : માતાનું ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે.

ગાંધીજીએ લખ્યું છે : માતાના ધાવણ સાથે જે સંસ્કાર અને જે મધુર શબ્દો મળે છે તેની અને શાળાની વચ્ચે જે અનુસંધાન હોવું જોઈએ તે પરભાષા મારફત કેળવણી લેવામાં તૂટે છે.

માતૃભાષાનો અનાદર જે આપણે કરી રહ્યા છીએ તેનું ભારે પ્રાયશ્ચિત આપણે અને આવતી પીઢીએ કરવું પડશે. ખરેખર તો માતૃભાષા વ્યક્તિ માત્રનું સંવર્ધન કરે છે, પણ વર્તમાન ભાષાકીય કટોકટી એવી સ્થિતિ છે કે પાછા એનું અસ્તિત્વ જાળવી રાખવા આપણા સમાજને પ્રયત્નવાન બનવું પડી રહ્યું છે.

જ્યારે ૧૯૫૨ની ૨૧મી ફેબ્રુઆરીના રોજ પૂર્વ-પાકિસ્તાન એટલે કે બાંગ્લાદેશને પશ્ચિમ પાકિસ્તાને ઉર્દૂ ભાષા બોલવાની ફરજ પાડી ત્યારે મૂળ માયબોલી બંગાળી ભાષા બોલતા પૂર્વ પાકિસ્તાનીઓએ ભાષાનું અનાદર સહન ન કરતાં સમગ્ર પૂર્વ પાકિસ્તાનમાં તોફાન અને બળવો પોકારી દીધો હતો. સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ વાર આવો રક્ષણ ખાતર શહીદ થયેલાઓની યાદમાં આજે આખું જગત આ દિવસને 'વિશ્વ માતૃભાષા દિવસ'ના નામે ઉજવણી કરે છે. આપણે ગુજરાતીઓ પણ આ દિવસે આપણી માતૃભાષાનું ગૌરવ અને સંવર્ધનની ઉજવણી ઠેરઠેર કરીએ છીએ. કવિવર ઉમાશંકર જોશીના શબ્દોને ઉજાગર કરતા હોય તે રીતે "હું ગુર્જર!" કહેવામાં ગર્વ અનુભવીએ છીએ.

પરંતુ, કેમ જાણે આજ કાલ ગુજરાતીઓને 'Mother tongue'ની સામે 'Other tongue' વધારે વ્હાલી લાગવા લાગી છે. પણ જો, યાદ રાખજો કે 'ડોલર' સામે 'રૂપિયો' સસ્તો થાય એટલા માત્રથી અંગ્રેજીની સામે ગુજરાતી સસ્તી ના થાય!

માતૃભાષા સમાજની સાંસ્કૃતિક ધરોહર છે. સૌજવળ સમાજનો મૂળભૂત પાયો છે. જે માબોલીમાં ધબકારો છે એ બીજી કોઈ ભાષાની બોલીમાં નથી. કોઈ પણ સમાજની સંસ્કૃતિ જાણવી હોય તો એની માતૃભાષાથી. માતૃભાષામાં એક સમાજની પરંપરાનો વારસો વસ્યો હોય છે.

માતૃભાષાને જાણવામાં અનેક ફાયદાઓ છે. માયબોલીથી માણસમાં સર્જનાત્મક, કલ્પનાશીલ, ગ્રહણશક્તિ, સમજશક્તિ અને વિચારશક્તિનો વિકાસ થાય છે. ક્યારેક એક પત્રકારે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે. અબ્દુલ કલામને તેમના સર્વોત્તમ વૈજ્ઞાનિક

અને અણુસંશોધક બનાવવાનો શ્રેય કોને આપશો? એમ પૂછ્યું : તો જાણો છો એમણે શું કીધું? કીધું કે, હું નસીબદાર છું અને ગર્વથી કહું છું કે મારું વિજ્ઞાન અને ગણિત વિષયનું ભણતર મારી માતૃભાષામાં થયું છે. જેથી કરીને આજે હું એક સફળ વૈજ્ઞાનિક બની શક્યો છે. આવા તો અનેક ઉદાહરણો છે જે આપણા સમાજના, જેઓએ માતૃભાષામાં ભણતર કરીને વિશ્વના વિખ્યાત પુરુષો બન્યા છે. વ્યક્તિનો શૈક્ષણિક અને સામાજિક વિકાસ સૌથી વધારે થાય છે જ્યારે તેનું શિક્ષણ માતૃભાષામાં થયું હોય છે.

વૈશ્વિકરણની આબોહવાને લીધે શિક્ષણમાં બાલમંદિરથી માંડીને અંગ્રેજી માધ્યમના પ્રચંડ વાયરાઓ ફૂંકાઈ રહ્યા છે. આ પવન વેગમાં માતૃભાષા ગુજરાતીના ચીથરેહાલ થઈ રહ્યા છે. બાળકોના મગજ પર ભાષાને લઈને અસમંજસ નિર્માણ થઈ રહ્યો છે અને એમનું માનસિક બળ નબળું પડી રહ્યું છે. આજના જીવનશૈલીમાં ગુજરાતી ભાષાનું મહત્વ વધારવું એ આપણી સામાજિક અને નૈતિક જવાબદારી છે.

ક્યારેક તમે કસુંબીનો રંગ, ચારણ-કન્યા વાંચશો તો સમજાશે કે આપણા રાષ્ટ્રીય કવિ, શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીને ના મળી હોત માતૃભાષા ગુજરાતી કે ગુજરાતી ભાષાને શ્રી મેઘાણી ના મળ્યા હોત તો? તો, હું કે તમો ગુજરાતી ભાષાની ઊંડાઈ માપી શક્યા ના હોત!

આપણા બાળપણમાં શોરબકોર કરતો, ગોટાળો કરતો અને કુ કરીને હસી પડતો 'બકોર પટેલ' તો હોય જ છે. સાહસિક છેલ 'છકો-મકો', પેલા બે ટેણીયાઓ 'અડુકિયો-દડુકિયો', દુનિયાનું શાણપણ લઈને બેઠેલા 'મિયા નસરુદ્દીન' અને શેરીમા ટેઢી ચાલે ચાલતા 'મિયા ફુસકી' આ બધા વર્ષોથી શૈલછેલીના નાયકો છે જે આપણા બાળપણને જાળવી રાખ્યું છે. આ ગુજરાતી ભાષાની મજા તો જુઓ જેમાં ફેરફુદરડી ફરતાં ફરતાં પડી જવાની મજા છે. રજાઓમાં 'મામાનું ઘર કેટલે? દિવો બળે એટલે.' બોલતા બોલતા મામાના ઘર પહોંચી જવાની કલ્પના જ અનેરી હતી.

મજાની વાત તો એ છે કે હજીયે દરેક ગુજરાતી પાસે એક 'બિલાડી' જાડી છે જ, વળી એ બિલાડી સાડી પહેરીને તળાવ એ જ ફરવા જાય છે આ 'અમર' બિલાડીને હંમેશા મગર જ ખાઈ જાય છે. મારા દાદાજીની બિલાડીને પણ મગર ખાઈ ગયો હતો, મારા પપ્પાની બિલાડીને પણ મગર ખાઈ ગયો હતો અને મારી બિલાડીને પણ અને મારી દીકરીની બિલાડીને પણ આ જ મગર ખાઈ ગયો હતો. આમ પેઢી-દર-પેઢીઓના ઉંમરના દરવાજે આ બાળગીતની છાપ રહી ગઈ છે અને આવતી પેઢીઓ પર પર રહેશે. આને કહેવાય આપણી ગુજરાતી ભાષાનો વંશપરંપરાગત વારસો.

સુરતની આ કવિયત્રી એ ભલે આ બોલ એમની પુત્રી માટે લખ્યા હશે પણ મને તો એ મારી માતૃભાષા માટે જ યોગ્ય લાગે છે :

તું મને કંઈ એટલી બધી ગમે,
દુનિયા આખી એક તરફ મૂકું
    તોય તારું પલ્લું નમે.

વિવિધ સરિતાઓના સંગમથી બનતા આ ભાષાના મહાસાગરની વિશાળતા તો જુઓ. એમાં ડૂબકી મારીને જોશો તો સમજાશે કે આ ભાહા કેટલી પોતીકી છે. નરસિંહના પ્રભાતિયાં, પ્રેમાનંદના આખ્યાન, અખાના છપ્પા, દયારામની ગરબી, મીરાના ભજનો, કબીરના દોહા, હાઈકુ, છંદ, ચોપાઈ, મરશિયા કે હાલરડા, ઋતુગીત કે બાળગીત, સૉનેટ કે ગઝલ જેવા અનેક કાવ્ય-રચનાઓની વિશાળ સોગાત છે. ગુજરાતી ભાષા આજે પણ નિબંધો, પ્રકરણ, આત્મકથા, નવલકથા નવલિકા, બોધ કથા, બાળવાર્તા, ચરિત્ર કથા એવા અનેક ગદ્યરસોથી છલોછલ છે. આવા તેજસ્વી, પ્રખર અને પ્રબળ એવી આપણી માબોલી ગુજરાતી આજે પણ વિશ્વમાં તેની અસ્મિતા જાળવી રહી છે.

એક અગાધ ઊંડાણ અને અમાપ ઊંચાઈને આવરી લેતાં ચિરંજીવ સાહિત્યની જન્મદાત્રી છે. માયબોલી ગુજરાતી.

જ્યાં શબ્દ શોધો તો આખી સવિતા નીકળે,
ને કૂવો એક ખોદો તો આખી સરિતા નીકળે,
ભવ્યતા છે આ ભાષાની કે માની છે એને સરિતા,
    પણ એ તો જલધિની પારપિતા નીકળે.

ગુજરાતી ભાષા યુગોયુગોથી સમયની સાથે પરિવર્તિત થતી આવી છે. પરિવર્તન એ માણસની જીવનશૈલીનું જીવતું જાગતું ઉદાહરણ છે. એટલે એમના કહેશો કે ગુજરાતી મરી પરવારી છે. ના. એ તો બદલાઈ રહી છે. કાલે પણ બદલાઈ હતી અને આજે પણ એની બોલીમાં બદલાવ છે અને હજુ આવતા કાળમાં પણ સમય અનુસાર ફેરફાર હશે; પણ મારી ગુજરાતી ગુર્જરોના મોઢેથી હંમેશા બોલાતી રહેશે અને અજરામર રહેશે!

છેવટે કહેવાનું રહ્યું કે, દરેક ગુજરાતી પોતાની માતૃભાષાને સજીવ રાખવા અને તેનું મહત્વ જીવનમાં કાયમ રાખવા જીવતોડ પ્રયત્નો કરતો કહેવો જોઈએ.

પ્રત્યેક ગુજરાતી ઘરમાં કવિ રવજી ગબાણીના વેણ હૃદયમાં ધબકતા રહેવા જ જોઈએ.

હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી,
ગુણિયલ ગરવી ભાવે રૂડી શબ્દોથી છલકાતી.

લાડ લડાવ્યા જે ભાષા એ એણે કીધો મોટો,
રગમાં વ્હેતી ભાષા ભૂલુ માણસ તો તો ખોટો;
અક્ષર ભાળું ગુજરાતી ત્યાં ઊર્મિઊર્મિઓ હરખાતી,
હું ગુજરાતી છું ને મારી ભાષા છે ગુજરાતી.

॥ જય જય ગરવી ગુજરાત ॥

સંપર્ક : ૯૮૯૨૯ ૭૧૨૪૮

# સાવ સહજ

## ગુલાબ દેઢિયા

વતન જતી વખતની મનોદશા અને પાછા વળતી વખતની મનોદશા જુદી હોય છે. જતી વખતે તો વતન સાદ કરે છે, લેવા માટે સામે આવે છે, જતી વખતે તો એ ભેગું જ આવે છે. કોઈનું ન માને એનું નામ સ્મૃતિ!

વતનમાં થોડા દિવસ નવોજૂનો થઈને હું નાતાલના દિવસે મુંબઈ પાછો ફરી રહ્યો હતો. ગાંધીધામથી મધરાતે બાર વાગ્યે ટ્રેન પકડવાની હતી. ઠંડીએ સર્વત્ર થાણાં સ્થાપી દીધાં હતાં. ઠંડી અને વિરહ જાત તરફ વાળે છે.

પ્લેટફૉર્મને બદલે વેઈટીંગ રૂમમાં બેસવું ઠીક રહેશે એમ વિચારી હું વેઈટીંગ રૂમમાં દાખલ થયો. જુદા જુદા સમૂહમાં બેઠેલા પ્રવાસીઓ વાતોમાં મશગૂલ હતા.

એક બાંકડા પર એક વ્યસ્ક ભાઈ બેઠા હતા. સફેદ પાયજામો અને સફેદ ખમીસના પહેરવેશમાં જુદા તરી આવતા હતા. એકવડિયો બાંધો હતો. દેખાવે મધ્યમ વર્ગના ગૃહસ્થ લાગતા હતા.

એક પગ ઊંચો કરી વાળીને બાંકડે બેઠા હતા. નજીક જઈ જોયું તો અચરજ! બીજો પગ અર્ધ પલાંઠી વાળેલો, એ ગૃહસ્થના ખોળામાં એમનાં પત્ની સૂતાં હતાં, ટૂંટિયું વાળીને. શાંત, સ્વસ્થ; કપાળે મોટો ચાંદલો.

ધન્ય દશ્ય! ન કોઈ દંભ ન દેખાડો, ન રૂઆબ, ન તોર, ન સંકોચ, ન લજ્જા, ન કશું ચકળવકળ. બધું જ સહજ અને સ્વાભાવિક. સહજતાની અનેરી મહેંક હતી.

ધર્મપત્ની શબ્દ તો સાંભળ્યો હતો. શિયાળાની ઠંડીગાર રાતે વેઈટીંગ રૂમમાં હુંફાળો, ઉષ્માભર્યો મીઠડો 'ધર્મપતિ' શબ્દ પણ દીઠો.

અદ્‌ભૂત જોઈને આશ્ચર્યચકિત થઈએ અહીં તો સાવ સહજ જોઈને રાજીપો થયો.

કલાપીની 'ગ્રામમાતા' કવિતા સાંભરી આવી :

**'અહો! કેવું સુખ જોડું કર્તાએ નિરમ્યું દીસે!'**

✦ ✦ ✦

# પીટર્સમેરિત્સબર્ગ, ગ્રીન પૅમ્ફલેટ અને ચંપારણ

સોનલ પરીખ

૨૦૦૮ની સાલ. દુબઈથી એક ભરત નારાયણજીએ મોકલેલા ગાંધીજીના અસ્થિનું મુંબઈ ચોપાટી ખાતે સન્માનપૂર્વક વિસર્જન કરવામાં આવ્યું હતું. મારા સહિત ગાંધી કુટુંબના થોડા સભ્યો ત્યારે હાજર હતા. ગાંધીજીના હવે છઠ્ઠી-સાતમી પેઢીએ પહોંચેલા કુટુંબના દોઢસો જેટલા સભ્યો દુનિયાના જુદાં જુદાં ખંડોમાં વસે છે. એવું પ્રતીત થતું હતું જાણે હું આખા ગાંધીપરિવાર સાથે મનોમન જોડાઈ રહી છું.

પણ તરત જ ખ્યાલ આવ્યો, ગાંધીજી એવી વ્યક્તિ હતા જે માત્ર લોહીના સંબંધો પૂરતી મર્યાદિત ન રહે. ગાંધીજી એવો વિચાર હતા જે માત્ર એક દેશની સીમાઓમાં બંધાઈને ન રહે. તો ગાંધીજીના પરિવારની સીમા ક્યાં સમજવી? આનો અર્થ તો એ કે ગાંધીપરિવાર સાથે જોડાવું એટલે સમગ્ર વિશ્વ સાથે જોડાવું. ગાંધીપરિવાર સાથે જોડાવું એટલે પ્રેમનો વ્યાપ અને વિસ્તાર વધારવો. જેમના અસ્થિમાં આટલાં વર્ષો પછી પણ આવો અનુભવ કરાવવાની તાકાત હોય તેમની હાજરી કેટલી શક્તિશાળી હશે!

*પીટર્સમેરિત્સબર્ગ ઘટનાથી ગાંધીજીની વ્યક્તિગત સાધનાની શરૂઆત થઈ, ગ્રીન પેમ્ફલેટ પ્રસંગે ગાંધીજીની ચેતનાને સમાજ-અભિમુખ કરી અને ચંપારણ સત્યાગ્રહથી રાષ્ટ્રને અભિમુખ થયા. આ પ્રસંગો ગાંધીજીની નિત્યવિકાસશીલતા અને સાધક તરીકેનો ચેતોવિસ્તાર દર્શાવે છે. ચઢાણ કપરાં હતાં પણ તેમની સત્ય પરની, માનવતા પરની અને અંતરાત્માના અવાજ પરની અચળ શ્રદ્ધાએ તેમને વિજયી બનાવ્યા.*

લોકો પૂછતા હોય છે, કયા પ્રસંગો હતા જેણે ગાંધીજીને ગાંધીજી બનાવ્યા? જવાબ એ છે કે ગાંધીજીને ગાંધીજી બનાવનાર તો તેઓ પોતે જ હતા, જીવનમાં અમુક પ્રસંગો બનવાથી કોઈ ગાંધીજી બની ન જાય. પણ હા, અમુક એવા પ્રસંગો છે જે એમના ગાંધીત્વને બહાર લાવવામાં નિમિત્ત બન્યા.

એમાંનો પહેલો તે પીટર્સમેરિત્સબર્ગનો પ્રસંગ. 'ગાંધી' ફિલ્મની શરૂઆત જ આ દૃશ્યથી થાય છે. ૨૪ વર્ષના મોહનદાસને દક્ષિણ આફ્રિકા આવ્યાને અઠવાડિયું પણ નહોતું થયું ને આ બન્યું. ગોરી ચામડી ન હોવા છતાં એમણે ફસ્ટક્લાસમાં મુસાફરી કરવાની ગુસ્તાખી કરી એટલે ગોરી ચામડીવાળા માણસે તેમને ટ્રેનની બહાર ફેંકી દીધા.

મુસાફરી લાંબી હતી. બીજા દિવસે મોહનદાસ ફરી ટ્રેનમાં બેઠા, થોડો રસ્તો ઘણા ઘોડા જોડેલી ગાડી એટલે કે સિગરામમાં કાપવાનો હતો. સિગરામમાં એક ગોરાએ એમને માર્યા. ગોરી ચામડી ન હતી એટલે હોટેલમાં રાતવાસા માટે 'એલાઉ' ન કર્યા, પાછા ફરતાં ડચ સ્ટેશન માસ્તરે ફર્સ્ટ ક્લાસની ટિકિટ માંડ આપી, એક હબસી અમેરિકને પોતાની હોટેલમાં અમુક શરતે માંડ રાતવાસો કરવા દીધો વગેરે ઘટનાઓ બની.

મોહનદાસે ત્યાંના અગ્રણી ગણાતા ભારતીયોએ આ બધું કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે 'અહીં તો આવું જ ચાલે. અહીં રહેવું હોય તો આ બધું વેઠવું જ પડે.' આ અનુભવે વર્ષના મોહનદાસના જીવનને નવો વળાંક આપ્યો. આત્મકથામાં એમણે લખ્યું છે, મારી સક્રિય અહિંસાની શરૂઆત એ દિવસથી થઈ.

પીટર્સમેરિત્સબર્ગ બધાના જીવનમાં આવે છે. મોહનદાસ સામે ત્રણ વિકલ્પ હતા. એક તો જેમ બને એમ જલ્દી દેશભેગું થઈ જવું, બીજું અહીંનું કામ પતે ત્યાં સુધી બધું જેમ છે તેમ ચલાવી લેવું ને પછી રવાના થઈ જવું અને ત્રીજું રંગભેદના અન્યાય સામે લડી લેવું.

એમણે ત્રીજો વિકલ્પ પસંદ કર્યો અને એમની જિંદગી સાથે દક્ષિણ આફ્રિકાનો, ભારતનો અને દુનિયાનો ઇતિહાસ પણ કરવટ લઈ ગયો. આપણી સામે એકથી વધારે વિકલ્પ વારંવાર આવે છે અને આપણે ક્યો વિકલ્પ પસંદ કરીએ તેના પર બધો આધાર હોય છે.

૧૮૯૩ની એ સાલ ઝડપભેર પૂરી થઈ. જે કેસ માટે દક્ષિણ આફ્રિકા આવેલા તેય પૂરો થયો, પછી કંઈક એવું બન્યું કે મોહનદાસ ત્યાં વસતા ભારતીયોને બ્રિટિશ શાસનના અન્યાયી કાયદાઓથી મુક્ત કરવા દક્ષિણ આફ્રિકા રોકાઈ ગયા. કામ લંબાતું ગયું, એટલે બે વર્ષ પછી તેઓ કુટુંબને લેવા ભારત આવ્યા. નીકળતી વખતે દક્ષિણ આફ્રિકાના અગ્રણીઓએ એમને વિનંતી કરી કે તમે ભારત જાઓ છો તો અહીંની સ્થિતિ ત્યાંના બ્રિટિશ શાસકો અને પ્રજાના

ધ્યાન પર લાવો.

સ્ટીમરની એક મહિનાની મુસાફરીમાં ૨૭ વર્ષના મોહનદાસે કાચી નોંધો બનાવી અને ભારતના કિનારા પર ઊતરીને એક પુસ્તિકા તૈયાર કરી – 'ધ ગ્રિવન્સિઝ ઑફ ધ બ્રિટિશ ઈન્ડિયન્સ ઇન સાઉથ આફ્રિકા : એન અપીલ ટુ ધ ઈન્ડિયન પબ્લિક'. પૂંઠાનો રંગ લીલો એટલે એ પત્રિકા ગ્રીન પેમ્ફલેટ-લીલું ચોપાનિયું નામે જાણીતી થઈ. એ સાલ હતી ૧૮૯૬. ગ્રીન પેમ્ફલેટની લગભગ ૮૦૦૦ નકલ દેશભરમાં પહોંચી, જનતાએ, અખબારોએ સારો પ્રતિસાદ આપ્યો. તેની સમરી ભારતથી ઈંગ્લેન્ડ પહોંચી અને એ સમરીની સમરી એક તાર રૂપે ઈંગ્લેન્ડથી દક્ષિણ આફ્રિકા પહોંચી. પરિણામે કુટુંબને લઈને દક્ષિણ આફ્રિકાના કિનારે ઊતરતાં જ ગાંધીજીને ગોરાઓનો આક્રોશ સહેવો પડ્યો.

પીટર્સમેરિત્સબર્ગ ઘટનાથી વ્યક્તિગત સાધનાની શરૂઆત થઈ. ગ્રીન પેમ્ફલેટ પ્રસંગે ગાંધીજીની ચેતનાને સમાજ-અભિમુખ કરી. દક્ષિણ આફ્રિકાની ૨૧ વર્ષની લડતે મોહનદાસને મહાત્મા બનાવ્યા. અહીં જ એમણે રસ્કિન, થોરો, ટોલ્સટોયને વાંચ્યા. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની શોધ થઈ અને ત્રણ સત્યાગ્રહ થયા. જેલવાસ, આશ્રમજીવન, પત્રકારત્વ, બ્રહ્મચર્યની શરૂઆત દક્ષિણ આફ્રિકામાં થઈ. દક્ષિણ આફ્રિકામાં તેમને સાધના અને સિદ્ધિ બન્નેનો અનુભવ થયો. સાધના જીવનભર ચાલુ રહી. સિદ્ધિથી અંજાવું નહીં અને નિષ્ફળતાથી હારવું નહીં એ સ્વભાવ ઘડાયો.

ત્યાર પછી ૪૬ વર્ષની ઉંમરે ગાંધીજી ભારત આવ્યા એ વખતે પહેલું વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયું હતું. ભારતમાં આવ્યા બાદ તેમણે ૧૯૧૭માં બિહારના ચંપારણમાં પહેલો સત્યાગ્રહ કર્યો. આ સત્યાગ્રહની ઘટના પરંપરા દિલધડક સસ્પેન્સ થ્રીલરથી કમ નથી. આ પ્રસંગથી ગાંધીજી, દેશ, પ્રજા, પડકારોને સમજતા થયા. પ્રજાને કેમ જગાડવી, ભયમુક્ત કેમ કરવી તે સમજવા સાથે એમણે કાર્યકર્તાઓને પણ નિર્ભય થતા શીખવ્યું.

સત્યાગ્રહ સાથે ગાંધીજીએ સાધનશુદ્ધિ પણ શીખવી. વિરોધીને નુકસાન કરવાનું નથી. તેને ધિક્કારવાનો પણ નથી, અન્યાયનો સામનો કરવાનો છે અને વિરોધીનો વિવેક જગાડી તેનામાં પરિવર્તન કરવાનું છે. ભવિષ્યના સત્યાગ્રહોની આવી ભૂમિકા ચંપારણમાં તૈયાર થઈ. દક્ષિણ આફ્રિકામાં વવાયેલા સત્યાગ્રહના બીજનો વૃક્ષ વિસ્તાર ભારતમાં થયો.

ચંપારણ, ત્યાર પછીનો અમદાવાદ મિલમજૂરોનો અને ખેડા સત્યાગ્રહ – ત્રણ વર્ષના ગાળામાં થયેલા આ ત્રણ સત્યાગ્રહો, દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીએ કરેલા ત્રણ સત્યાગ્રહની જેમ વણમાગ્યા જ આવી પડ્યા હતા. આ સત્યાગ્રહોની સફળતાથી દેશને સત્યાગ્રહ વિશે આસ્થા જાગી અને ગાંધીજીને આત્મવિશ્વાસ આવ્યો કે ભારતમાં પણ સત્યાગ્રહ કારગત નીવડશે, બલકે અનેકગણો કારગત નીવડશે. અને પછીના તેમના સત્યાગ્રહો સ્થાનિક મટીને રાષ્ટ્રીય ફલક પર વિસ્તર્યા.

ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીને બે અદ્ભૂત સાથીઓ મળ્યા : આચાર્ય કૃપલાણી અને રાજેન્દ્રપ્રસાદ. આચાર્ય કૃપલાણી ૨૯ વર્ષના હતા અને રાજેન્દ્રપ્રસાદ ૩૩ વર્ષના. આ સત્યાગ્રહે ગાંધીજીને રચનાત્મક કામોનું મહત્ત્વ સમજાવ્યું. નારાયણ દેસાઈએ કહ્યું છે કે ગાંધીજીની વિશ્વને ત્રણ મોટી દેણગી છે : સત્યાગ્રહ, રચનાત્મક કામ અને એકાદશવ્રત. કમભાગ્યે રચનાત્મક કામો ત્યારે ઝાઝું ટક્યાં નહીં અને પછી પણ કયારેય એનું ખરું મહત્ત્વ લોકોને સમજાયું નહીં.

ચંપારણ સત્યાગ્રહ સામ્રાજ્યવાદના અંતનો આરંભ હતો. ચંપારણ સત્યાગ્રહ દરમ્યાન શિક્ષિત અને અશિક્ષિત વર્ગ નજીક આવ્યા. એમની વચ્ચે એકતા સ્થપાઈ. લોકોને વિશ્વાસ આવ્યો કે ગરીબ, નિર્બળ અને અસહાય પણ પોતાના આત્મબળથી અન્યાય સામે લડી શકે છે અને અન્યાય, જુલમ ત્યાં સુધી જ ટકે છે જ્યાં સુધી સહન કરનારા એને માન્ય ગણે છે. સત્યાગ્રહીનું કષ્ટસહન વિરોધીના મનમાં પણ માનવતા જગાડે છે. દક્ષિણ આફ્રિકાના સમાજ-અભિમુખ ગાંધીજી ચંપારણ સત્યાગ્રહથી રાષ્ટ્રને અભિમુખ થયા.

આ પ્રસંગો ગાંધીજીની નિત્યવિકાસશીલતા અને સાધક તરીકેનો ચેતોવિસ્તાર દર્શાવે છે. આ ચઢાણ કેટલાં કપરાં હતાં તે સમજાય છે. તેનાથી તેમની સત્ય પરની, માનવતા પરની, અંતરાત્માના અવાજ પરની અચળ શ્રદ્ધાની પ્રતીતિ થાય છે. તેમણે જીવનને અખિલાઈમાં જોયું હતું તેથી તેમના વિચારો શાશ્વત અને સમસ્ત વિશ્વને ઉપયોગી બન્યા. દુનિયામાં જે બનાવો બની રહ્યા છે – ભૌતિકતાવાદ, પર્યાવરણનું જોખમ, કોરોના, તાલિબાન, હવે એમિક્રોન – આ બધાની વચ્ચે ગૌરવભર્યું અસ્તિત્વ ટકાવવું હશે તો ભારતને ગાંધીજીની સાદાઈ, અપરિગ્રહ, હિંદુમુસ્લિમ એકતા વગર ચાલવાનું નથી.

✦ ✦ ✦

# જ્ઞાન-સંવાદ - ૧૫

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**સુ**જ્ઞ વાચકગણ,

ગયા અંકમાં દૃષ્ટિ દ્વારમાં ત્રણે દૃષ્ટિની વ્યાખ્યા જાણી હવે આગળ વિશેષ જાણતા પહેલા ૨૪ દંડકમાં ક્યા દંડકમાં કેટલી દૃષ્ટિ હોય તે જાણીએ. નારકીમાં ત્રણ દૃષ્ટિ હોય.

દેવમાં પંદર પરમાધામી, ત્રણ કિલ્વીષીમાં એક જ મિથ્યાદૃષ્ટિ હોય. અનુત્તર વિમાનના દેવમાં એક જ સમકિત દૃષ્ટિ હોય. બાકીના દેવોમાં ત્રણ દૃષ્ટિ હોય. પાંચ સ્થાવરમાં એક જ મિથ્યાદૃષ્ટિ હોય.

ત્રણ વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં અપર્યાપ્તામાં બે દૃષ્ટિ હોય અને પર્યાપ્તામાં એક જ મિથ્યાદૃષ્ટિ હોય.

સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ દૃષ્ટિ હોય.

સંજ્ઞી મનુષ્યમાં કર્મભૂમિના મનુષ્યોમાં ત્રણ દૃષ્ટિ હોય.

યુગલિકોમાં ૩૦ અકર્મભૂમિના મનુષ્યોમાં સમ્યક્ કે મિથ્યા એક જ દૃષ્ટિ હોય તેઓ જે દૃષ્ટિ લઈને આવ્યા હોય એ આજીવન રહે બદલાય નહીં.

૫૬ અંતરદ્વીપના મનુષ્યોમાં એક જ મિથ્યાદૃષ્ટિ હોય.

સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં પણ એક જ મિથ્યાદૃષ્ટિ હોય.

આ પ્રમાણે દંડકમાં દૃષ્ટિ હોય છે.

**વિશેષ માહિતી** – સમકિતદૃષ્ટિની પ્રાપ્તિ સંજ્ઞી પંચેન્દ્રિયના પર્યાપ્તામાં જ થાય. પછી સાથે લઈ જઈ શકે એ અપેક્ષાએ અપર્યાપ્તામાં હોઈ શકે. તે જીવ સંજ્ઞી પંચેન્દ્રિયના જ ભવ કરે તો ક્ષયોપશમ સમકિત આશ્રી ૬૬ સાગરોપમની ઝાઝેરીની સ્થિતિ સુધી સમ્યક્દૃષ્ટિ રહી શકે. સમકિતદૃષ્ટિવાળો કાળ કરીને પાંચ સ્થાવરમાં જાય તો સમકિત વમીને જ જાય માટે સ્થાવરમાં સમકિતદૃષ્ટિ હોય જ નહીં.

બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય તેમ જ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં સમ્યક્દૃષ્ટિ હોઈ શકે. સાસ્વાદન સમકિતની અપેક્ષાએ પણ એ છ આવલિકાથી વધારે ટકે નહીં, તેથી પર્યાપ્તામાં નિયમા મિથ્યાદૃષ્ટિ હોય. બાકીના ત્રણ સમકિત સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તામાં હોઈ શકે છે. પણ બેઇન્દ્રિયયાંદિમાં ન હોય. કારણ કે એ સમકિત માટે સંજ્ઞી પંચેન્દ્રિયપણું હોવું જરૂરી છે. વેદક સમકિતની પ્રાપ્તિ અને હાજરી માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયન પર્યાપ્તામાં જ હોય.

મિથ્યાદૃષ્ટિ અનાદિકાલીન છે. માટે પાંચ અનુત્તર વિમાનના ૧૦ ભેદ વર્જીને જીવના ૫૫૩ ભેદમાં હોય છે. સમકિત પ્રાપ્ત થયા પછી આવ-જા કરે એ અપેક્ષાએ સાદિ-શાંત હોય છે.

**મિશ્રદૃષ્ટિ** – માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયના જે ભેદમાં ત્રણ દૃષ્ટિ હોય એના પર્યાપ્તા ભેદમાં જ હોય છે. અપર્યાપ્તામાં ક્યારેય પણ ન હોય. આ દૃષ્ટિ હોય એ જીવ કાળ કરતો નથી. અમર ભેદ છે. માટે અપર્યાપ્તામાં આ દૃષ્ટિ ન જ હોય.

એક વખત પણ સમ્યગ્દૃષ્ટિની પ્રાપ્તિ થઈ જાય પછી જીવ ઉત્કૃષ્ટ દેશે ઊણા અર્ધપુદ્ગલ પરાવર્તનથી વધારે સમય સંસારમાં રહે નહીં. અર્થાત્ વધારેમાં વધારે દેશે ઊણા અર્ધપુદ્ગલ પરાવર્તન પછી અવશ્ય મોક્ષમાં જ જાય.

એક વખત પણ સમ્યગ્દૃષ્ટિની હાજરીમાં આયુષ્યનો બંધ પડી જાય તો જીવ વધારેમાં વધારે ૧૫મે ભવે અવશ્ય મોક્ષમાં જાય.

આયુષ્યના બંધ પહેલા ક્ષાયક સમકિત પ્રાપ્ત થઈ જાય તો તે જ ભવે મોક્ષે જાય. જો આયુષ્યનો બંધ પડી જાય પછી ક્ષાયક સમકિત થાય તો ત્રીજા કે ચોથા ભવે મોક્ષમાં જાય.

**દૃષ્ટિ સંબંધી કેટલીક વિશેષતાઓ :**

(૧) મિશ્રદૃષ્ટિ મનવાળાને જ હોય છે. એમાં પણ એકાંત મિથ્યાત્વી અને એકાંત સમ્યગ્દૃષ્ટિવાળાને ન હોય. જુગલિયાને પણ ન હોય.

(૨) ત્રણ વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના જીવોને અપાર્યપ્ત અવસ્થામાં થોડીવાર પૂર્વભવમાંથી લાવેલુ સાસ્વાદન સમકિત હોઈ શકે. બીજા ગુણસ્થાનની અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે બાકીના મન વગરના જીવો મિથ્યાદૃષ્ટિ જ હોય છે.

(૩) ૧૫ પરમાધામી, ૩ કિલ્વીષી, ૫ સ્થાવર, સંમૂર્ચ્છિમ મનુષ્ય અને છપ્પન અંતરદ્વીપના યુગલિક નિયમા મિથ્યાત્વી જ હોય છે.

(૪) ૫ અનુત્તર વિમાનના દેવ તથા સિદ્ધ ભગવાન નિયમા સમકિત જ હોય છે.

(૫) ૩૦ અકર્મભૂમિના જુગલિયા મનુષ્યોને સમકિત અથવા મિથ્યા કોઈ એક દૃષ્ટિ હોય છે. જુગલિયાને જે દૃષ્ટિ લઈને આવ્યા હોય એ જ દૃષ્ટિ આખા ભવ દરમિયાન રહે છે. એમની દૃષ્ટિ બદલાતી નથી. ત્યાં મિથ્યાત્વી જીવોને સમકિતની પ્રાપ્તિ થતી નથી તેમ જ જે સમકિત હોય તેનું સમકિત જતું રહેતું નથી અર્થાત્

મિથ્યાત્વી થતા નથી. જુગલિયામાં નવા સમકિતની પ્રાપ્તિ થતી નથી જે સાથે લાવ્યા હોય એ જ રહે છે. જુગલિયામાં ક્ષયોપશમ અને ક્ષાયક બે જ સમકિત હોય છે. બાકીના ત્રણ સમકિત હોતા નથી.

(૬) ઉપર સિવાયના બાકીના બધા જીવોમાં ત્રણમાંથી કોઈ પણ દૃષ્ટિ હોઈ શકે છે. સાત નારકીના પર્યાપ્તા પાંચ સંજ્ઞી તિર્યંચના પર્યાપ્તા, ૧૫ કર્મભૂમિ પર્યાપ્તા અને ૭૬ દેવના પર્યાપ્તા એ ૧૧૦ ભેદમાં ત્રણમાંથી કોઈ પણ એક દૃષ્ટિ હોઈ શકે છે.

(૭) સમ્યગ્દૃષ્ટિ જીવ અપર્યાપ્ત અવસ્થામાં કાળ કરતા નથી. અપર્યાપ્ત અવસ્થામાં કાળ કરનાર મિથ્યાત્વી જ હોય છે. માટે જ સંમૂર્ચ્છિમ મનુષ્ય નિયમા મિથ્યાદૃષ્ટિ હોય છે.

(૮) સાતમી નરકમાં સમકિત લઈને જવાતું નથી તથા સમકિત લઈને નીકળાતું નથી પણ ત્યાં સમકિત પામી શકાય છે.

**ઉપસંહાર** – સમ્યગ્દૃષ્ટિનું કામ આત્માને મુક્ત કરાવવાનું છે. આશ્રવના દ્વારોને બંધ કરવાનું કામ છે. આશ્રવના દ્વારો બંધ થતા જાય એટલે કે સંવર પ્રાપ્ત થતા સકામ કર્મ નિર્જરા થવા માંડે છે. ધીમે ધીમે આત્મા કર્મની ચુંગાલમાંથી છૂટે છે. આત્મા પર લાગેલા કર્મના લેપ સમકિત રૂપ પાણીનો મારો લાગતા ભીના થઈને છૂટા પડતા જાય છે ને માટીનું તુંબડું આઠ લેપ સહિત પાણીમાં પડ્યું પડ્યું લેપથી મુક્ત થતા એકદમ સપાટી પર આવી જાય છે તેમ આત્મા પણ કર્મલેપથી મુક્ત થતાં સીધો લોકાગ્રે પહોંચીને સ્થિર થઈ જાય છે. માટે દૃષ્ટિ સમ્યક્ થાય એ ખૂબ જરૂરી છે. (ક્રમશઃ)

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૦ ૫૦૫૨૭

# શ્રી ભક્તામર સ્તોત્ર – આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**ગાથા - ૩૯**

**હસ્તિ ભયનાશક**

**ભિન્નેભ – કુંભ – ગલદુજ્જ્વલ – શોણિતાક્ત**
**મુક્તાફલ – પ્રકર – ભૂષિત – ભૂમિભાગઃ ।**
**બધ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ –**
**નાક્રામતિ ક્રમયુગાચલ – સંશ્રિતં તે ॥૩૯॥**

ભાવાર્થ : જેણે મોટા-મોટા હાથીઓના કુંભસ્થલને ચીરી નાખ્યા છે, એટલું જ નહીં તે ગંડસ્થલમાંથી નીકળેલ રક્તરંજિત ઉજ્જવલ મોતીઓના સમૂહ વિખેરાઈને શું ભૂમિભાગને પણ શોભાયમાન બની ગઈ છે? હે ભયભંજક પ્રભુ! આવો ભયાનક સિંહ આક્રમણ કરવા તૈયાર થયો હોય પણ આપના ચરણમાં આશ્રય પામેલ ભક્તજનનો હોય વાળ પણ વાંકો કરી શકતો નથી અર્થાત્ તે પોતાની જગ્યાએ જ થંભી જાય છે.

વિવેચન : આચાર્યશ્રી ભયાક્રાન્ત મનુષ્યો માટે માનો એક પછી એક ગુરુમંત્ર આપતા જાય છે. આ શ્લોકમાં પણ ભયજનક સિંહથી મનુષ્ય કેવી રીતે નિર્ભય બને છે. તેના માટેનો ગુરુમંત્ર આપેલ છે. સંપૂર્ણ શ્લોક પ્રભુના ચરણો કેવા અભયકારી છે, તેનું દર્શન કરાવે છે કે જે બધા જ ભયસ્થાનોને નિર્મૂળ બનાવી ભક્તને એક અભયક્ષેત્રમાં પ્રવેશ કરાવે છે. એટલું જ નહીં પ્રભુના ચરણરૂપી અચલ અર્થાત્ પર્વતનો આશ્રય કરી તેમાં જ તન્મય બનવાની પ્રેરણા પણ આપે છે.

પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ સિંહની હાજરી દ્વારા પ્રભુના ચરણોની વિશેષતા પ્રગટ કરવા માટે એક પ્રબળ આલંબન પણ પ્રગટ કર્યું છે. સિંહ પણ અચલ અર્થાત્ પર્વતીય પ્રદેશમાં રહેનાર છે. ભક્ત પણ પ્રભુના ચરણરૂપી અચલમાં નિવાસ-આશ્રય પામે છે. આમ અહીં બંનેના નિવાસનો સામ્યયોગ બતાવવા ચરણયુગલને અચલની ઉપમા આવી કવિશ્રીએ પોતાની કાવ્યશક્તિનો પરિચય પણ કરાવ્યો છે.

પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકાર સિંહની કેટલીક વિશેષતાઓનું કાવ્યરૂપે આખ્યાન કરી ગૂઢાર્થમાં વાચકને લઈ જાય છે. ગાઢ જંગલમાં વનરાજ અને ગજરાજ બન્ને પ્રબળ પ્રાણીઓ વિચરણ કરતા હોય છે. સિંહના પ્રધાન ક્ષેત્રમાં પ્રાયઃ ગજરાજ પ્રવેશ કરતા નથી. પરંતુ કદાચ કોઈ હાથી સિંહના ક્ષેત્રમાં પ્રવેશ કરે અને ત્યારે સિંહ સામે આવી ચડે, તો હાથી અને સિંહ વચ્ચે ભયંકર યુધ્ધ થાય અર્થાત્ અહંકારનું મૂર્ત સ્વરૂપ હાથી છે અને ક્રોધનું મૂર્ત સ્વરૂપ સિંહ છે. બન્ને વચ્ચે પરસ્પર સંઘર્ષ થતાં એક ભયાનક દાવપેચવાળો યુધ્ધાત્મક ખેલાય છે. જેનું તાદશ્ય શબ્દાત્મક ચિત્ર સ્તુતિકારે અહીં આલેખ્યું છે.

અહીં સિંહ અને હાથીના યુધ્ધમાં સિંહને વધારે પરાક્રમી બતાવ્યો છે. ક્રોધાવિષ્ટ વ્યક્તિ કે પ્રાણી જો શક્તિશાળી હોય, તો તેનો ક્રોધ પણ અસીમ બની જાય છે. આવા બેહદ ક્રોધને આધીન થયેલ વનરાજ વિફરે છે, ત્યારે ગજરાજ ઉપર પ્રહાર કરી તેને

પરાસ્ત કરવા માટે પૂરો પ્રયાસ કરે છે. આ ક્રોધ અને અભિમાનની લડાઈમાં હાથીના તાજા લોહીથી ખરડાયેલી મુક્તાફળરૂપી સંપત્તિ પણ દૂષિત બનીને રક્તરંજિત મોતીઓથી ધરાતલને ઢાંકી દે છે. અર્થાત્ કોપભાજનથી પ્રહાર પામીને જે સંપત્તિ ભૂમિ પર પથરાઈ છે તે ભૂમિને અંલકૃત તો ક્યાંથી કરી શકે? એટલે કે કલંકિત કરી રહી છે, ત્યારે આવો કોપાવિષ્ટ વનરાજ જે હાથીને પણ ગણતો નથી, તેના માટે માણસ શું વિસાતમાં! માણસને હરાવવો એ માત્ર તેના ડાબા પંજાનું કામ છે. પરંતુ આવો ભયાનક સિંહ પણ પ્રભુના ચરણરૂપી પર્વતના દર્શન કરીને ત્યાં ઉપસ્થિત રહેલા ભક્તોને નિહાળીને પાછો હટી જાય છે અર્થાત્ આક્રમણ કરતો નથી. આવી પ્રતિકૂળ પરિસ્થિતિ પણ અનુકૂળતામાં પરિવર્તિત થઈ જાય છે. સ્તુતિકારે પ્રસ્તુત શ્લોકમાં સિંહનું આલંબન લઈને ખૂબીપૂર્વક દેવાધિદેવના ચરણોનું માહાત્જય પ્રગટ કર્યું છે.

ક્રોધ અને અહંકારની આ પ્રકૃતિગત લડાઈમાં અને વિશ્વમાં ચાલતા સંઘર્ષમાં મનુષ્ય પણ તેનો શિકાર બનતો રહે છે. એટલું જ નહીં માયા, કપટ લોભ વગેરે કષાયોનું સેવન કરી આ પાપ સંઘર્ષમાં ભાગીદાર બની જાય છે. ત્યારે આ સંઘર્ષથી જો બચવું હોય તો પ્રભુના ચરણનો આશ્રય જ શ્રેષ્ઠ એક માત્ર ઉપાય રહેલો છે. અને ત્યારે આવા પ્રચંડ વનરાજ સ્વતઃ શાંત થઈને મનુષ્યને ભયમુક્ત કરે છે. આમ પ્રભુના ચરણનો આશ્રય દ્વિગુણિત ફળ આપે છે. એક તો ભક્તને નિર્ભય બનાવે છે. અને બીજું સિંહને શાંત બનાવે છે અર્થાત્ સિંહના ક્રોધનો પારો અને ભક્તના ભયનો પારો ઉતરી જાય છે. પરસ્પર ભાવોનું આવું અલૌકિક પરિવર્તન થતાં એક અભિનવ લીલા સર્જાય છે. જ્યાં એક તરફ ક્રોધ અને માનની લીલા હતી, ત્યાં બીજી તરફ ક્ષમા અને અભયની જોડી રચાય છે. અને આ દિવ્યભાવોનું માધ્યમ સ્વયં પરમાત્મા દેવાધિદેવ છે. આમ દેવાધિદેવના ચરણોથી ભાવોનું એક અદ્ભુત સર્જન થાય છે. જેમ કે ચમરેન્દ્રે અભિમાનપૂર્વક ઈશાનેન્દ્રને હરાવવા ગયો... પણ ઈશાનેન્દ્રે જ્યાં વજ્ર ઉપાડ્યું ત્યાં તો ચમરેન્દ્ર ભાગ્યો.... દોડ્યો ઉર્ધ્વલોકમાંથી તિર્ચ્છાલોકમાં. અને પહોંચી ગયો પરમાત્માના ચરણોમાં... રૂપ બનાવી દીધું કંથવા જેટલું સૂક્ષ્મ અને સંતાઈ ગયો પ્રભુના ચરણકમલમાં....? અને ઇન્દ્રના વજ્રથી મળ્યું રક્ષણ... નહીં તો શું થાત ચમરેન્દ્રનું? બસ આવી શક્તિ છે પ્રભુના ચરણકમળની... તે જ રીતે સાધક આત્મા પ્રભુના ચરણરૂપી અચલનું – પર્વતનું અવલંબન લઈ સાધનાશીલ બન્યા હોય તેવા ભક્તો ઉપર આક્રમણકારી વનરાજ પણ આક્રમણ કરવા તૈયાર હોવા છતાં આક્રમણ કરી શકતો નથી.

પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકારે સાધકને આગળ વધવા માટે એક નવી દિશાનું માર્ગદર્શન આપ્યું છે. જેમ કે સાધનાના બે અંગ છે. (૧) પ્રતિયોગીથી વિમુખ થવું અને (૨) અનુકૂળ યોગોને સંપાદિત કરવા. જ્યારે સાધક માટે મુખ્ય ત્રણ પ્રતિયોગી પ્રસિધ્ધ છે. (૧) ભય (૨) લોભ અને (૩) અહંકાર. આ ત્રણેના પ્રતિપક્ષી ત્રણ અનુયોગી પણ છે : (૧) અભય (૨) ત્યાગ અને (૩) વિનય. તેમાં જૈન શાસ્ત્રો અભયને પ્રથમ સ્થાન આપે છે. જો કે ભગવદ્ગીતામાં પણ અભયને અહિંસાનું દ્વાર ગણાવ્યું છે. પ્રભુના ચરણ એટલે જ દર્શન અને ચારિત્ર. તેનો આશ્રય કરવાથી ભક્ત સ્વયં અભય બની જાય છે. તેમ જ અભયના પ્રતિયોગી નિમિત્તો પણ સ્વતઃ પરામુખ થઈ જાય છે. સાધક આત્મપ્રદેશોમાં વિચરણ કરતાં સિંહને અર્થાત્ હિંસકભાવોને ઓળખી લે છે. જેમ ચોરને ઓળખી લેવાથી ચોર ભાગી જાય છે, તેમ આ ભયાનક સિંહને ઓળખી લેવાથી સ્વયં તે પલાયન થઈ જાય છે.

આમ પ્રસ્તુત શ્લોકમાં અભયને સર્વોપરિ સ્થાન આપેલ છે. અભય સ્થિતિ પ્રાપ્ત થતાં બધા જ ભયંકર વિકારો પણ શાંત થઈ જાય છે. કવિશ્રી પણ બેડીના બંધનથી અભય બની પોતાના આરાધ્યદેવના ચરણકમલમાં આશ્રય મેળવી પ્રભુ ભક્તિમાં તન્મય બની આગળ ને આગળ વધી રહ્યા છે.

**ઋદ્ધિ :–** ॐ ह्रीं अर्हं णमो वचणलीणं ।

**મંત્ર :–** ॐ नमो एषु वृतेषु वर्द्धमान तव भय हरं वृत्ति वर्णायेषु मंत्राः। पुनः स्मर्तव्या अतोना परमन्त्र निवेदनाय नमः स्वाहा।

**વિધિ-વિધાન :** પવિત્ર થઈ પીળું વસ્ત્ર ધારણ કરી પૂર્વ દિશાની તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરવું, પૂજા કરવી. ત્યારબાદ પીળા આસન પર ઉત્તર દિશાની તરફ મુખ કરી બેસીને પીળા વર્ણની માળા દ્વારા એક હજાર આઠ વાર ઋધ્ધિ મંત્રની શુધ્ધ મનથી આરાધના કરવી.

**ફલાગમ :** યંત્રને પાસે રાખવાથી તેમ જ ૩૯મી ગાથા, ઋધ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી માર્ગમાં સર્પ, સિંહ, વાઘ વગેરે જંગલી ક્રૂર હિંસક પશુઓનો ભય લાગતો નથી. તેમ જ વિસ્તૃત રસ્તો મળી જાય છે અને આરાધક ગંતવ્ય સ્થાનને કોઈ પણ કષ્ટ પામ્યા વિના પ્રાપ્ત કરી લે છે.

શ્રી ભક્તામર સ્ત્રોતની ૩૯મી ગાથાનું આરાધન કરવાથી શું લાભ-ફળ પ્રાપ્ત થાય છે, તે દર્શાવતી એક પ્રાચીન કથા.

**શેઠ દેવરાજની કથા :**

વર્ષો પહેલાની આ વાત છે. શ્રીપુર નામના એક નગરમાં એક શ્રીમંત શેઠ રહેતા હતા, હીરા-મોતી-ઝવેરાત આદિનો વ્યાપાર કરતા હતા. એમનું નામ દેવરાજ હતું. તેઓ જૈન ધર્મી હતા. એટલું જ નહીં તેમણે સ્વામી વીરચંદ્ર મુનિરાજની પાસે શ્રી ભક્તામર વગેરેનો અભ્યાસ પણ કર્યો હતો. શેઠ દેવરાજજીને એક પુત્ર પણ હતો. જેનું નામ અમૃતચંદ્ર હતું. નામ પ્રમાણે જ તે ગુણિયલ અને પિતૃભક્ત હતો.

એક દિવસ શેઠ દેવરાજજીએ વ્યાપાર અર્થે રત્નદ્વીપ જવાની તૈયારી કરી અને પ્રિય અમૃતચંદ્રએ પાસે બેસાડીને કહ્યું, બેટા! ઘરનું સારી રીતે ધ્યાન રાખજે. તેમ જ અહીંનો કારોભાર વગેરે સંભાળજે. ત્યારે પુત્ર અમૃતચંદ્રને વિનયપૂર્વક જવાબ આપ્યો હે પિતાજી! વ્યાપાર અર્થે હું જ પરદેશ જઈશ, તમે હવે ઘરે રહીને ધર્મ-આરાધના કરો. જ્યારે વિદ્વાન દેવરાજજીએ પ્રિય પુત્રને હજુ નાદાન સમજીને વિદેશ જવા દીધો નહીં, અને સ્વયં પોતે જ થોડાંક વણિકોની મંડળી સાથે રત્નદ્વીપ જવા રવાના થયા.

ચાલતા-ચાલતાં અકસ્માતે રસ્તો ભૂલી ગયા અને તેઓ બધા એવાં ગાઢ જંગલમાં પહોંચી ગયા કે જ્યાં કોઈ માણસનો પત્તો ન હતો. હાથી, સિંહ, રીંછ, સર્પ, વાંદરો વગેરે અનેક હિંસક પ્રાણીઓથી જંગલ ભરેલું હતું. આ જંગલ સિંહ-વાઘ આદિની ભયાનક ગર્જનાથી જાણે ધ્રૂજી રહ્યું હતું. તેમ છતાં આ વણિક મંડળી ધીમે ધીમે બીતાં બીતાં પણ આગળ વધી રહી હતી. પરંતુ એકાએક એક વિકરાળ સિંહ – માનો જાણે ભયાનક કાળ તેઓની સામે રસ્તો રોકી ઊભો રહી ગયો. આવી પરિસ્થિતિ જોઈને સાથે રહેલ સહુ વણિકોના તો હોશ-કોશ ઊડી ગયા અને ધ્રૂજવા લાગ્યા. ત્યારે ધીર-વીર એવા શેઠ દેવરાજજીને શ્રી ભક્તામર સ્તોત્રનું સ્મરણ થયું. અને તેઓએ શ્રી શ્રી ભક્તામર સ્તોત્રની ૩૯મી ગાથાનું રટણ કર્યું. ઋધ્ધિ-મંત્ર અને ૩૯મી ગાથા 'ભિન્નેભ કુમ્ભ' વગેરેનું શ્રધ્ધાપૂર્વક આરાધન કરતાં જ તેના પ્રભાવથી તે પ્રચંડ સિંહ કૂતરાની જેમ પૂંછડી હલાવતો હલાવતો શેઠ પર વહાલ-ભક્તિ પ્રગટ કરવા લાગ્યા. એટલું જ નહીં તે સિંહ ઘણા બધા ગજ-મોતી (મુક્તક) શોધીને લઈ આવ્યો અને શેઠ દેવરાજજીની સામે રાખી દીધા. ત્યારે શેઠ દેવરાજજીએ સિંહને કહ્યું, કે વનરાજ! તું હિંસક જીવ છો, પ્રાણીઓનો વધ કરે છે, આ તારા માટે ઘણું જ નિંદનીય કાર્ય છે. આ પ્રકારે ધર્મનો ઉપદેશ સાંભળીને સિંહને જાતિસ્મરણ થયું અને સમ્યક્દર્શન પ્રાપ્ત થયું. જેનાથી તેનું ચિત્ત સ્વભાવ નમ્ર બની ગયો. એટલું જ નહીં એ દિવસથી તેણે હિંસા કરવાનું પણ છોડી દીધું.

આ બાજુ શેઠ દેવરાજજી અને તેમના સાથીઓ રત્નદ્વીપમાં પહોંચી, ત્યાં ક્રય-વિક્રય કરી પાછા ફર્યા, અને સકુશલ શ્રીપુર પહોંચી ગયા. ત્યારે સિંહના સમાગમથી મૃત્યુ ટળી ગયું હતું વગેરે સારો વૃત્તાંત જાણી સહુએ ખુશી મનાવી. એટલું જ નહીં જિનરાજની મહાપૂજા ભાવપૂર્વક કરી અને ધર્મની ખૂબ – ખૂબ પ્રભાવના ફેલાવી. તેમ જ વીરચંદ્ર મુનિરાજના વંદન - દર્શનાર્થે ગયા અને તેમને પણ શેઠજીએ આ સમાચાર સંભળાવ્યા. ત્યારે મુનિરાજે કહ્યું, 'આ તો સામાન્ય ઘટના છે, સામાન્ય વાત છે. શ્રી ભક્તામરના પ્રભાવથી તો કોટિ-કોટિ વિઘ્ન ક્ષણ વારમાં ટળી જાય છે.'

ત્યારબાદ શેઠ દેવરાજજીએ સિંહે આપેલા પેલા મૂલ્યવાન ગજ-મોતી ત્યાંના રાજા શ્રીપાલની સેવામાં ભેટ ધર્યા. અને સિંહનો ઉપદ્રવ તેમ જ જીવ બચ્યાની સારી ઘટના સંભળાવી. જેના કારણે રાજા તેમ જ દરબારમાં ઉપસ્થિતિ લોકો પર જૈનધર્મનો ઘણો પ્રભાવ પડ્યો. એટલું જ નહીં બધાએ જૈન ધર્મનો અંગીકાર કર્યો. અને જૈનધર્મનો જય-જયકાર કર્યો. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : khimji_chhadwa@yahoo.com

# Bodhi - Durlabha Bhavna

**Prachi Dhanvant Shah**

***"Sometimes we don't get a second chance. Sometimes things just end"***

Take a moment, and think, are you utilizing your human birth with the right purpose and conduct? Every one of us carries a bag full of complaints, sorrows, challenges, and pain. Many of us would also agree that a synonym for this human birth is nothing but pain and suffering. This worldly life is nothing but a map filled with obstacles and hard knocks. Enjoying worldly desires and pleasures is just for moments that cannot give you true happiness and peace. But, there is a different

persona to this human life too! This human life is a gift of our past karmas and a chance to attain good karmas by pursuing the path of spirituality, austerities, and seeking liberation. Although living in this worldly life it might be futile to achieve moksha but one can discern to achieve it and strive towards the said path. Something is certainly better than nothing. Jain philosophy explains that it is not possible not to indulge in any karmic activities but we can at least strive to indulge in minimal so as to wash out accumulated karmas of past birth and through spiritual practices reap good karmas. With the true essence of bhav, one bundles up intense bhavna through contemplation, which eventually guides a soul on the right path of liberation. Although attaining the Right knowledge (Samyak Gyan), Right perception (Samyak Darshan) and Right Conduct (Samyak Charitra) in this human birth are certainly scarce and very intricate.

The term "Bodhi" refers to knowledge and "Durlabh'' reveals, attaining something, under exceptionally rare situations, which might be next to impossible to achieve. Thus Bodhi-durlabh Bhavna explains that it is very rare and almost impossible to attain the right and true knowledge to attain moksha and Keval Gyan. Under such uncertain and scarce circumstances, how unfortunate would we be, if we do not strive to attain even quantum of true knowledge and perception and achieve immaculate conduct? Attaining this human birth, in Bharat kshetra due to our past good karma, having a vast opportunity of implementing the Jain spiritual path is an exceptional opportunity. Then why not seize this opportunity right away and not overlook this contingency? When you strengthen your thoughts and desires through contemplation, your perception to act upon it becomes stronger and more robust. Hence contemplation of Bodhi-durlabha bhavna intensifies your desire to seek a spiritual path and helps you comprehend not to undermine this human birth.

In this worldly life, some ignorant humans believe this life is a gift to enjoy to its fullest with worldly pleasures and are perpetually drifted from the true essence of this human birth. They are ignorantly distant from any means of spirituality and religious knowledge. Although some might have adapted to spiritual practices and tried to attain the right knowledge but might be unacquainted with the true essence of spirituality to drench their soul with devoutness and piety towards the right religious perception. One can apparently attain contentment and pleasures easily through senses, wealth, family, fame, etc in this worldly life but it is very much sporadic and scarce to attain true knowledge which is described as "Bodh'' in Jain doctrines. Spirituality and absolute conduct can only ascertain peace and tranquility to eternity. In this cycle of birth and death, it is very arduous for the soul to transmigrate from nigodh to attain birth as sthavar ( Immobile life on earth such as earth bodies, water bodies, vegetation, etc ) or tras ( mobile life on earth animals, birds & humans). Moreover, it is difficult and rare (durlabh) to attain birth in human life. Even deities and devatas urge to attain human birth because it is said that one can attain omniscience and salvation only in human birth. But it is also the fact that despite attaining human birth, it is very scarce to attain a Jain shravak family, auspicious environment, and moreover, very rare to practice vows, attain saiyam and fifth gunasthaan. Further, it is extremely rare to attain three bodhi jewels - Samyak Gyan ( absolute knowledge) Samyak Darshan ( absolute perception), and Samyak Charitra ( absolute conduct ). It is exceptionally scarce that in this human birth one would give up worldly attachment and accept monkhood, follow stern Mahavrats, practice austerities and penance. Besides, it is next to impossible to attain Keval Gyan in this human birth. Thus in this repeated cycle of transmigration from Nigodh to human birth, it is extremely rare and difficult to pursue the right path to liberation. This is what Bodhi Durlabh Bhavna illustrates, instigating the urge of anchoring our human birth to the felicitous aisle of spirituality.

Given a life in this human birth surviving every day, meeting your worldly requirements, and one day the soul leaves your body,- this kind of human

life is very effortless and conventional. Any human can lead this life though there might be worldly challenges and difficulties but they are the counterfeit proceedings of this worldly life. Leading this worldly life imposes us to indulge in karmic activities every second of our life. One who is ignorant of right knowledge is constantly bound with all kashayas (anger, greed, attachment, pride) adding to the baggage of his karma. One needs to identify the right knowledge and interrogate it with its soul. The truth is, the soul residing in this human body seeks something else, which we might not be able to identify and analyze, and this is because it is laminated surplus by layers of ignorance and grim desires. This human birth is not worthy if it does not identify the soul's urge towards enlightenment and

follow the path of attaining samyaktva. This human birth is a fortuity for the soul to endeavor enlightenment by eradicating this bleakness of incomprehension.

***"There is a spark waiting to be ignited within all of us, we just need to identify this spark for it to shine, and contemplation of Bodhi-Durlabh bhavna is the source to identify that spark".***

✦ ✦ ✦

Contact: 49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
(+1-917-582-5643)

# ચિંતન લેખ : ઉછેર – સંસ્કારોની કેળવણી

**સુનીતા ઈજ્જતકુમાર**

*ઊગતાં અમ મનમાં ફૂલડાંને રસથી સભર બનાવો;*
*જીવનના રંગો ત્યાં ભરવા પીંછી તમારી ચલાવો;*
*અમને મઘમઘતાં શીખવાડો! પ્રભુ હેં!*

– **'સુંદરમ'**

**ક**લ્પના કરો કે કોઈ સુંદર ચિત્ર દોરી આપે છે અને પછી એમાં રંગ પૂરવાનું કાર્ય બીજાને સોંપાય છે. હવે એવું પણ બને કે જેણે રંગ પૂરવાના છે તેને ચિત્રને બરાબર ન્યાય મળી રહે એ રીતે રંગ પૂરતા ફાવતું હોય અથવા એવું પણ બને કે ન ફાવતું હોવા છતાં કાળજીપૂર્વક રંગ ભરી પણ નાખે કે પછી એવું બનવા પામે કે સોંપ્યું છે એટલે કરવા ખાતર કામ કરી નાખે. રંગપૂરણીનું સોંપાયેલ કાર્ય આ ત્રણમાંથી કોઈ પણ રીતે થાય, પણ જે રીતે થશે એમાં બનવું કે બગડવું એની સીધી અસરથી નક્કી થવાનું છે પેલા સુંદર રીતે ચિતરાયેલા ચિત્રનું ભાગ્ય! અત્રે ચિત્રને માધ્યમ બનાવીને હું બાળકના ઉછેરની વાત માંડીને કરવા માગુ છું. ચોમાસું બેઠું એટલે હું તો રાજીના રેડ છું. હું વરસાદની વાટ જોઈને બેઠી'તી. પૂછો કેમ? મારા આંગણે મેં સુંદર બગીચો બનાવ્યો છે. હું એને ઉછેરું છું અને એ મને જીવનબળ આપે છે. હું નિયમિત પાણી પાવ, પાંદડે પાંદડાંને હાથથી પસવારું, પણ સાચું કહું મેં નિયમિત પાયેલા પાણી કરતાં જ્યારે મેઘો વરસે ત્યારે છોડ એવા તો ચમકી ઊઠે છે કે વાત ન પૂછો! મેઘના અમી છાંટણાં જ એનું સાચું ધાવણ. માના ધાવણની તોલે કોણ આવે? નવજાત શિશુની યોગ્ય માવજત લગભગ બધે લેવાતી જ હોય. સુવાવડીને એકાદ માસ સુધી તો ન એની મા રેઢી મેલે કે ન એની સાસુ! બાળકના શારીરિક ઉછેરથી આગળની જે બાબત છે એનો દારોમદાર તો બાળકના માતા-પિતા ઉપરજ રહેવાનો.

જૂની વાત યાદ કરતાં કહું તો જ્યારે મારો દીકરો પાંચેક માસનો થયો હશે ત્યારે મેં બાને કીધું કે બા આજે તકી પાંચ માસનો થયો. ત્યારે તરત બાપુજીએ મને પ્રશ્ન કર્યો'તો બેટા! તકી તો પાંચનો થયો પણ શું એની 'મા' પાંચની થઈ, સાતની થઈ કે હજી જન્મી જ નથી! બાળકને માત્ર જન્મ આપવાથી જ માબાપ નથી બની જવાતું. બાપુજીની આ ટપલી મને ખૂબ મીઠી લાગી હતી. હું બાપુની પાઠશાળામાં જ તો ભણતી'તી નેં! નાનપણમાં મને પગે જામરા બહુ થતાં. લબકે એવા કે નીંદર ન આવે. ત્યારે મારા બાપુ મારી હારે આખી રાત જાગતા. મારો માટીનો જીવ અને જોડાયેલો પણ માટી સાથે છતાં ગૂમડાને માઠું ન લાગે એટલા પ્રમાણમાં મારી માટી પાકણીય ખરી હોં! આખા શરીરે ગૂમડા ફૂટી

નીકળતા. મા મને ડ્રેસિંગ કરવા મથે, કેટલાંય ફૂલડાં મૂકે પણ હું ડ્રેસિંગ ન કરવા દઉં. આખા ઘરમાં માને દોડાવું. મારી મા આખો દા'ડો કામ કરી વાંકી વળી ગઈ હોય તોયે અડધી રાતે જાગીને હું પૂરી નીંદરમાં હોઉં ત્યારે મારા આખા શરીરે પાટાપિંડી કરી નાખતી, મને ખબર સુધ્ધાં ન પડવાં દેતી બોલો! આપણાં બા-બાપુ આપણી જે કાળજી લેતાં હોય છે એ સઘળી આપણી માલીપા બખૂબી રોપાતી હોય છે, ખરું કે? કહેવાનું તાત્પર્ય માત્ર એ છે કે માબાપ તરીકે હર ક્ષણ આપણે જે કંઈ બાળકની સમક્ષ કરીએ છીએ એ સંધુંય બાળકમાં રોપાવાનું. બાળકની તંદુરસ્તીની જાળવણી સાથે આપણે પણ તનમનથી સ્વસ્થ જીવી બતાવવું રહે. જે માબાપ પાત્રતા મેળવવાની પાઠશાળા છેક સુધી શીખતાં રે' એનાં બાળકને સંસ્કારોનું અતિમૂલ્યવાન ધાવણ મળવાનું જ. જે માબાપ બાળકરૂપી ક્યારામાં માનવીય સત્વોને ઉગાડવાનું નથી ચૂકતાં એ બાળક સમગ્ર વિશ્વને છાંયો આપનારું વૃક્ષ સાબિત થાય છે.

આપણે નથી કહેતા હોતા કે આ બાળક તો અસલ એની માની જેમ જ બોલે છે ને પિતાની જેમ જ ચાલે છે! તો આ બધું દર્શાવે જ એ છે કે બાળક જે જોવે છે એ શીખે છે. ઘરમાં થતાં દરેક વ્યવહારને બાળક નિહાળતું હોય છે. પોતાની મા જો ઊંચા અવાજે બોલતી હશે તો બાળક સ્વાભાવિક રીતે એ જ શીખશે. બાળક કદર કરતાં પણ મા પાસેથી શીખશે ને ધિક્કારતા પણ ત્યાંથી જ શીખશે. વાલાદવલાનો પરિચય એ આપણી પાસેથી જ તો પામે છે! માબાપ પોતાનાં બાળકમાં જો કોઈ નબળાઈ ભાળે તો એને જાણીને, ચાહીને એ નબળાઈમાંથી બાળકને કેવો સિફતથી બહાર તારવી લે છે! ઠીક એ જ રીતે દરેક માબાપે પોતાની નબળાઈને પણ પિછાણવાનો અને પછાડવાનો મક્કમ પ્રયાસ કરવો જ જોઈએ. જેથી તે બાળકને સારા ને સાચાં સંસ્કારોનું સ્તનપાન કરાવવા પામે. આમ થવાથી જ બાળક સાચાં અર્થમાં માનવી બની માનવતાને દીપાવશે. જે ઘરમાં વૃદ્ધોને, બાળકોને કશુંક બોલતાં, કહેતાં, માંગતાં ડર લાગે એ ઘર દયાજનક હોય છે. જે માબાપ પોતાના બાળકોને જન્મ આપી સંસ્કારોનું સિંચન કરવા બાબતે ઉદાસી સેવે છે એ પોતાના જ દુઃખની ખેતી કરતાં હોય છે. આવાં માબાપને સુખની ફસલ તો ક્યાંથી મળે! એ મેળવવાનો એને અધિકાર પણ નથી. 'ધરતીનો છેડો ઘર' એવું તો ત્યારે બને જ્યારે ઘર સુખ અને ખુશીની શરૂઆતનું કેન્દ્ર બને અને માબાપ એ કેન્દ્રનું મધ્યબિંદુ! આજની 'મા'એ [ઘરની સ્ત્રીએ] એ ખાસ યાદ રાખવાનું છે કે એણે માણસને, પરિસ્થિતિને પ્રેમ, લાગણી, સ્નેહ અને શ્રદ્ધાથી સિંચવાનાં છે. આજે દરેકને પુત્રવધૂ સુશીલ, કામઢી અને પ્રેમાળ જોઈએ છે, પણ શું દરેક મા પોતાની દીકરીને આ રીતે ઘડે છે ખરી? આપણે ભજવેલી ભૂમિકા અને આપેલા સંસ્કારો પરથી ખ્યાલ આવી જ જાય છે કે તેમાં આપણે મૂલ્ય કેટલું દાખવ્યું છે.

બાળકનાં ઉછેરમાં સંસ્કારોના મૂળિયાં જેટલા ઊંડા એટલા એનાં ફળ વધુ મળશે. માબાપના જે સદ્‌ગુણો છે એ બાળકમાં ચોક્કસ બેવડાશે અને જો દુર્ગુણ હશે તો એ પણ! માટે જ માનવતાને ન છાજે તેવી કોઈ ભાવના કે બદીને પ્રવેશવા ન દેવી. જેથી વ્યવહારમાં એ કદી ભૂલથી પણ દાખવાય ન જાય. સ્વાર્થ અને સંસ્કાર અતિ પારદર્શક હોય છે અને સમાજ એનો સ્પષ્ટ અનુવાદ કરતો હોય છે. માટે જ સ્વાર્થ અને સંકુચિતતા કરતાં સ્નેહ અને વિશાળતાને વધુ પ્રાધાન્ય આપવું રહે. માબાપ બાળકનાં પ્રથમ ગુરુ છે અને બાળકની ચોવીસ કલાકની પાઠશાળા પણ! માબાપનાં દરેક કર્મ અને વ્યવહાર થકી બાળકમાં સંસ્કારોના બીજ વવાય છે અને એ રીતે જ તો બાળકની દુનિયા સુખમય બનશે કે દુઃખમય એનો પાયો નંખાય છે.

**: અણધાર્યો એક સવાલ :**

હેં! ઉપરવાળાએ સુંદર ચિત્રની ભેટ ધરીને આપણને ઉપકૃત કર્યા હોય ત્યારે એમાં રંગ પૂરવામાં આપણે કંઈ ઊણા ઊતરાય?

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૭૨ ૧૧૮૧૩

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ ફેબ્રુઆરી માસની અનુદાનની યાદી

## જરનલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫૧,૦૦૦/- | બી. સી. એમ. કોર્પોરેશન |
| ૨૧,૦૦૦/- | વિપુલ ટુલ્સ સેન્ટર |
| ૭૨,૦૦૦/- | |

# પાડોશી

**રતિલાલ બોરીસાગર**

**ન**વા મકાનનું વાસ્તુ કરનાર એક માણસે કહ્યું, અમને પાડોશી વિશે કહો.

ત્યારે તેમણે જવાબ દીધો :

પાડોશીને તમે પ્રેમ જરૂર કરજો, પરંતુ તમારા ઘર કરતાં તમે પાડોશીના ઘરે વધુ રહેવા માંડો અને 'હું મારા ઘરમાં છું કે બીજાના?' એવો પાડોશીને પ્રશ્ન થવા માંડે એટલી હદે તમે પાડોશીને પ્રેમ ન કરશો.

પાડોશીનું છાપું વાંચવું વાંચવું એ તો સર્વસ્વીકૃત આચાર છે. તમે આ આચાનું પાલન કરજો. પરંતુ તમે માત્ર છાપું વાંચવા જેટલી સંકુચિત આત્મીયતા ન કેળવશો. છાપું વાંચવાનો સમય સામાન્ય રીતે ચા પીવાનો સમય હોય છે. એટલે છાપું વાંચવા સાથે પાડોશીની ચા પણ તમે અચૂક પીજો. તમે નિત્યમુલાકાતી હશો એટલે પાડોશી તમને ચા પીવા અંગે રોજ ન પૂછે એવો સંભવ છે એટલે તમે એના ચા-પાનનો સમય ધ્યાનમાં લઈ તે જ સમયે જવાનું રાખજો. પોતે ચા પીતા હોય તોય તમને ન થાય એવા હૈયાસૂના પાડોશી આપણા દેશમાં નથી. પછી તો તમારી નિયમિતતાથી પ્રભાવિત થઈ એ દરરોજ તમારા માટે ચાની જોગવાઈ રાખશે જ. તમે મસાલાવાળી જ ચા પીતા હો તો પાડોશીને યે યાદ કરાવતા રહેવાનું તમારું કર્તવ્ય છે એમ સમજજો.

તમારે ત્યાં બ્લૅક ઍન્ડ વ્હાઇટ ટીવી હોય તો બધા પ્રોગ્રામ નહીં તોય અઠવાડિયાની બેચાર ફિલ્મો તો તમારા પાડોશીના રંગીન ટીવી પર જ તમે જોજો જ. તમારા ત્રણચાર પાડોશીમાંથી એકબેને ત્યાં તો રંગીન ટીવી હશે જ. ફિલ્મ પૂરી થયા પછી ચાપાણી બનાવવાનો રિવાજ ઘણાં ઘરોમાં હોય છે. આવો રિવાજ પાળતા પાડોશીને તમે પ્રથમ પસંદગી આપજો. પાડોશી ફિલ્મ ઉપરાંત બીજા પ્રોગ્રામ જોવાનું નિમંત્રણ આપવાનો વિવેક દાખવે તો નમ્રતાથી એ નિમંત્રણનો સ્વીકાર કરજો. પાડોશી ખાલી વિવેકમાં કે કટાક્ષમાં આવું કહે છે એમ ન સમજશો.

પાડોશીને ત્યાં છાપું વાંચીને કે ટીવી જોઈને તમે એને ઑબ્લાઇઝ કરો છો એવો ભાવ હૃદયમાં રાખજો ને પાડોશીના હૃદયમાં એવો ભાવ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરજો.

પાડોશીને ત્યાં ટેલિફોન હોય તો તમારે ટેલિફોન-કનેક્શન લેવાની જરૂર નથી. પાડોશીના ટેલિફોનને તમે તમારો જ ટેલિફોન સમજજો. તમારો ફોન આવે ત્યારે તમને બોલવવાનો પોતાના ધર્મ છે એમ પાડોશી સમજે એ માટે તમારા પાડોશીને પાડોશીધર્મ વિશે સતત સજાગ રાખજો. તમારે ટેલિફોન કરવાની થોડી મુશ્કેલી પડશે, કારણ કે કળિયુગ હોવાને કારણે પાડોશીઓ ફોન કરવા દેવાના પૈસા લે છે. પણ તમારે કોઈને ફોન ન કરવો પડે, તમને જ સૌ પાડોશીના નંબર પર ફોન કરે એવું તમારું માહાત્મ્ય તમે ઊભું કરજો. આમ છતાં ગૅસના બાટલાવાળા તમને સામેથી ફોન નહીં કરે. આવા ફોન તમે ઑફિસેથી કરજો. ઑફિસનો ટેલિફોન તો કાયદેસર રીતે તમારો ટેલિફોન છે એમ સમજજો.

તમારા પાડોશીમાં પાડોશીભાવના સતત જાગ્રત રાખવા માટે તમારાં પત્નીની સહાય પણ લેજો. તમારાં પત્ની તમારા પાડોશીની પત્ની પાસે થોડાથોડા દિવસે ચમચી ચા-ખાંડ, વાટકો લોટ, ચપટી ધાણાજીરું, આદુનો કટકો માગતાં રહે એવું સમયપત્રક તમે ગોઠવજો. આવી નાનીમોટી ચીજો પરત કરવાનો વિવેક દર્શાવવાનું તમારાં પત્ની ન ચૂકે તે જોજો. પણ આટલામાં પાછું શું લેવું એવો વિવેક તમારા પાડોશીને પત્ની કરે તોપણ પાછું આપવાની હઠ પકડી તમારાં પત્ની તમારા પાડોશીનાં પત્નીના હૃદયને ઠેસ ન પહોંચાડે એ પણ જોજો. તમારી અવિરત પ્રેમવર્ષાથી ગૂંગળાઈને તમારા પાડોશી બીજે રહેવા જતા રહે તો તમે નિરાશ ન થશો. એમના સ્થાને કોઈ ને કોઈ તો આવશે જ. જે આવે તેને તમારા પ્રેમનું ભાજન બનાવજો.

✦ ✦ ✦

લેખકના પુસ્તક : **'જ્ઞ'થી 'ક' સુધીમાંથી સાભાર**

# સર્જન સ્વાગત


## સંધ્યા શાહ

**પુસ્તકનું નામ : મુક્ત દીર્ઘકવિતા**

**લેખક : દીપક રાવલ**

**પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, ૧૦૨, નંદન કોમ્પ્લેક્સ, મીઠાખળી ગામ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૨, પૃષ્ઠ : ૧૮૪ મૂલ્ય : રૂા. ૨૩૦/-**




સ્વાતંત્ર્યોત્તર દીર્ઘકવિતાઓની વિશેષતા/નિરૂપતા લેખકે 'મુક્ત દીર્ઘકવિતા'ને એક સ્વતંત્ર કાવ્યપ્રકાર તરીકે મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

પરંપરાથી ઉફરો ચાલતો કવિ, કવિતાના નવા સ્વરૂપ માટે સદાય ઉત્સુક હોય છે. પરંપરાગત સ્વરૂપમાં અવ્યક્ત રહી જતી કવિની સંવેદના દીર્ઘકવિતામાં વિસ્તાર પામે છે. આ સંદર્ભમાં દીપક રાવલે ઉમાશંકર જોષી, લાભશંકર ઠાકર, સુરેશ જોષી અને સિતાંશુ યશશ્ચંદ્રની દીર્ઘકવિતાઓને માણી છે પ્રમાણી છે. મુક્ત દીર્ઘકાવ્યના સ્વરૂપ ઉદ્‌ભવ – વિકાસ અને વિશેષતાઓની પોતાના શોધનિબંધમાં ઝીણવટપૂર્વક સમીક્ષા કરી છે.

સંશોધકે ઉમાશંકર જોશીની 'છિન્નભિન્ન છું' અને 'સપ્તપદી' સુરેશ જોષીની 'મૃણાલ' અને 'તથાપિ'ની રચનાઓ, લાભશંકર ઠાકરની 'માણસની વાત' અને 'પ્રવાહણ' તથા સિતાંશુ યશ્ચચંદ્રની 'મુંબઈ : હયાતીની તપાસનો એક સરરિયલ અહેવાલ', 'મોએ-જો-દડો', 'દોરો' તથા 'પ્રલય'ની કાવ્યરીતિનો સઘન અભ્યાસ કરી મુક્તિ દીર્ઘકવિતાની વિશેષતાઓ તથા મર્યાદાઓ તારવી છે અને નવા કાવ્યપ્રકાર તરીકે આ રચનાઓને સ્થાપિત કરી છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : પ્લાસ્ટિક : એક જોખમી પ્રેમ**

**લેખક : સ્વાતિ દેસાઈ, પાર્થ ત્રિવેદી**

**પ્રકાશક : યજ્ઞ પ્રકાશન, હિંગલાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧.**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૫૬ મૂલ્ય : રૂા. ૫૦/-**




પ્લાસ્ટિક આપણી જીવનશૈલીનો એક મહત્વનો ભાગ બની ગયું છે. પ્લાસ્ટિકના વિરોધનો પર્યાવરણવાદીઓનો અવાજ પ્લાસ્ટિકની નિતનવી વસ્તુઓની સામે દબાઈ ગયો છે. ગાયના પેટમાંથી નીકળતા ૪૦-૫૦ કિલો પ્લાસ્ટિક અને તેનાથી થતા મૃત્યુની વાતો વાંચીએ ત્યારે આપણે દ્રવી જઈએ છીએ, પણ રોજબરોજની જિંદગીમાં એ સંવેદના ઝાઝું ટકતી નથી.

આપણે જાણીએ છીએ કે પ્લાસ્ટિકનો નાશ કદી થતો નથી – તે તૂટે, બરડ થાય – નાના કણોમાં પરિવર્તન પામે પણ રહે તો અહીં જ. પ્લાસ્ટિકની શાકભાજી માટેની થેલીઓ, બહારથી આવતા ખાવાના નાના પેકેટ, દરેક વસ્તુ સાથે આવતું બિનજરૂરી પેકેજીંગ. પ્લાસ્ટિકના ગ્લાસ, પાણીની બોટલો, ચમચા-ચમચી, કાંટા, પ્રતિ વર્ષ ૫૦ લાખ ટન પ્લાસ્ટિક આપણે સમુદ્રમાં પધરાવીએ છીએ.

જેનાથી કેવળ ગાય કે સમુદ્રી જીવોના જ નહીં, મનુષ્યના અસ્તિત્વ સામે પણ ખતરો ઊભો થઈ ચૂક્યો છે. પ્લાસ્ટિકના કણ-કણ આપણા ખોરાકમાં, લોહીમાં, ગર્ભમાં પ્રવેશી ચૂક્યા છે. બન્ને લેખકો સ્વાતિ દેસાઈ તથા પાર્થ ત્રિવેદીએ આ ભયાનક સત્યને ઉજાગર કર્યું છે. પ્લાસ્ટિક છોડીને back to our roots - મૂળની પોતીકી જીવનશૈલી પર પાછા વળવાની અપીલ કરી છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : પંચસૂત્ર**


**સંપાદક : મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી મહારાજ**

**અંગ્રેજી અનુવાદ : સંગીતાબેન વિપિનભાઈ શાહ**

**પ્રકાશક : જૈન યોગ ફાઉન્ડેશન પ્લોટ નં. ૪૦૫, મધુ એપાર્ટમેન્ટ, જી.આઈ.ડી.સી. કોલોની, ઉમરગામ (વેસ્ટ), જિ. વલસાડ ૩૯૬૧૭૧**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૧, પૃષ્ઠ : ૧૦૦**

**મૂલ્ય : રૂા. ૧૫૦/-**




જૈન ધર્મમાં શ્રુતજ્ઞાનનો અપૂર્વ મહિમા છે. નિરંતર સ્વાધ્યાય કરવાથી, શ્રુતજ્ઞાનની ભક્તિ થકી પરમેશ્વરને

પામવાની અભિલાષા પ્રત્યેક જૈન શ્રાવકોને હોય છે.

પૂ. હરિભદ્રસૂરિજી રચિત અપર મતે પૂ. ચિરંતનાચાર્ય રચિત આ પંચસૂત્ર ગ્રંથનું સચિત્ર પ્રકાશન પ્રેમલ કાપડિયાએ કર્યું હતું. વર્ષોથી આ પંચસૂત્રનો પાઠ કરતા મુનિશ્રી મૃગેન્દ્રવિજયજીએ નવી પેઢી તે ગ્રંથનો આસ્વાદ લઈ શકે તે કાજે તેનો અંગ્રેજી અનુવાદ સંગીતાબેન બિપિનભાઈ શાહ પાસે કરાવ્યો છે.

આમ, પ્રસ્તુત ગ્રંથ પંચસૂત્રના પ્રથમ ભાગના મૂળ પાઠ, ભાવાર્થ તથા અંગ્રેજી અનુવાદ સાથે સચિત્ર પ્રગટ કરવામાં આવ્યો છે.

શુદ્ધિ ધર્મની સંપ્રાપ્તિ માટે ચાર શરણનો સ્વીકાર, દુષ્કૃત્યોની નિંદા અને સૂકૃત્યોની અનુમોદના થકી પરમ સંબોધિની પ્રાપ્તિ થાઓ એ ભાવ સતત ઘૂંટાયો છે.

◆ ◆ ◆

**પુસ્તકનું નામ : પરમનો સ્પર્શ**
**સંપાદક : મલય બાવીશી**
**પ્રકાશક : મલય ગૌતમભાઈ બાવીશી, એ / ૪૦૪, શરણ-૨, આરુષી બંગલોઝ સામે, જીવરાજ મહેતા હોસ્પિટલ રોડ, વાસણા-અમદાવાદ - ૩૮૦ ૦૦૭.**

પરમનો સ્પર્શ પામવાની ઝંખના પ્રત્યેક માનવીને હોય છે. જ્ઞાન, તપ અને ભક્તિના વિવિધ માર્ગે આપણે ઈશ્વરની સંનિધિનો અહેસાસ કરી શકીએ છીએ.

જિનાલયમાં, દેરાસરમાં બિરાજેલી જિનેશ્વર દેવની પ્રતિમાનું દર્શન આપણા કર્મોની નિર્જરા કરે છે. પાપમાંથી આપણને નિવૃત્ત અપાવે છે. બાહ્ય ને અભ્યંતર તપથી આપણે પરિપૂર્ણ થઈએ છીએ. પરમાત્માના વંદન આ ભાવને સમજાવવા માટે લેખકે દર્શન, વંદન, પૂજા અને સેવાની પ્રત્યેક ક્રિયા અને તેનું મહાત્મ્ય સમજાવ્યું છે. ઘંટનાદથી શરૂ કરી વાસ્તુક્ષેપ પૂજા, પક્ષાલ વિધિ, ચંદનપૂજા, અંગપૂજા, પુષ્પપૂજા, દીપક પૂજા, દર્પણ દર્શન, ચામર નૃત્ય, અક્ષત પૂજા, કાઉસગ્ગ, આરતી અને ગુરુવંદના સુધીની ક્રિયાઓનું વિવરણ કર્યું છે. ૨૪ તીર્થંકર તથા સિદ્ધચક્રમાં બિરાજમાન ભગવાનના ગુણોનું વર્ણન પણ કર્યું છે. સમજણ સાથેની ક્રિયા સાર્થક થાય છે એ સમજાવવાનો યત્ન લેખકે કર્યો છે.

◆ ◆ ◆

સંપર્ક : ૯૩૨૪૬ ૮૦૮૦૯

## ભાવ – પ્રતિભાવ

**પ્ર**બુદ્ધ જીવનનાં ફેબ્રુઆરી, ૨૦૨૨ના અંક બાબત – આ અંકમાં તંત્રી લેખ, કુમારપાળભાઈ દેસાઈ, આચાર્ય વિજય શીલચંદ્રસૂરિશ્વરજી મહારાજ અને મુનિશ્રી ત્રૈલોક્યમંડનવિજયજીના લેખોમાં નવા વિચારો, બિનજરૂરી નિયમોની વ્યર્થતા, ધર્મમાં સહજતાનું મહત્ત્વ, ધાર્મિક ક્રિયાકાંડોમાં થતો પૈસાનો વ્યય, જીવનલક્ષી વિચારો વગેરે વાંચીને ખૂબ જ આનંદ થયો.

આ ઉપરાંત રાજા રવિ વર્મા અને વિન્સેન્ટ વાન ગોઘ વિષેના લેખો પ્રબુદ્ધ જીવનને એક નવી સરસ દિશા આપે છે.

છેલ્લાં થોડા પેજ ઉપર અંગ્રેજીમાં લેખો આપવામાં આવે છે તે ઘણું સારું છે.

◆ ◆ ◆

**અતુલભાઈ દોશી**

## જો મારો હોય અંતિમ પત્ર તો...

(અનુસંધાન કવર પાનું ૫૬થી)

અને મધ્યરાત્રિના સમયને શોભાવતો રાગ દરબારી શીખતો કે શીખવતો હોઉં તો મારું જીવન સાર્થક થાય. આશાવરી થાટનો દરબારી જાણે કે મને પ્રાણપ્રિય છે. તેના ગાનની નાજુક ક્ષણોમાં ઈશ્વર લગી પહોંચી ગયાની પવિત્ર કલાકારની અનુભૂતિ હોય છે. પ્રસ્તુત લેખકર્તાને પણ એવી અનુભૂતિ કવચિત્ થયેલી યમન અને યમનકલ્યાણ માટે તો મને એવી લાગણી છે કે મારા મરણોપરાંત મારા બેસણામાં જે વાદ્યસંગીત વાગતું હોય કે ભજન ગવાતું હોય તે યમનકલ્યાણમાં હોય. જેથી મૃતાત્મારૂપે મને આવા સાત્ત્વિક રાગને લીધે મોક્ષની પ્રાપ્તિ થાય. જો કે ડૉ. સુરેશ જોશીનો નિબંધ એવું શીર્ષક દર્શાવે છે કે ''મોક્ષની પણ વાસના'' આ શીર્ષકનો ભાવ ખરેખર વિચારણીય છે. મોક્ષની વાસના ન હોવી ઘટે. ભક્તને વાસના હોતી નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૭૬૯૩૫૫૪


# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
સંપર્ક: ૯૮૧૯૩ ૭૨૯૦૮

## જયભિખ્ખુ જીવનધારા

**સ્વ.** બાલાભાઈ (હુલામણું નામ ભીખાલાલ) દેસાઈ કે જેઓ ''જયભિખ્ખુ'' નામે સાહિત્ય સર્જન કરનાર વિદ્વાન સર્જકના ૨૦૦૮ના શતાબ્દી વર્ષથી સાડા પાંચ વર્ષ પ્રેરક જીવનકથા ''જયભિખ્ખુ જીવનધારા''ના ૬૧ પ્રકરણ દ્વારા પ્રબુદ્ધ જીવનના વિશાળ વાચક વર્ગને પ્રેરણા આપી છે, સાહિત્ય પીરસ્યું છે, જીવન ઘડતર કર્યું છે અને કથારસથી તરબોળ કર્યા છે તેમના સંતાન અને સુપ્રખ્યાત ચિંતક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ. ''ન્યાયતીર્થ'' અને ''તર્કભૂષણ'' જેવી પદવી પ્રાપ્ત કરનાર અને ધૂપસળી જેવું તેમનું જીવન અને શબ્દો છે તેવા 'જયભિખ્ખુ'' સર્વદા ''સ્વ''થી પર જ રહ્યા અને ''સર્વ''ના બની રહેવામાં જ એમણે પોતાનો જીવન આદર્શ માન્યો એટલે જ એમણે સર્વને માટે સાહિત્ય દીક્ષા લીધી અને ૬૧ વર્ષના આયુષ્ય કાળમાં ૪૦ વર્ષ એમણે કલમને ખોળે ધર્યા. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડિસે-૦૮ | જયભિખ્ખુ જીવનધારા-૧ | ઑક્ટો-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૨૧ | જુલાઈ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૧ |
| જાન્યુ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૨ | નવે-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૨૨ | ઑગસ્ટ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૨ |
| ફેબ્રુ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૩ | ડિસે-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૨૩ | ઑક્ટો-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૩ |
| માર્ચ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૪ | જાન્યુ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૪ | નવે-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૪ |
| એપ્રિલ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૫ | ફેબ્રુ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૫ | ડિસે-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૫ |
| મે-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૬ | માર્ચ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૬ | જાન્યુ-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૪૬ |
| જૂન-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૭ | એપ્રિલ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૭ | ફેબ્રુ-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૪૭ |
| જુલાઈ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૮ | મે-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૮ | માર્ચ-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૪૮ |
| ઑગસ્ટ-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૯ | જૂન-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૨૯ | મે-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૪૯ |
| સપ્ટે-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૧૦ | જુલાઈ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૩૦ | જૂન-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૦ |
| ઑક્ટો-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૧૧ | ઑગસ્ટ-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૩૧ | જુલાઈ-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૧ |
| નવે-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૧૨ | ઑક્ટો-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૩૨ | ઑગસ્ટ-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૨ |
| ડિસે-૦૯ | જયભિખ્ખુ જીવનધારા-૧૩ | નવે-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૩૩ | ઑક્ટો-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૩ |
| જાન્યુ-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૪ | ડિસે-૧૧ | જયભિખ્ખુ જીવનધારા-૩૪ | નવે-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૪ |
| ફેબ્રુ-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૫ | જાન્યુ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૩૫ | ડિસે-૧૩ | જયભિખ્ખુ જીવનધારા-૫૫ |
| માર્ચ-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૬ | ફેબ્રુ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૩૬ | જાન્યુ-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૫૬ |
| એપ્રિલ-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૭ | માર્ચ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૩૭ | ફેબ્રુ-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૫૭ |
| મે-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૮ | એપ્રિલ-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૩૮ | માર્ચ-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૫૮ |
| જૂન-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૧૯ | મે-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૩૯ | એપ્રિલ-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૫૯ |
| જુલાઈ-૧૦ | જયભિખ્ખુ જીવનધારા-૨૦ | જૂન-૧૨ | જયભિખ્ખુ જીવનધારા-૪૦ | મે-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૬૦ |
| | | | | જૂન-૧૪ | જયભિખ્ખુ જીવનધારા-૬૧ |



To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2022-24. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2022 - 24 & Published on 16th of Every Month & Posted on 16th & 17th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

**મધુસૂદન વ્યાસ**

ગાંધીજીએ જીવનની અંતિમક્ષણ સુધી સત્ય-અહિંસાનો સાથ નહોતો છોડ્યો. એને મૂલ્યોને પ્રાણાધિક વહાલ તેઓ કરતા. એ રીતે જો મને બીજો જન્મ મળે તો શું કરું? એ બાબત આ મારા જીવનના અંતિમ પત્રમાં અભિવ્યક્ત કરું છું.

જીવનના શાશ્વત મૂલ્યોની રખેવાળી કરવા માટે મને આગામી જન્મમાં કામ કરવાની ઈશ્વર તક આપે એવી પ્રાર્થના કરું છું. મારે જૈન સાધુના જેવું સંસ્કૃતનું ઉચ્ચકક્ષાનું જ્ઞાન મેળવવું છે અને સંયમપૂર્ણ જીવન જીવવું છે. પૂજ્ય શ્રી શીલચંદ્ર વિજયજી મા.સા.ના જેવા સર્વધર્મ સમન્વયના પુરસ્કર્તા બનવું છે. ધર્માંધતાનો નાશ કરવામાં જિંદગાની પૂરી થાય એવી મારી ઇચ્છા છે. પ્રત્યેક જિનાલયની અગરબત્તીની સુગંધ મારી પવિત્રતા વધારે છે.

જીવનમાં જો ઇશુની કરુણા હોય, બુધ્ધની સમ્યક દૃષ્ટિ હોય અને ગાંધીજીની સત્ય-અહિંસા હોય તો જેને બુધ્ધધર્મમાં નિર્વાણ જૈન અને હિન્દુધર્મમાં મોક્ષ કહે છે તેની પ્રાપ્તિ જરૂર થાય છે. એ માટે ઇન્દ્રિયો અને મન તૈયાર હોવું ઘટે. મનોબળ જો મજબૂત હોય તો માણસ પોતાના લક્ષ્ય સુધી પહોંચી જ શકે છે. એક શ્લોકમાં ખૂબ જ સુંદર રીતે એક વિચારને વણી લેવામાં આવ્યો છે. સેવાની ભાવના પ્રગટ કરી છે.

જુઓ –

नत्वहं कामये राज्यं न स्वर्गं न पुनर्भवम् ।
कामये दु:ख तप्तानां प्राणीनां अर्तिनाशनम् ।।

અર્થાત્ –"હું રાજ્યપ્રાપ્તિની કે સ્વર્ગ મેળવવાની કામના નથી રાખતો. દુ:ખથી પીડાયેલા અથવા પીડા પામતા પ્રાણીઓ અર્થાત્ મનુષ્યોના દુ:ખને દૂર કરવાની ( =સેવાની) કામના કરું છું."

એવો ભાવાર્થ વ્યક્ત કર્યા પછી એવું કહેવાનું મન થાય કે ઉપરોક્ત પ્રાર્થના તો કોઈ ડૉક્ટર જ કરી શકે. પરંતુ સાંપ્રતમાં એવા ડૉક્ટરો મળી શકે? ન જાને.

બીજું, क्षमा वीरस्य भूषणम् । અર્થાત્ "વીરતાનું આભૂષણ ક્ષમા છે." અર્થાત્ માફ કરી દેવા એટલે કોઈએ આપણા પર કરેલા અપરાધો કે અન્યાયોને ભૂલી જવું. થયેલા અન્યાયને ભૂલી જવો. તેને ક્ષમાદાન કરવું એ જેવા તેવા માણસનું કામ નથી. પોતાનો અહંકાર છોડીને જ બીજાને માફ કરી શકાય.

જે પોતાનો અહં છોડવા તૈયાર ન હોય તે બીજાને દિલથી માફ નથી કરી શકતો. માટે દિલથી ભૂલી જવું, ક્ષમા કરવી કે અપરાધની જાણ હોવા છતાં ઉદારમન દાખવીને માફ કરવા માટે માણસનું વિશેષ મનોબળ હોય છે. તેના અસ્તિત્વની એવી એક ક્ષણ આવે છે. ત્યારે સામેવાળાના સંજોગો બીજી બાબતોને ધ્યાનમાં રાખીને તેને માફ કરી દેવો એ જ ખરી માનવતા છે.

આમ અન્ય જન્મ જો મને મળે તો બ્રહ્મચારી બનીને ખૂબ જ સેવા સંસ્કૃતમાતાની કરવી છે. કારણ કે સંસ્કૃતના અધ્યાપનથી મનુષ્યની બુધ્ધિ તેજસ્વી બને છે, ઉદાર બને છે અને લાગણીપૂર્ણ હૃદયવાન બને છે તો સાથોસાથ સંગીતપ્રીતિ પણ મનુષ્યને ભાવ-લાગણી પ્રધાન અને ઊર્ધ્વગામી બનાવે છે.

આ લેખના આખરમાં મારી આ અંતિમ ઇચ્છા અભિવ્યક્ત કરું છું કે મારે આવતા જન્મમાં એવા કુટુંબમાં જન્મ લેવો છે કે જેમાં સંસ્કૃતનું અને શાસ્ત્રીય સંગીતનું સેવન થતું હોય. સંસ્કૃતશિક્ષકરૂપે હું કાર્ય કરતો હોઉં અને વિવિધ રાગ-રાગિણીઓ જેવી કે રોહિણી, દુર્ગા અને ભૂપાલી કે હંસધ્વનિના વિવિધ સ્વરાંકનો શીખવતો હોઉં કે શૌર્યપૂર્ણ પુરુષજાતિનો રાગ માલકૌંસ ગાતો હોઉં કે અત્યંત કરુણ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૪)

Postal Authority : If Undelivered Return To Sender At : 105, Roopraj Building, 1st Floor, 497, SVP Raod, Mumbai - 400 004.

**Printed & Published by :** Dr. Sejal M. Shah on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
**Printed at** Arihnat Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 92234 30415
**Editor : Dr. Sejal M. Shah**
Temporary Add.: 105, Roopraj Building, 1st Floor, 497, SVP Road, Mumbai - 400 004.